

# સનાતન સારથિ ગુજરાતી

ઓગષ્ટ-૨૦૨૧

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦.૦૦
છુટક અંક ની કિંમત રૂા. ૧૦.૦૦

## ....તંત્રી સ્થાનેથી

સનાતન સારથિ પરિવારના સૌ વાચકગણ – સૌને જય સાંઈરામ.

વાંચવાનું મહત્વ-જ્ઞાન ઉપાસના એ વિશે ગયા અંકમાં આપણે વિચાર્યું. અને એક સૂચન પણ મૂક્યું. કે સનાતન સારથિ (ગુજરાતી)નો ગ્રાહક વર્ગ ભલે નાનો હોય પરંતુ વાચક વર્ગ શતપ્રતિશત હોવો જોઈએ.

આશા રાખીએ કે જેટલો ગ્રાહક વર્ગ છે તેટલો જ વાચક વર્ગ હશે. (એટલે કે દરેક ગ્રાહક અંક વાંચતો જ હશે).

આજે આપણે એક ડગલું આગળ વધીએ...... વાચક-વર્ગ શતપ્રતિશત થઈ ગયો એમ માનીને આગળનું ડગલું=વિશાળ વાચકવર્ગ. વાચક વર્ગ વિશાળ કેવી રીતે બનાવાય?

સૌથી સહેલો ઉપાય એટલે અંક ફરતો કરી દો. આપણું વાંચન થઈ જાય એટલે આપણા પરિચિતોમાં અંક વાંચવા આપી દેવો અને એમને પણ આજ પ્રકારની વિનંતી કરવી. (એક અપવાદ-જેઓ અંક સંગ્રહ કરતા હોય- વર્ષ પ્રમાણે બાઈન્ડીંગ કરાવી મુકતા હોય તેમને માટે આવું કરવું કદાચ શક્ય ન બને-માન્ય છે).

છાપા પસ્તીમાં આપીએ – અન્ય વગરકામના પેપર્સ-ચોપડી-વિગેરે પસ્તીમાં આપીએ છીએ. પરંતુ સ્વામીનો સનાતન સારથિ અંક પસ્તીમાં આપવાનો આપણો જીવ ન ચાલે તે સ્વાભાવિક છે. તો કરવું શું? બસ અંક ફરતો કરી દેવો. કેવી રીતે?

➡ પરિચિતોમાં અપાય ➡ સમિતિ દ્વારા ચાલતા આરોગ્ય કેન્દ્ર / દવાખાના ખાતે આવનાર દર્દીઓને અપાય ➡ આપણે પોતે કોઈ ડોક્ટર્સ / વકીલ કે અન્ય આવા ઠેકાણે જઈએ તો ત્યાં OPD માં કે Visitors lounge માં પણ આપણો અંક વાંચવા મૂકી દેવાય ➡ બાઈન્ડિંગ કરીને કોઈ લાયબ્રેરીમાં આપી શકાય ➡ સમિતિ ખાતે / કેન્દ્ર ખાતે આ અંકો બાઈન્ડિંગ કરીને સાચવી શકાય અથવા સ્વામી આપણને જે પ્રેરણા આપે તે પ્રમાણે કરી શકાય.

વાચક વર્ગ વધારવો એ પણ એક સેવા જ છે. નિઃશુલ્ક છે. કોઈ ખર્ચો નથી. ગ્રાહક-વર્ગ વધારવા કદાચ ખર્ચો થાય પરંતુ વાચક વર્ગ વધારવા કોઈ જ ખર્ચો નથી.

પ્રયત્ન આપણો-પહેલ આપણી-છેવટે કૃપા તો "એની જ"

બસ એજ, શુભેચ્છા સહ સાંઈરામ

- તંત્રી, સતીશ માધવ બોકીલ
સનાતન સારથિ (ગુજરાતી)

* સૌની માત્ર જાણ માટે- ઘણાએ ભક્તોએ સનાતન સારથિના જુના અંકો સાચવીને રાખ્યા જ હશે. સ્વામીની કૃપાથી મેં પણ ૧૯૭૬ થી સનાતન સારથિના અંકો બાઈન્ડિંગકરીને સાચવીને રાખેલ છે. (કોઈક-કોઈક વર્ષોમાં કોઈક-કોઈક અંક Missing છે). કોઈ પણ ભક્તને તેનો લાભ લેવો હોય તો જરૂર સંપર્ક કરે.

# સનાતન સારથિ

**સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ અને અહિંસા દ્વારા મનુષ્યોના નૈતિક અને આધ્યાત્મિક વિકાસ અર્થે સ્વામીનો સંદેશ પહોંચાડતું સામયિક**

**શ્રી સત્ય સાઇ ટ્રસ્ટ ગુજરાત વતી અને**
**પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ, વડોદરા. ના સહયોગથી**
મુદ્રક, પ્રકાશક અને તંત્રી
**સતીશ એમ. બોકીલ**

**વર્ષ ૨૦૨૧ ■ અંક ૩૩૯/૦૮**

**લવાજમ :**
ભારતમાં વાર્ષિક : રૂા. ૧૦૦
પાંચ વર્ષ માટે : રૂા. ૫૦૦
પરદેશ (વાર્ષિક) : રૂા. ૧,૦૦૦

લવાજમ મનીઓર્ડરથી મોકલો અથવા પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરાના નામનો ચેક/ડ્રાફ્ટ મોકલવો અથવા રકમ ખાતામાં ડાયરેક્ટ જમા કરાવો.
ઓન-લાઇન ટ્રાન્સફર માટેની વિગતઃ
ખાતાનું નામ : **પ્રશાંતિ ચેરીટેબલ ટ્રસ્ટ વડોદરા**
**HDFC Bank**
શાખા : દરબાર ચોકડી, માંજલપુર, વડોદરા.
ખાતા નં. : **50100368052762**
**IFSC Code : HDFC0004819**
ડાયરેક્ટ જમા કરાવ્યા પછી કાર્યાલયને જાણ કરવી

**સનાતન સારથિ કાર્યાલય**
સતીશ એમ. બોકીલ
સાઇ આરોહ, એ-૫, કોમરેડસ્ કોલોની,
સાઇ ચોકડી પાસે, માંજલપુર,
વડોદરા - ૩૯૦ ૦૧૧. ગુજરાત, ભારત

**સંપર્ક માટે :**
બોકીલ - ૯૮૨૪૬૪૯૯૫૩
વિશાલ - ૯૯૨૫૯૨૩૩૦૬
સમય : સવારે અથવા રાત્રે ૯ થી ૧૦
Email : editor.ssguj@gmail.com
contact.ssguj@gmail.com

અંકમાં છપાયેલ લેખોમાં રજૂ કરાયેલ વિચારો અને મંતવ્યો એ, જે તે લેખકોના પોતાના છે. તે માટે તંત્રી/પ્રકાશક કોઇ પણ રીતે જવાબદાર નથી.
– તંત્રી : સતીશ એમ. બોકીલ

**સનાતન સારથિ દરમાસની ૨૦મી તારીખે રવાના કરાય છે આપને અંક ન મળે તો પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી.**



મનને શુદ્ધ પ્રેમરૂપી અમૃતથી ભરી દેવું જોઈએ, નહીં કે દુન્યવી વૈષયિક ઈચ્છાઓથી ભરવું. આમ કરો તો જ તમે સાચો આનંદ અનુભવી શકશો.

દરેક વ્યક્તિએ એ સમજવાનો પ્રયાસ કરવો જોઈએ કે તેણે કઈ રીતે પોતાની જાતને સુધારવાની છે અને પોતાનામાં બદલાવ લાવવાનો છે, અને આ દુનિયામાં તેણે શું (લક્ષ્ય) સાધવાનું છે.

આ જાણ્યા પછી તેણે તે પ્રકારનું આચરણ કરવાનું છે. તો જ તે સાચી માનવતા સ્પષ્ટપણે અનુભવી શકશે.

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

પા.નં. **અનુક્રમણિકા...**

| પા.નં. | લેખ |
|---|---|
| ૪ | **એક માત્ર લક્ષ્ય છે ભગવાન** – અવતાર વાણી |
| ૬ | **ધૃતરાષ્ટ્રનું પરિવર્તન અને કૃષ્ણનું સ્વર્ગારોહણ** – ભાગવત વાહિની પ્રકરણ-૮ અને ૯ |
| ૧૨ | **ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો** – ડૉ. ગૌતેતી સરસ્વતી |
| ૧૫ | **શ્રી સત્ય સાઈબાબા હંમેશા આપણી અંદર જ વસેલા છે** – ડૉ. વી. બાલા મોહનદાસ |
| ૧૯ | **મારા જીવનમાં સ્વામી** – વી. જાનકી રામ પાઇ |
| ૨૨ | **દિવ્ય માલિકની જોડે મંત્રમુગ્ધ કરી દેનારી ક્ષણો** – રાની સુબ્રમણિયન |
| ૨૯ | **શ્રી કૃષ્ણનું જીવન અને સંદેશ** – ભગવાનનો કૃષ્ણ જન્માષ્ટમી નો સંદેશ |
| ૩૪ | **રેતી પર એક સમીસાંજ** – અવતાર વાણી |

Official Websites:
1 Sri Sathya Sai Sadhna Trust (Publication Division): https://www.srisathyasaipublications.com
2 Sri Sathya Sai Sai Seva Organisations, India: https://www.sssoindia.org
3 Sri Sathya Sai Sai Seva Organisations, Gujarat: https://www.ssssogu.org
4 Sri Sathya Sai Balvikas: https://www.sssbalvikas.in

અવતાર વાણી

# એક માત્ર લક્ષ્ય છે ભગવાન

## ભગવાન માટેની તીવ્ર ઝંખના જ સાચી ભક્તિ

દિવ્ય પ્રેમસ્વરૂપો!

પ્રખર વૈદિક ઉક્તિ 'તત્વમસિ' (તે તું છે) માં નિર્દિષ્ટ સનાતન વિશુદ્ધ સત્યને પ્રતિપાદિત કરે તે ભક્તિ છે. મતલબ કે ભક્ત અને ભગવાન એક જ છે. પરંતુ, મનુષ્ય આ સત્યને વિસરી જાય છે અને અનેક રોગો અને દુઃખોનો ભોગ બની જાય છે. મનુષ્ય ત્રણ પ્રકારના દુઃખો ભોગવે છે: આધિભૌતિક એટલે લૌકિક જગત સાથેની મનુષ્યની આસક્તિથી ઉદભવતા રોગો. આધિદૈવિક એટલે ભૂકંપો અને પૂર જેવી કુદરતી આપત્તિઓ તથા કોલેરા અને પ્લેગ જેવા રોગચાળાથી ઉદભવતા રોગો. અધ્યાત્મિક એ ખોટા આહાર અને બૂરી આદતોમાંથી પરિણમતા રોગોનો સંદર્ભ આપે છે.

**લૌકિક એષણાઓ જન્માવે છે દુઃખ.**

મનને સંલગ્નિત રોગો આજકાલ જગતમાં વધુ પ્રમાણમાં વ્યાપેલા છે કેમ કે મનુષ્યને ઘણા પ્રકારની ચિંતાઓ છે. તેની ચિંતાઓનું કારણ છે દુન્યવી લોકો સાથેનો સંગ અને ભૌતિક વસ્તુઓ પ્રત્યેની આસક્તિ. તેને પત્ની-સંતાનો અને મિલકત-સંપત્તિમાં લગાવ છે. આ બધી આસક્તિઓ તેનાં મનને નબળું બનાવે છે, એટલું જ નહીં, માનસિક રોગો ઊભા કરે છે. આજે મનુષ્ય ચિંતાઓથી ઘેરાયેલો છે જેને તે તુરંત હૃદયમાં લઈ લે છે અને પરિણામે તેને ભોગવવું પડે છે. આ બધામાંથી તે માત્ર ભગવાનની ભક્તિથી જ રાહત મેળવી શકે છે જે આખરે તેને મોક્ષ પ્રતિ દોરી જાય છે. તેથી, મનુષ્યે આસક્તિઓથી પર થવાનું છે અને ભક્તિ વિકસાવવાની છે. દુન્યવી આસક્તિઓ હંગામી સુખ જ આપી શકે છે. પરંતુ, તે વિચાર કરવામાં છેતરાઈ જાય છે કે દુન્યવી આસક્તિઓ તેને કાયમી સુખ આપશે. તેની તમામ ઈચ્છાઓ, તેના માનસિક દુઃખોનું કારણ છે. તેની તમામ ભૌતિક આસક્તિઓ અને દુન્યવી સંબંધો હકીકતમાં તો તેના બંધનનું કારણ છે. ક્યાં લગી સંપત્તિ અને દુન્યવી સંબંધો ટકશે? ભગવાન માટેની તીવ્ર ઝંખના હોવી એ જ સાચી ભક્તિ છે. સંપત્તિ અને પત્ની કાયમી નથી. પૈસો આવે છે અને જાય છે, માટે લૌકિક વસ્તુઓ અને વ્યક્તિઓ ઉપર ધ્યાન રાખશો નહીં- માત્ર ભગવાન ઉપર જ ધ્યાન રાખો.

**વિશુદ્ધ મનનો કર્મો સાથે સંયોગ કરવો એ ધર્મ.**

તમે તમારી પત્ની અને સંતાનો સાથે જોડાયેલા છો. તમારી પત્ની અને સંતાનો તમારી સાથે જન્મ્યાં નહોતાં. તે બધાં, તમારાં જીવનની વચ્ચે ક્યાંક આવ્યાં હતાં. તે બધાં તમારી આખી જિંદગીમાં સાથે રહેવાના નથી. તે જ પ્રમાણે, ધન-દોલત-તમે એકત્રિત કરો છો તે બધું હંમેશને માટે તમારી સાથે રહેવાનું નથી, પરંતુ ભગવાન સદૈવ તમારી સાથે છે. ભગવાન તમારા જન્મ પૂર્વે હતા, જીવન દરમિયાન પણ રહેશે અને તમારા મૃત્યુ પછી પણ રહેશે. તેથી, તમારાં જીવન પહેલાં, દરમ્યાન અને પછી વિદ્યમાન રહેનારા ભગવાન એજ સત્ય છે અને એજ તમારું માત્ર લક્ષ્ય છે. આ વલણ સાથે જીવન જીવવું એ ભક્તિ છે. ભગવાન સાથેનો તમારો સંબંધ જ સાચો સંબંધ છે; અન્ય તમામ સંબંધો મિથ્યા છે. દરેક વસ્તુ ભગવાનને સમર્પણ કરો. પ્રેમ દ્વારા પ્રત્યેક કર્મને ધર્મમાં પરિવર્તિત કરવા માટે આ દેહ બક્ષિસ કરવામાં આવ્યો છે. કર્મ-શરીરના હાથ અને અન્ય અવયવો દ્વારા થાય છે. જ્યારે તમે તમારાં કર્મો પ્રેમથી કરો છો ત્યારે તમારાં કર્મો ધાર્મિક અને દિવ્ય બની જાય છે.

એક કારમાં એંજિન, ઈંધણ-ટાંકી, બેટરી, વગેરે, હોય છે, પણ તે ચાલે છે બેટરીને કારણે. તેવી જ રીતે, માનવ શરીર કાન, આંખ, હાથ, વગેરે, જેવા ઘણાં અવયવો ધરાવતું એક યંત્ર(મશીન) છે, પરંતુ તે બધાં જ મનને કારણે કામગીરી કરે છે. માનવ શરીરનાં પ્રત્યેક અંગે વિશિષ્ટ કર્મ કરવાનું હોય છે. આંખો ફક્ત જુએ છે, તે સાંભળી શકતી નથી; કાનો ફક્ત સાંભળે છે, તેઓ જોઈ શકતા નથી. વેદાંત મુજબ, મન જ દુનિયાના તમામ અનુભવોનું કારણ

છે. ઉદાહરણ તરીકે, તમે હાલમાં ઓડિટોરિયમ (સભાગૃહ)માં સ્વામીનાં પ્રવચનનું શ્રવણ કરી રહ્યા છો-પણ જો તમારા કાનો અને આંખો જ અહીંયાં હોય અને મન અન્ય કશેક હોય, તો પ્રવચનમાંથી તમે કશો લાભ પ્રાપ્ત કરી શકશો નહીં. જ્યારે તમારું તન જ હાજર હોય અને મન ગેરહાજર હોય તો સ્વામીએ પ્રવચનમાં શું કહ્યું તે જાણી શકશો નહીં. વિશુદ્ધ-અત્યંત પવિત્ર-મનનો કર્મો સાથે સંયોગ કરવો એ જ ધર્મ છે.

મનુષ્યને તેનાં શરીરની શક્તિ માટે ખોરાક અને રક્ષણ માટે કપડાંની જરૂર છે. મનુષ્ય ભુક્તિ (ખોરાક) માંથી શક્તિ મેળવે છે. તે મુક્તિ ભક્તિ મારફતે પ્રાપ્ત કરે છે. પણ તેને માટે મનુષ્યે રક્તિ (આસક્તિ) છોડીને વિરક્તિ (અનાસક્તિ) કેળવવાની છે. ભક્તિ (Bhakti) શબ્દમાં 'ભ' (bha) અક્ષર તેજ, પ્રકાશ, સર્વોત્કૃષ્ટતાનો નિર્દેશ કરે છે. ભક્તિ શબ્દમાં પ્રથમ પદ ભ' (bha) અને છેલ્લું પદ 'ઈતિ' (iti) છે. તે એવો અર્થ સૂચવે છે કે ભક્તિ એ સર્વે શક્તિઓનો સ્રોત છે. પરંતુ, ભક્તિ વિશુદ્ધ, અચલ અને નિ:સ્વાર્થ હોવી જોઈએ. તેથી, મનુષ્યે તેનાં હૃદયને હંમેશાં શુદ્ધ અને પવિત્ર રાખવું જોઈએ. તો જ તે પવિત્રતા, દૈદીપ્યતા અને નિ:સ્વાર્થતાના સ્વરૂપ એવા ભગવાનને પ્રાપ્ત કરી શકશે.

**<u>મનુષ્યે માત્ર ભલમનસાઈ અને વિશુદ્ધતા દર્શાવવી જોઈએ.</u>**

અન્યના દોષો જોવા જોઈએ નહીં. એક નાનો દાખલો લઈએ. એક વખત એક જાપાનીઝ મહિલા ટોક્યોથી ક્યોટો ટ્રેનમાં મુસાફરી કરી રહી હતી. તેની પાસે ગંદા કપડાંને સ્વચ્છ કપડાંથી બાંધેલું એક પોટલું હતું. તેની બાજુમાં બેઠેલા એક વ્યક્તિએ તેને પૂછ્યું, " શા માટે તમે સ્વચ્છ કપડું બહાર અને તમામ ગંદા કપડાં પોટલાની અંદર મૂક્યા છે?" મહિલાએ ઉત્તર આપ્યો, "કોઈને પણ ગંદા કપડાં બતાવવાનો મને કશો અધિકાર નથી. માનવ જીવનનો ખરો અર્થ ભલમનસાઈ-સારાપણું-અને વિશુદ્ધતા બતાવવાનો છે." માનવ શરીરમાં નસ, હાડકાં, રક્ત અને પેશાબ, વગેરે, છે. જો લોકો એને જોશે તો તેમનામાં ભય-ડર અને ઉબકાંની લાગણી ઉદભવશે. તેથી, ભગવાને આ અંગોને સુંદર અને આકર્ષક ત્વચાથી ઢાંકી દીધાં છે. તે જ પ્રમાણે, મનુષ્યે તેનામાં રહેલા અનિષ્ટો અને ગંદી વસ્તુઓ બતાવવાની નથી. તેને બદલે, તેનામાં રહેલી ખરાબ વસ્તુઓને વિશુદ્ધ કરવાની છે અને પવિત્રતા, વિશુદ્ધતા અને સારાપણું જાળવવાનું છે. આનો શ્રેષ્ઠ દાખલો ભગવાન શિવની વાર્તામાં છે જેમાં દેવો અને દાનવોએ સમુદ્રમંથન કર્યું ત્યારે તેમાંથી ઉત્પન્ન થયેલું જીવલેણ ઝેર શિવજી ગટગટાવી ગયા હતા. એ રીતે તેમણે બ્રહ્માંડને વિનાશમાંથી ઉગારી લીધું હતું. આ બોધપાઠ ભગવાન માનવીને શીખવે છે, " અરે ! પાગલ મનુષ્ય, જો તારામાં કશું ખરાબ અને નુકસાનકારક હોય તો તેને તારામાં જ રહેવા દેજે અને તારા કર્મ તથા વાણીથી અન્યોને નુકસાન પહોંચાડીશ નહીં." ભગવાન શિવજી તેમના ભાલમાં ચંદ્ર ધારણ કરે છે કેમ કે તેનાથી સર્વે માનવજાતિને શાતા અને સાનુકૂળતા મળી રહે. કરુણામય શિવજી ગંગાનદીનું પવિત્ર જળ બધાને પહોંચાડે છે. આનાથી ફલિત થાય છે કે જે કંઈ નુકસાનકારક છે તે ભગવાન પોતાની પાસે રાખે છે અને તમામને લાભકર્તા હોય તેવું આપવાનું શીખવવા જે કંઈ સારું છે તે અન્યોને આપે છે.

જન્મ સમયે શિશુ રુદન કરે છે જેનાથી તેના શરીરમાં રક્તનું પરિભ્રમણ થાય છે. જો કે, મનુષ્ય તેના જીવનનો પ્રારંભ રુદનથી કરે છે છતાં તેણે તેનો અંત તો આનંદમાં જ લાવવાનો છે. ભગવદ્ ગીતાની શરૂઆત વિષાદથી થાય છે પણ અંત દિવ્યાનંદથી થાય છે. વિશ્વમાં જીવનમાં સારું અને નરસું બંને છે. જે સારું છે તેમાં જ અન્યોને સહભાગી બનાવો. પરંતુ, દુર્ભાગ્યે, મનુષ્ય આજે તેનાથી બિલકુલ વિપરીત વર્તન કરે છે. મનુષ્ય પોતાના દોષોને જોતો નથી અને તેને દૂર કરવાના પ્રયાસો કરવાને બદલે બીજામાં જ દોષો જોતો હોય છે. જો આપણે આત્મ-નિરીક્ષણ મારફતે આપણાં દોષોને કાઢી નાખીશું તો આપણે આધ્યાત્મિક પ્રગતિને પંથે આગેકૂચ કરી શકીશું. (વધુ આવતા અંકે......)

**- તા. ૧૦મી એપ્રિલ ૧૯૯૬ના રોજ સાઈશ્રુતિ, કોડાઈકેનાલ ખાતે ભગવાનનું દિવ્ય પ્રવચન**

## ભાગવત વાહિની પ્રકરણ-૮ અને ૯

# ધૃતરાષ્ટ્રનું પરિવર્તન અને કૃષ્ણનું સ્વર્ગારોહણ

વિદુરની સાથે ધૃતરાષ્ટ્ર અને ગાંધારી વનમાં પહોંચ્યા. તેઓ તપશ્ચર્યા કરી શકે એવી જગ્યા વિદુરજીએ શોધી કાઢી. વિદુરજીએ તેમને, આત્મસાક્ષાત્કાર પ્રાપ્ત કરવા માટેના સારામાં સારા માર્ગો બતાવ્યા. પાવન વાતાવરણમાં અને પવિત્ર વિચારો/સત્સંગમાં તેમણે ઘણા દિવસો પસાર કર્યા.

આ બાજુ, હસ્તિનાપુરમાં, સૂર્યોદય થતા જ, ધર્મરાજા જાગી ગયા, અને સ્નાનાદિ વિધિ પતાવીને ઘરમાં અગ્નિહોત્ર કરીને અગ્નિની પૂજા કરી. હંમેશની મુજબ, જરૂરતમંદોને રોજ અપાતી ભેટ-ચીજો દાનમાં આપી. ત્યાર પછી તે પગે ચાલીને જ, ધૃતરાષ્ટ્રના નિવાસે ગયા. આ તેમની રોજની ટેવ હતી કે તેમના કાકા (પિતાના મોટા ભાઈ) ની ચરણ રજ માથે ચડાવ્યા વગર તેઓ રોજનું કાર્ય શરૂ કરતા નહીં. તેમણે ત્યાં જઈને જોયુ, રાજા અને રાણી તો ત્યાં નહતા. આથી, તેઓ આવે ત્યાં સુધી રાહ જોતા બેસી રહ્યા, આજુ બાજુ શોધ ખોળ કરી અને તો યે ન મળ્યા-તેમ છતાં આતુરતાપૂર્વક રાહ જોઈને બેસી રહ્યા. પથારી કે ઓશીકાનો વપરાશ થયો હોય તેવી કોઈ નિશાનીઓ ધૃતરાષ્ટ્રને જોવા ન મળી. રોજનું રાચરચીલું જેમનું તેમ જ હતું. તેમને મનમાં આશંકા ઉપજી કે કદાચ વપરાશ બાદ કોઈએ સમુસુથરું કરી દીધુ હશે પરંતુ ના એવુ તો શક્ય જ નહોતું. હવે તેમને મનમાં ડર ઉભો થયો કે કદાચ તેઓ ક્યાંક જતા રહ્યા હોય. આથી, તેઓ તરત જ વિદુરજીના કક્ષ તરફ દોડી ગયા; જોયું તો તેઓ પણ ત્યાં નહોતા. તેમની પથારી પણ એવી ને એવી જ હતી.

સેવકોએ એવું જણાવ્યું કે સંત (વિદુરજી) તો રાજા અને રાણીને મળવા ગયા પછી પાછા આવ્યા જ નથી. ધર્મરાજાને આ સાંભળી ધ્રાસકો પડ્યો. તે પાછા મહેલમાં ગયા અને દરેક ઓરડામાં ધ્યાન દઇને શોધખોળ કરી પરંતુ હવે માત્ર, તેમના ભય ઉપજાવનારા વિચારોને પાકુ સમર્થન મળ્યું. તેઓને નિરાશા ઘેરી વળી અને તેમના હાથ-પગ ધ્રુજવા લાગ્યા. જીહ્વા શુષ્ક થઇ ગઇ. તેઓ કાંઈ બોલી શક્વાની સ્થિતિમાંય નહોતા. તેઓ જમીન પર અચાનક ઢળી પડ્યા, જાણે કે જીવ હીન સ્થિતિ થઇ હોય. તેઓ જરીક સ્વસ્થ થતાં જ બડબડવા લાગ્યા. તેમણે વિદુરજીને હાંક મારી. હવે આજુબાજુના સેવકોને તેમની ભવિષ્યમાં શું હાલત થશે તેનો ડર પજવવા લાગ્યો. દરેક જણ એમની તરફ દોડી આવ્યા અને સંકટની આશંકા સાથે પૂછ્યું, "શું થયું મહારાજ?." બધા તેમની આજુબાજુ ગોળાકારમાં ઉભા રહી ગયા અને હવે શું હુકમ થાય છે તેની રાહ જોવા લાગ્યા.

એટલામાં, અચાનક સંજય ત્યાં પહોંચ્યા. ધર્મરાજા ઉભા થયા અને તેમના બન્ને હાથ હાથમાં લઇને બોલ્યા, "મારા મા-બાપ ક્યાંક ચાલ્યા ગયા છે. અરે તેમના આવાસો ખાલી છે તેઓ આવું શા માટે વર્ત્યા? શું તેમણે તમને કાંઈ કહ્યું છે, તો મને કહો. તેઓ ક્યાં ગયા છે તેની મને ખબર પડે તો તેમના ચરણે પડીને મારાથી થયેલ બધી ભુલોને માફ કરવા વિનવણી કરું. મને જલ્દી કહો સંજય, ક્યાં ગયા છે તે લોકો." જો કે એમને પણ આ બાબતે કાંઇજ ખબર નહોતી. એ એટલું જ જાણતા હતા કે આ આખી ઘટના પાછળ વિદુરજી જ હોવા જોઈએ. સંજય પણ રડી પડયા અને ધર્મરાજાના હાથ પોતાના હાથમાં લઇને કાંપતા અવાજે બોલ્યા,"મારા સ્વામી-મારા માલિક, મારી પર વિશ્વાસ કરો. હું સાચુ કહું છું. જો કે, ધૃતરાષ્ટ્ર મારી સાથે પરામર્શ કરતા અને નાની બાબતો પણ કેમ ન હોય, મને પૂછતા, મારા સૂચનો શું છે તે સાંભળતા, પરંતુ આ બાબતે મને જણાવ્યા વગર અને મારી સાથે ચર્ચા-વિચારણા કર્યા વગર જ તેમણે આ પગલું ભર્યું છે. એમના આ કૃત્યથી હું પણ ડઘાઈ

ગયો છું. ભલે હું તેમની નજીક રહેતો હતો, તેમ છતાયે તેમના આ પ્રયાણ વિશે હું જરીકે જાણતો નથી. હું કલ્પના પણ નથી કરી શકતો કે તેમણે આવું કેમ કર્યું. મેં સ્વપ્નમાં પણ નહોતુ વિચાર્યું કે તેઓ મને આ રીતે થાપ આપીને નિરાશ કરશે. તેમને મારા પ્રત્યે આદર પણ હતો અને મારામાં વિશ્વાસ પણ હતો. પણ તેમણે મને તે જુઠો ઠેરવ્યો. હું માત્ર એટલું જ કહી શકું કે આ મારૂ દુર્ભાગ્ય છે?" સંજય તો બાળકની જેમ રોવા લાગ્યા.

ધર્મરાજાએ તેમને સાંત્વના આપી અને કહ્યું કે "વાસ્તવમાં તો આ જે થયું તે તેમના પોતાના કરેલા પાપોને લીધે થયું છે નહી કે સંજયના લીધે." બોલ્યા, "આને લીધે, અમે કેટલા દુર્ભાગી છીએ તેનું પ્રમાણ ખ્યાલ આવે છે.અમે નાના હતા ત્યારે અમારા પિતા અમને છોડી ગયા. પછી કાકાએ જ અમને ઉછેર્યા. અમે તો તેમને પિતા અને કાકા એમ બન્ને રીતે માન આપતા હતા અને કાળજી લેતા હતા. અજાણતામાં મારાથી કોઈ ભૂલ થઇ ગઇ હોવી જોઇએ. તો યે હું હંમેશા સતર્ક હતો. તેમના સો પૂત્રો ગુમાવવાની વેદનાની આગમાં બન્ને જણા-કાકા અને કાકી-શેકાતા હતા. તેમને જરીક શાતા વળે તે માટે હું પ્રયત્નશીલ હતો; અને તેથી હું અને મારા ચારેય ભાઈઓ તેમની મન દઈને સેવા કરતા હતા, કે જેથી તેમને થયેલ જબરદસ્ત ખોટની વેદના તેઓને યાદ પણ ન આવે. તેમની સેવામાં ક્યાંય પણ જરાય કોઇ ઓછપ ન રહે તેની અમે કાળજી રાખતા. તેમના માટેના પ્રેમમાં કે પૂજ્ય ભાવમાં અમુ ક્યાંય પણ ઉણપ નથી આવવા દીધી અને છેવટે, તેમણે આ જગ્યા પણ છોડી દીધી ! આ તે કેવી કરૂણાંતિકા ! આ તે કેવો ફટકો !" એમ કહીને ધર્મરાજાએ નિસાસો નાંખ્યો.

"મારા કાકા અને કાકી બન્ને ઉંમરલાયક હતા, અશક્ત હતા અને અંધ પણ હતા. મને ખબર નથી પડતી, આ જગ્યા છોડવાનું તેમણે કઈ રીતે ગોઠવ્યું હશે. હમણાં તેમને કેટલી બધી તકલીફો પડતી હશે? એકેય સાથીદાર તેમની સાથે નથી. આટલા બધા સેવકો મારી પાસે છે તેનો શો ફાયદો? અત્યાર સુધીમાં તો તેઓએ બન્ને સાથે મળીને ગંગામાં ઝંપલાવ્યું પણ હશે. હું કેટલો દુર્ભાગી છું. આંખની પાપણ જેમ આંખને સાચવે તે રીતે મેં તેમને સાચવ્યા અને છેવટે તેમના આવા દુ:ખદ અંજામ થવા દેવા માટે મેં તેમને જવા દીધા." ધર્મરાજા તેમની છાતી ઉપર પ્રહાર કરતા કરતા, તેમની માનસિક પીડા/વ્યથા રજુ કરતા ગયા.

બીજા ભાઈઓએ ધર્મરાજા વિલાપ કરે છે તેમ જાણ્યું અને રડી રહેલા ધર્મરાજાને મળવા ત્વરાથી દોડતા આવ્યા. માતા કુંતીએ પણ તેમના આ દુ:ખ વિશે પૃચ્છા કરી. માતાએ બારીમાંથી કક્ષમાં જોયું તો તેમને ગાંધારી અને તેમના જેઠ (ધૃતરાષ્ટ્ર) દેખાયા નહીં. આથી તેમણે સંજયને પુછ્યું કે શું થયું છે. સંજય જવાબ નહીં આપી શક્યા. તેઓ માત્ર આંસુ વહાવતા રહ્યા. "તેમની આ ઉંમરે આવી લાચાર સ્થિતિમાં તેઓ ક્યાં જતા રહ્યા? મને કોઈ તો કહો !" એમ કહીને તેઓ રડી પડ્યા. પરંતુ કોઈ જ કશું બોલી શક્યું નહીં. એટલામાં, ધર્મરાજાએ તેમના ભાંડુઓને પોતાની પાસે બોલાવ્યા અને હાવભાવ સાથે ઈશારા કર્યા પરંતુ તેઓ કાંઇ વ્યવસ્થિત રીતે સમજી શક્યા નહીં. એટલે પછી તેઓ હિંમત કરીને ઉભા થયા. સવારના સૂર્યોદયથી બનેલ આખી ઘટનાનો ચિતાર તેમણે તે બધાને આપ્યો. ધર્મરાજાએ ભીમને બધી દિશાઓમાં તેમને શોધવા માટે સેના મોકલવાનો આદેશ આપ્યો અને કહ્યું કે જાઓ તેમને ખોળી કાઢો કારણ કે તેઓ અંધ હોવાથી અને ઉંમરને હિસાબે ઝટપટ ચાલી નહી શક્તા હોઈ, તેઓ હજી દૂર પણ નહીં ગયા હશે અને આટલામાં જ ક્યાંક તેઓ માર્ગ આક્રમિત કરતા હશે.

ભીમ, નકુલ અને સહદેવે તેમના ભાઈના હુકમનું પાલન કર્યું અને બધી દિશાઓમાં ટુકડીઓ મોકલી આપી, તેઓ બધા રસ્તાઓ, ગલીઓ, અને પેટા માર્ગો પણ ખુંદી વળ્યા, કૂવાઓમાં ડોકિયું કર્યું, બધી ટાંકીઓ અને તળાવોમાં શોધખોળ કરી, પરંતુ તે અંધ દંપતિની ભાળ મેળવી શક્યા નહીં. તેઓ ગંગા નદીમાં કદાચ પડી ગયા હોય તેમ માનીને તેમનામાંના કુશળ તરવૈયાઓએ ગંગાના કિનારે

શોધખોળ કરી અને ઊંડા પાણીમાં ડૂબકી લગાવીને પણ ખોજવાનો પ્રયત્ન કર્યો. બધા પ્રયત્નો તેમના નકામા સાબિત થયા. આથી પાંડવ બંધુઓ શોકમાં સરી પડ્યા કારણ કે તેઓ તેમના મહારાજા અને મહારાણીને ભયજન્ય ભાવિથી બચાવી ન શક્યા.

આ તરફ, ધૃતરાષ્ટ્ર અને ગાંધારી, મનને કઠોરતાથી નિગ્રહ કરી નિયત સ્થિતિમાં ઈશ્વરના ધ્યાનમાં આનંદમગ્ન હતાં. આમ જ્યારે તેઓ દિવ્ય ચિંતનમાં ખોવાઇ ગયા હતાં અને પરમ આનંદમાં ગર્ત હતા ત્યારે અચાનક જ જંગલમાં લાગેલી ભીષણ આગની અડફેટમાં તેઓ આવી ગયા અને કાળનો કોળિયો બની ગયા.

વિદુરને પ્રભાસ ક્ષેત્રની પાવન જગ્યામાં પોતાનો દેહ છોડવાની તીવ્ર ઝંખના હતી. આથી તેઓ વનમાં લાગેલી આગથી છટકી ગયા; જો કે, તે દંપતિના એક રીતે જોતા સદભાગ્ય કહેવાય તેવા છુટકારાથી તેઓને સંતોષ થયો હતો. તેઓ યાત્રા કરતા કરતા તેમણે પોતાના નિર્ગમન (મરણ પ્રસ્થાન) માટે જે જગ્યા પસંદ કરી હતી ત્યાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે પોતાનો દેહ કે જે પંચમહાભૂતોથી બનેલ હતો, જે ભૌતિક અને ક્ષણજીવી હતો, તે છોડ્યો.

ધૃતરાષ્ટ્ર અને ગાંધારી-ધર્મરાજાના કાકા અને કાકીના જવાથી ધર્મરાજા વેદનાની લાહ્યમાં શેકાતા હતા, તેમાં વળી એક વધારાના દુઃખનો તબક્કો આવ્યો જે જાણે કે નખની અંદર સોયો ભોંકાતી હોય તેવો હતો. તેમને પોતાના રાજ્યમાં જ્યાં ત્યાં અપશુકનના ચિન્હો દેખાવા લાગ્યા. તેમણે નોંધ્યુ કે તેની આસપાસ થનારી દરેક કૃતિમાં/કાર્યોમાં જુઠાણા, ક્રુરતા અને અન્યાયની મલિનતા છવાયેલી હતી. ડગલે ને પગલે જોવા મળતા આવા વિકારોને કારણે એમની મુંઝવણ વધી ગઈ.

પરિણામે કાંઈ ખબર ન પડે તેવો પરિતાપ તેમને નવેસરથી ઘેરી વળ્યો. એમનું મુખ એક પ્રકારની દહેશતથી ફિક્કુ પડી ગયું. એમના મુખ પર એક પ્રકારની બેચેની અને ઉદ્વેગ સતત જોવા મળતા. આવું જોઈને અને પરિણામે વ્યાકુળ થઇ ગયેલા તેમના ભાંડુઓ-ભીમ, નકુલ અને સહદેવ-ત્રણેય જણા એમના વડિલ બંધુની આવી અપરિચિત ઉદાસિનતાના કારણો શોધવા, તેમની પાસે પહોંચ્યા. હાથ જોડીને તેમણે પૂછ્યું, "આદરણીય મોટાભાઈ, તમારો ચહેરો દિવસે ને દિવસે નિસ્તેજ થતો અમે જોઈ રહ્યા છીએ. પસાર થતા દરેક કલાકે તમે અગમ્ય એવી વેદનાની ગર્તામાં ઊંડા ને ઊંડા ધકેલાતા જાવ છો તમે અડીખમ ઉભા પણ રહી શક્તા નથી, તમને અશક્તિ કેમ આવી છે? અમારામાંથી કોઈએ આપને દુઃખ પહોંચાડ્યું હોય તો કૃપા કરીને અમોને જણાવો. ફરી એવી ભૂલનું પુનરાવર્તન ન થાય તેની અમે તકેદારી રાખીશું. અને અમારી અરજ છે કે અમોને ક્ષમા કરો. તમારી આવી સ્થિતિ માટે આ સિવાયના કોઈ કારણો હોય તો તમારે અમને જણાવવા જ પડશે કે જેથી કરીને અમારા જીવના ભોગે પણ તેને અમે સેટ કરીને તમારા મનનો ભાર હળવો કરીશું. ગમ્મે તેવા મોટા કે શક્તિવાનોને ઠેકાણે પાડવા, તમારી પાસે, અમારા જેવા આજ્ઞાંકિત વીરપુરૂષો છે તો તમારે દુઃખને વધારે લંબાવવું યોગ્ય નથી. અમને કારણો જણાવો અને અમારે શું કરવું તેનો આદેશ આપો." તેઓએ વિનવણી કરી.

ધર્મરાજાએ જવાબ આપ્યો, "વ્હાલા ભાઈઓ, તમને હું શું કહું? હું ચારે તરફ અપશુકનિયાળ દૃશ્યો જોઇ રહ્યો છું. સામાન્ય નાગરિકથી લઇને તે સાધુ-સંતોના આશ્રમો સુધી, જ્યાં મારી નજર પડે છે, ત્યાં અમંગળતા, દુર્ભાગીપણું અને ખુશીનો અભાવ જ જોવા મળે છે. મેં મારી જાત સાથે એવું સમજાવીને કે આ તો મનના વિકૃત તરંગોને પરિણામે છે કહીને સમાધાન કરવાનો પ્રયત્ન કર્યો કે જેથી હું હિંમત અને આત્મવિશ્વાસ કેળવી શકું. મારે, મારા મનમાં ઉભા થયેલા ભયના શિકાર થવું નહોતું. પરંતુ હું સફળ ન થઈ શક્યો. એના એજ દૃશ્યો, સતત નજર સામે આવતા રહેવાને કારણે મારો ડર વધુ મજબૂત થતો ગયો.

સ્થાપિત અને અપેક્ષિત એવા નીતિમૂલ્યો અને

ધર્મની વિરૂદ્ધના કેટલાક દૃશ્યો મેં જોયા અને મારી વિષણ્ણ-શોકકારક સ્થિતિમાં વધારો થયો. મારા સુધી આ વાસ્તવમાં પહોંચ્યું છે એટલું જ નહી પરંતુ રાજ્યના ન્યાયલયમાં પણ જુઠાપણાની, અન્યાય થવાની, અનૈતિક્તાની અને દુષ્કર્મો થયાની ઘણી ફરિયાદો અને અરજીઓ આવી રહી છે; અને આ બાબત મને વધુ દુઃખી કરે છે."

"મેં કેટલીક પરિસ્થિતઓ જોઇ, તે તો બહુજ-નકરી ખરાબ હતી. ગઈ કાલે સાંજે, હું રાજ્યમાં ફેરો ફરવા નિકળ્યો હતો-ત્યારે વળતામાં મેં જોયું કે એક ગાય તેના વાછરડાને ધવડાવવા માટે મનાઈ કરતી હતી ! આતો બહુ વિચિત્ર અને અકુદરતી કહેવાય ને ! મેં જોયું કે કેટલીક મહિલાઓ બજારમાં કોઈ દેખીતા ઉદ્દેશ વગર જ ઊભી હતી, મને એવું લાગ્યું કે મને જોઈને તેઓ કદાચ ઘરની અંદર જતી રહેશે. પરંતુ ના. તેવું બન્યું જ નહીં. તેમને રાજસત્તા પરત્વે કોઈ આદર કે પૂજ્યભાવ હતો જ નહીં. હું જાણે કાંઇ છું જ નહીં તેમ તેઓ વર્તતી હતી. પુરૂષોના જુથની વચ્ચે પણ કોઈ પણ જાતના સંયમ વગર તેઓ બોલબોલ જ કરતી હતી. મેં મારી સગી નજરે આવું બધુ જોયું. મનને ત્રાસ ઉપજાવનારી તેવી જગ્યાએથી હું તો ત્યાંથી આગળ વધ્યો.

રાજભવનની નજીક પહોંચ્યો અને પ્રવેશું, ત્યાં જ મેં એક બ્રાહ્મણને દૂધ અને દહીં વેચતો જોયો. ઘરની બહાર નિકળી દરવાજાને બંધ કરતા કેટલાક લોકોને મેં જોયા અને તેને કોઈ ખોલી ન શકે તે માટે તેઓ તેની ઉપર લોખંડનો ઢેખલો બેસાડતા મેં જોયા (આ ઉલ્લેખ સહજ રીતે જ તાળાની વાત કરે છે જે ધર્મરાજાના રાજ્ય શાસનમાં નવું સવું જ લાગતું હતું કારણ કે તેમના રાજ્યમાં ચોરીનો ઉપદ્રવ હતો જ નહીં) આવો કરૂણાજનક વળાંક લેતી પરિસ્થિતિને કારણે મારૂ મન બહુ જ ચિંતિત છે.

"મેં, આ બધું ભુલવાનો બહુ પ્રયત્ન કર્યો અને તેથી મેં સંધ્યા સમયની ધાર્મિક વિધિઓ શરૂ કરી; અને પવિત્ર અગ્નિમાં આહુતિ આપવાનું શરૂ કર્યું તો શું થયું એ કહું તમને? બહુ પ્રયત્ન કરવા છતાંય અગ્નિ પ્રગટાવી શકાયો નહીં. અરે! આ તે કેવી આપત્તિ? ભાવિમાં આપત્તિજનક થનાર ઉથલપાથલની આગોતરી જાણનો તો આ કોઈ અણસાર હોવાનો મને ભય લાગી રહ્યો છે; જેને બીજી કેટલીક ઘટનાઓ પણ પૂરક બની રહી છે. આ બધાને લીધે, મારા પૂર્વસંકેતોને પુષ્ટિ મળી રહી છે. આ બધાથી ઉપર ઉઠવા હું અશક્તિમાન હોઉ એવું લાગે છે. કદાચ કલિયુગ શરૂ થઈ ગયો છે અથવા શરૂ થવાની તૈયારીમાં છે એવું હું માનુ છું.

"કારણ કે આવી હકીકતો જે બની રહી છે તેને કેવી રીતે સમજવી ! એક પત્નિએ તેના સાથે ઝઘડો કર્યો અને ન્યાયધીશ સામે દલીલ કરવા લાગી કે પતિને એમનેએમ છોડીને તેણીને તેણીના માતા-પિતા પાસે જવાની પરવાનગી આપવામાં આવે. તેના પતિને ત્યજીને, લગ્નવિચ્છેદ કરીને, તેણીની તેના માતા-પિતા પાસે જવાની પરવાનગી માગતી દલીલનો હું શી રીતે સામનો કરૂ? ન્યાયાલયમાં ગઈ કાલે જ એક પત્નીએ આ રીતની અરજી કરી હતી. આવી ધૃણાજનક બાબતને શી રીતે અવગણી શકાય?

"આવી તો કેટલી ઘટનાઓને ગણ્યા કરવી? ગઈ કાલે જ રાજવંશીય તબેલામાં ઘોડાઓએ રડવાનું શરૂ કર્યું, તમે આવું સાંભળ્યું? ઘોડા સાચવનારાઓએ જણાવ્યું હતું કે, તેઓ (ઘોડાઓ) પુષ્કળ પ્રમાણમાં રડે છે. તેમને થયેલા ઊંડા દુઃખના કારણોની તપાસ કરવા સહદેવે પ્રયત્ન કરી જોયો પરંતુ આવું શા માટે થાય છે તે વિશે, તે (સહદેવ) જાણી જ ન શક્યો અને તે પણ આશ્ચર્ય અને ચિંતાથી હબક થઈ ગયો. આ કોઈ સામાન્ય ભય કે નાના દુર્વ્યવહારના નાશનો મુદ્દો નથી પરંતુ ખૂબ મોટા પ્રમાણમાં વિનાશ થવાના સંકેતો છે." ધર્મરાજા જમણા હાથના પંજામાં હડપચી દઈને બેઠા અને ઊંડા વિચારોમાં ખોવાઈ ગયા.

ભીમે માત્ર નિરાશાને ન આવવા દીધી. તે ઉપહાસાત્મક હાસ્ય કરતા બોલ્યા, ''તમે જે ઘટનાઓ વર્ણવી કે જે પ્રસંગો કહ્યા, તે કદાચ બન્યા પણ હશે. હું ના નથી પાડતો. પરંતુ તે બધી

બાબતો, આપણો વિનાશ શી રીતે સર્જે? આપણે બધી આશાઓ કેમ છોડી દેવી? વહીવટી કાર્યવાહી દ્વારા અને યોગ્ય અમલ બજાવણી કરીને આ બધી અનિયમિતતાઓ-વિકૃતિઓ દૂર કરી શકાય તેમ છે. આવી નાની નાની બાબતો, જે આપણે સુધારી શકીએ તેમ છે તે માટે તમે આટલી બધી ચિંતા કરો છો તેનું મને આશ્ચર્ય થાય છે. અથવા તો પછી બીજુ નિકટવર્તી યુદ્ધ ફાટી નિકળશે તેનો તમને ભય છે. સાચુ છેને? અને કદાચ ફરીવાર થનાર યુદ્ધને લીધે થનાર તબાહીનો તમે પરિહાર કરવા આતુર છો. જુઓ, આ સંભવિત ઘટના થવી અશક્ય છે. કારણ આપણા બધા દુશ્મનોનો, તેમના સગા અને સ્નેહીઓ સહિત સંહાર થઈ ગયો છે. માત્ર આપણે પાંચજ બાકી રહ્યા છીએ અને આપણે આપણી વચ્ચે જ મિત્રો કે શત્રુઓને શોધવાના છે. આપણી વચ્ચે દુશ્મનાવટ તો ક્યારેય થવાની જ નથી-સ્વપ્નમાંય નહીં થાય. પછી એવું તે શું છે, જે તમને ઉદ્વેગ કરાવે છે. મને સમજાતું નથી તમે આટલા બધા વ્યથિત કેમ છો? આવી ક્ષુલ્લક બાબતોને તમે મન પર લેશો અને મનની શાંતિ ગુમાવશો તો લોકો તમારી હાંસી ઉડાવશે." ભીમે આવું કહ્યું, અને પોતાની બલિષ્ઠ ગદા જમણા હાથથી ડાબા હાથમાં ફેરવતા ફેરવતા ખૂબ જોરથી મજાકીયું હસ્યા.

આ બાબતે ધર્મરાજાએ જવાબ આપતા કહ્યું, "આ મુદ્દાઓ પરત્વે મારી પાસે, તમારા જેવી જ વિવેકબુદ્ધિ અને વિચક્ષણતા છે. દુશ્મનો આપણને હરાવશે એવો ભય તો મને જરીકે નથી. પોતાના માત્ર એક બાણથી ત્રણેય લોકનો નાશ એકલે હાથે કરી શકે એવા ભીષ્મ, દ્રોણ કે અન્ય મહાપરાક્રમી યોદ્ધાઓને શું આપણે નથી હરાવ્યા? અને મહાભયંકર આફતો મક્કમ મનોબળ સાથે જેમણે ઝીલી લીધી છે તેવા આપણે છીએ-તો આપણને કોણ ઉશ્કેરી શકે? વિપત્તિના સમયમાં આટલી દૃઢતાથી આપણે ઉભા રહ્યા ત્યારે આપણી વચ્ચે વૈષમ્ય આવી જ કેવી રીતે શકે?

કદાચ તમને એવું લાગતું હશે કે મને વ્યક્તિગત રીતે કાંઈક થવા અંગે હું ડરૂં છું. ના, મને કાંઈ પણ થાય તેનાથી હું વિચલિત નથી થતો, કારણ આ શરીર તો પાણીના પરપોટા જેવું છે; પંચતત્વોનું બનેલું શરીર પંચતત્વોમાં વિલીન થવા જાણે કે રાહ જોઈ રહ્યું છે. આ વિસર્જન ક્યારેક તો થવાનું જ છે; આ શરીર ભાંગવાનું જ છે, પડવાનું જ છે, એની રાખ થવાની જ છે, એ માટીમાં ભળી જવાનું જ છે. હું તેની પરવા નથી કરતો.

"મારી ચિંતા એક બાબત પરત્વે જ છે. એની ગંભીરતા છુપાવવાનો કોઈ પણ પ્રયત્ન કર્યા વગર, હું તમને મોકળા મનથી વાત જણાવીશ. સાંભળો. અર્જુન દ્વારકા જવા ઉપડ્યો એ વાતને આજે આશરે સાત મહિના થઈ ગયા. તેમ છતાં, આજ દિન સુધી દ્વારકાના કુશળ-મંગળના કોઈ સમાચાર આપણે સાંભળ્યા નથી. તે દ્વારકા પહોંચ્યો છે તે અંગે તેણે ન તો કોઈ સંદેશ મોકલ્યો કે નથી કોઈ દૂત મોકલ્યો. અલબત, અર્જુનના દ્વારકા પહોંચવાના કે ન પહોંચવા અંગે હું કાંઈ ચિંતા કરતો નથી. હું જાણું છું કે તેની સામે કોઈ શત્રુ નથી ટકી શકવાનો. અને વધુમાં એને કાંઈપણ અજુગતુ થયું હોત તો શ્રી કૃષ્ણ, ચોક્કસપણે આપણને તે અંગે જણાવત, એમાં કોઈ શંકા નથી. આથી, મને ખાતરી છે કે એને લીધે હું ગભરાતો હોય એવું કોઈ કારણ નથી."

"મને કબુલ કરવા દો કે મને ખુદ ભગવાન (શ્રી કૃષ્ણ)ની જ ચિંતા થાય છે. પસાર થતી દરેક ક્ષણે મારી બેચેની વધતી જાય છે. મારું હૃદય અસહ્ય યાતનાઓથી પિડાય છે. શ્રી કૃષ્ણ આ દુનિયા છોડી દેશે અને એમના ચિરંતન નિવાસ સ્થાને પ્રયાણ કરશે એના ભયથી હું વિહ્વળ થઈ ગયો છું. આનાથી મોટું, મારા દુઃખનું બીજુ તો શું કારણ હોઈ શકે"

"જો આ આપત્તિ વાસ્તવમાં-ઉતરે એટલે કે ખરી થાય, તો મારા માલિક/ધણીના જવાથી પ્રાપ્ત થનાર વૈધવ્યને કારણે હું આ ધરા પર રાજ્ય નહીં કરી શકું. કારણ પાંડવોને માટે, એકલા વાસુદેવ જ, મુખ્ય પંચપ્રાણરૂપે છે. જો એ જ જતા રહ્યા હોય, તો આપણે શબ થી વધુ કાંઈ નથી-ચૈત્નય વગરનો દેહ એટલે મૃતશરીર જ ને ! જો ભગવાન આ ધરતી પર

હોય, તો આવી અશુભ નિશાનીઓ દેખા દે નહીં. ભગવાનની ગેરહાજરીને કારણે જ અન્યાય અને દુષ્ટતા આજે મુક્તતાથી કાર્યરત થયા છે. મને તે બાબતે જરાયે શક નથી. મારો અંતરાત્મા આ બાબતે સ્પષ્ટ છે. મને અંદરથી કોઈક કહી રહ્યું છે કે આજ સાચુ છે."

ધર્મરાજાની આવી દૃઢતાભરી વાતો સાંભળ્યા પછી પાંડુબંધુઓ દુઃખની ગર્તામાં સરી પડ્યા. તેઓ હિંમત હારી ગયા. ભીમ જ એક એવા હતા કે જેઓ થોડા સ્વસ્થ થઈને બોલવા સક્ષમ થયા. નિરાશાના ઉછળતા મોજાઓમાં પણ તેમણે હિંમત એકઠી કરી બોલ્યા, "ભાઈ, અર્જુન પાછો આવ્યો નથી કે નથી તેના તરફથી કાંઈ આપણને જાણવા મળ્યું ત્યારે તમારે, સંકટનું આવુ ભયાવહ ચિત્ર ઉભું ન કરવું જોઈએ અને મોટી આપત્તિની કલ્પનામાં ન વહી જવું જોઈએ. અર્જુનની શાંતતા પાછળ કોઈ કારણ હોવું જોઈએ અથવા તો એવું પણ બની શકે કે કૃષ્ણ ભગવાને પોતે તેને આપણને કાંઈક જણાવવા માટે ના પાડી હોય. આપણે રાહ જોઈએ થોડી-મનમાં અકારણ નબળી કલ્પનાના જાળાઓ ન ગુંથીએ; અને એની ઉપર સત્યનું વસ્ત્ર ન ચડાવીએ. મને આવું બોલવાનું એટલે મન થાય છે કે, માણસની ગભરામણ-આવા ભયને આકાર આપ્યા કરે છે."

પરંતુ, ધર્મરાજા આ સ્વીકારવા તૈયાર ન હતા. તેમણે કહ્યું, "તમે ભલે ગમ્મે તે કહો, ગમે તેટલી ચતુરાઈથી દલીલ કરો, પરંતુ મને લાગે છે મેં કરેલી રજૂઆત જ સાચી છે. નહીં તો મને મારા મનમાં આવા વિચારો/તર્ક કેમ આવે? જુઓ તો ખરા, મારો ડાબો ખભો ધ્રુજી (ફરકી) રહ્યો છે; જે વાસ્તવમાં બનેલી ઘટનાને/મારા ભયને પુષ્ટિ આપે છે. તમે જાણો છો કે પુરૂષનો ડાબો ખભો અને સ્ત્રીનો જમણો ખભો જો ધ્રૂજવા (ફરકવા) લાગે તો તે અપશુકનની નિશાની છે. અને હવે આ તો મારા શરીરમાં થયું છે, જે ખરાબ નિશાની છે. મારો માત્ર ખભો જ નહીં-હું આખો ધ્રૂજુ છું, મારૂ મન, મારૂ શરીર, મારી બુદ્ધિ થથરવા લાગી છે. મારી દૃષ્ટિ મંદ થતી જાય છે અને મને ઝાંખુ દેખાવા લાગ્યું છે. આ વિશ્વ, વાલી વગરનું/ધણી વગરનું-જાણે કે અનાથ થઈ ગયું છે એવું હું જોઈ રહ્યો છું. શ્રવણશક્તિ પણ હું ગુમાવી રહ્યો છું. મારા પગ થથરી રહ્યા છે. મારા અંગો જડવત થઈ ગયા છે- અચેતન થઈ ગયા છે, જાણે કે તેમાં કોઈ પ્રાણ જ નથી.

પ્રભુ સિધાવી ગયા છે તેનો આનાથી વધારે શું પુરાવો જોઈએ છે તમને? મારા ભાઈઓ, મારૂં માનો. તમે નહીં માનો તો પણ હકીકત બદલાવાની નથી. મારા પગ નીચેથી જમીન સરકી રહી છે. શું તમને ધરતીમાતાના વ્યથિત હૃદયની દુઃખપૂર્ણ ચીસો સંભળાતી નથી. જળાશયો અને તળાવોના મોજા ઉછળી રહ્યા છે. આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી તેમના ભાગ્ય માટે વિલાપ કરે છે. કારણ તેમના માલિક, તેમને છોડીને જતા રહ્યા છે."

"તમને પાકી ખાતરી કરાવવા માટે હજુ કેટલા પુરાવાઓ જોઈએ છે? રાજ્યના કેટલાક વિસ્તારોમાં લોહીનો વરસાદ પડ્યો હોવાના સમાચાર થોડા દિવસો પૂર્વે જ મળ્યા છે."

આ સાંભળતા જ, નકુલ અને સહદેવ તેમના ભાઈ સામે ઉભા ઉભા જ ચોધાર આંસુઓથી રડવા લાગ્યા. હૃદયમાં ખૂબ દુઃખાવો ઉપડ્યો. મનની પીડા વધવા લાગી. પછી તો તેઓ ઉભા પણ ન

## શ્રીકૃષ્ણ વિશે આટલું જાણો

**યુદ્ધના પ્રારંભ માટે અને ગીતાના બોધ માટે કૃષ્ણે અમાવાસ્યાનો દિવસ શા માટે પસંદ કર્યો ? સામાન્ય રીતે અમાવાસ્યાના દિવસે કોઇ શુભ કર્મ કરવામાં આવતું નથી. પણ કૃષ્ણની આવી દિવ્ય રીતની કોયડા રૂપ રીતરસમો તેમના જીવનના બીજા પ્રસંગોમાં પણ જોવા મળે છે. દા.ત. અષ્ટમીને દિવસે તેમનો જન્મ કૃષ્ણ ઇ.સ. પૂર્વે ૩૨૨૭ ના જુલાઇની ૨૦મી તારીખે સવારે ૩ વાગ્યે જન્મ્યા હતા. મહાભારતનું યુદ્ધ ઇ.સ. પૂર્વે ૩૧૪૧ વર્ષમાં થયું હતું. જ્યારે કૃષ્ણની ઉમ્મર ૮૬ વર્ષની હતી. મહાભારતનું યુદ્ધ થયા પછી આ ૫૧૧૯ વર્ષોમાં ગીતાનો સંદેશ જગતના પ્રત્યેક ખૂણામાં ફેલાઇ ગયો છે.** (વસંત વર્ષા ૧૯૭૯)

# ભગવાન શ્રી સત્ય સાઈબાબા સાથેના મારા અનુભવો

ડૉ. ગોતેતી સરસ્વતી

કોલ્લુરી સોમશેખર શાસ્ત્રીના ગૃહે મુલાકાત લઈને, સ્વામી રાજમહેન્દ્રવરમ્ ગયા. વાહનોને સામાન્ય રીતે સાંજે ૬ પછી નથી છોડવામાં આવતા, પરંતુ તેઓએ સ્વામી માટે તે માર્ગ ખુલ્લો રાખ્યો હતો. હું પહેરેલા કપડે કારમાં બેસી ગઈ. ન તો બ્રશ કર્યું, ન તો સ્નાન કર્યું. કપડા પણ બદલ્યા નહીં. હવે સવારે હું શું કરીશ? સીનુંની જેમ જ એક બીજો છોકરો હતો તેનું નામ વીરી. તે છોકરો બસમાં બેસી બીજે દિવસે વહેલી સવારે ત્યાં આવી પૂગ્યો અને બોલ્યો, "હું બેન માટે કપડા, ટૂથપેસ્ટ અને બ્રશ લાવ્યો છું".

**<u>ખોવાઈ ગયેલી ચેન ની વાર્તા.</u>**

"બેન ! આ બાજુ આવો" છોકરો બોલ્યો. મેં પૂછ્યું, "કેમ ! શું થયું? તેણે પૂછ્યું, "તમે કૃષ્ણની ગળાની ચેઈન (માળા) તમારી સાથે લાવ્યા છો? તમે મારું પૂજાસ્થાન જોયું જ હશે, મારા કૃષ્ણને પણ. કૃષ્ણના ગળામાં એક સોનાની ચેઈન પહેરાવાયેલી હતી. જેમાં ઓમકારનું લોકેટ પણ હતું. અમે ત્યાં આસપાસ ફરતા હતા એટલે મને અચરજ થયું કે કદાચ કોઈકે લીધી હશે. પરંતુ આ બાબતે આમ જાહેરમાં ચર્ચા કરવી ન જોઈએ કારણ છેવટે ત્યાં જે કોઈ વ્યક્તિઓ પધાર્યા હતા તે બધા જાણીતા અગ્રગણ્ય લોકો હતા. આથી, મેં તેને કહ્યું, "હા, હું મારી સાથે લાવી છું". તેણે જવાબ આપ્યો, "હાશ ! ચાલો, હવે નિરાંત થઈ. કારણ કૃષ્ણના ગળામાંથી ચેઈન અચાનક ગુમ થઈ જવાથી ત્યાં ઘણો બધો ઉહાપોહ મચ્યો હતો. સ્વયંસેવકો, તેમના બાળકો, - તે બધા બેનના ઘરે આવ્યા હતા. બધાને બહુ દુઃખ થયું હતું". આથી મેં તેને કહ્યું, "હું મારી સાથે તે ચેઈન લાવી છું. હવે આ વિશે વધુ કંઈ પણ બોલતો નહીં અને કોઈને કહીશ પણ નહીં." બસ વાત ત્યાં જ પૂરી થઈ ગઈ.

ત્યાં, તેમણે કાશીવિશ્વેશ્વરા મંદિરમાં ત્રણ દિવસ સુધી યજ્ઞ કર્યો હતો. સ્વામીએ આ યજ્ઞ શ્રી સત્યમના હાથે કરાવડાવ્યો. ત્યાંથી સ્વામી રાઝોલ જવાના હતા. કદલી ખાતે શ્રી કામાવધાનીના ઘરે પણ જવાના હતા. ત્યાંથી તેઓ રાઝોલ ખાતે સીતારામ બાપુના ઘરે જવાના હતા. ૫ એપ્રિલ ૧૯૬૫નો એ દિવસ હતો. તેમણે અમને કોઈ વાત કરી નહોતી. મારો ભાઈ સવારના પહોરમાં કાર લઇ આવ્યો હતો. સ્વામીએ તેને કહ્યું, "લિંગામૂર્તિ, તમે સવારે આવ્યા છો પણ તમે કોઈકને તેના ટોન્સિલના ઓપરેશન માટે બોલાવ્યો છે, તે પેશન્ટ આવી ગયો છે. તમે જાઓ અને ટોન્સિલ ઓપરેશનનું કામ પૂરું કરો. આવતી કાલે બપોરે ત્યાંથી તમે પાછા આવવા નીકળજો; સવારે ના આવતા". ભાઇએ ઓપરેશન પૂરું કર્યું અને બપોરે કાર લઈને પાછો આવી ગયો. સ્વામીએ અમને કહ્યું, "રાઝોલ જવા માટે હું તમારી કારમાં આવવાનો છું". તેમણે અમને ફરી એક વખત તેવી તક આપી.

તેમણે પછી કહ્યું, "મેં તમને અમલાપુરમ્ માં પણ કંઈ કહ્યું નહીં. અહીં પણ કશું બોલ્યો નથી. આમ ઘણા દિવસો વીતી ગયા છે. આવો, હું તમને કંઈક કહું, તેઓ પલંગ ઉપર બેઠા અને હું અને મારો ભાઈ એમના ચરણોમાં બેઠા. 'એમણે' ઘણા બધા વિષયો બાબતે વાતચીત કરી. મારો ભાઈ ધીમા અવાજે બબડાટ કરતો અને ઇશારાઓ મને કરતો, "બહેન, એમને પૂછો ને" મેં વળતો ઈશારો કર્યો, "શાંતિ રાખ". સ્વામીએ પૂછ્યું, "લિંગામૂર્તિ શું કહે છે બેન?" મેં કહ્યું, "કાંઈ નહિ સ્વામી". થોડા સમયના વિરામ બાદ સ્વામી બોલ્યા, "માનીલો કે કૃષ્ણની ચેઈન જતી રહી છે. શા માટે આટલો હોબાળો કરવો જોઈએ." હવે મારા ભાઈને બોલવાની હિંમત આવી કારણ સ્વામીએ જ આ વિષયને છેડ્યો હતો. ભાઈએ પૂછ્યું, "સ્વામી, એ ચેઈન કોણે લીધી હશે?" "તમારે શા માટે ચિંતા કરવી જોઈએ કે કોણે લીધી"

સ્વામીએ પૂછ્યું, "(ચેઈન) ચેન જે રીતે ગઈ છે તે જ રીતે પાછી આવશે. ચિંતા કરવાની જરૂર જ નથી." આમ, આવી રીતે વાતચીત કરીને 'તેઓએ' પાંચ વાગ્યે વિદાય લીધી.

દોલેશ્વરમ્ જવા અમે નીકળ્યા અને ફરી એક વખત એકમાર્ગી ટ્રાફિક શરૂ થયો. ધીમે ધીમે અમે આગળ વધતા હતા. સ્વામી અમારી કારમાં જ હતા. ગોગીનેની વેંકટેશ્વરા રાવની કાર પણ સાથે હતી જ. બીજી બધી કાર રાઝોલ ખાતે પહોંચી ગઈ હતી. સ્વામી તો અમારી સાથે અમારી કારમાં જ હતા. દોલેશ્વરમ્ પસાર થઇ ગયા પછી અમારે જમણી બાજુ વળવાનું હતું ત્યાંથી પછી ડાબી બાજુનો રસ્તો લેવાનો હતો. લોલા લાકુલુ નામનું ગામ વચ્ચે આવે છે. અમે એને પણ પસાર કરી આગળ વધ્યાં. ઘટાદાર વૃક્ષોની વચ્ચેથી ગાડી જઈ રહી હતી. સ્વામી બોલ્યા, "હા ! તે આવી ગઈ !" મેં તરત જ પૂછ્યું, "શું આવ્યું સ્વામી?" મારા ભાઈએ તરત જ કાર ઉભી રાખી અને સ્વામીને પૂછ્યું, "સ્વામી, શું કૃષ્ણના ગળામાં ચેઈન પાછી આવી ગઈ?" એના મગજમાં તો એ જ ચાલતું હતું ને ! હું તો તે ચેઇન વિશે વિચારતી જ નહોતી. પણ સ્વામી બોલ્યા, "લિંગમૂર્તી ! તમે તો તે વિશે બહુ ચિંતા કરો છો ને ! ભલે ત્યારે, તે હમણાં જ આવી જશે." એમણે હાથ હવામાં લાવ્યો અને ચેઈન પ્રગટ કરી. અમે જેમ જેમ પ્રવાસમાં આગળ વધતા હતા, તેમ તેમ સ્વામી, એ ચેઈનની વાર્તા કહેતા ગયા. અમે પૂછ્યું સ્વામી, "સ્વામી, તેઓએ તે ક્યારે લઈ લીધી?." "તમે લોકો પ્રસાદ અંગે વાતો કરી રહ્યા હતા. લિંગામૂર્તી કારમાં હતા. પાછળના દાદરનું ધ્યાન રાખવાનું તમે કોને સોંપેલું?" એવું તેમણે પૂછ્યું, "હા, ત્યાં કોઈ જ ન હતું. દરેક જણ બીજી બધી જગ્યાએ હતા. કોઈકે પાછળના દરવાજેથી તે લઈ લીધી હતી, એવું દેખાય છે." અમે પૂછ્યું, "તો આ હવે ક્યાંથી આવી?" "ક્યાંયથીયે નહીં-જે વ્યક્તિ આને લઈ ગયો હતો એના ઘરેથી આ પરત આવી છે. તેઓએ કહ્યું. "સ્વામી તમે શું કહેવા ઈચ્છો છો?" સ્વામીએ સમજાવ્યું કે, "તે ચેઈન લઇ ગયો અને નાળિયેરી વનમાં જમીનમાં દાટી દીધી અને તેની ઉપર એક ઈંટ મૂકી દીધી." પછી મારા ભાઈએ જ્યારે પૂછ્યું કે તે કેવી રીતે પાછી મળશે ત્યારે સ્વામી બોલ્યા, "તને જરીકે ધીરજ નથી." સ્વામીએ તેમનો હાથ ગોળાકાર હલાવ્યો અને ચેઈન પ્રગટ કરી અને તેની ઉપર ચોંટેલી ધૂળને ખંખેરવા લાગ્યા. આ પ્રસંગ તેમણે શ્રી અનિલકુમારને વર્ણવ્યો અને કહ્યું, "તેણે આ ચેઈન ખૂબ ઊંડે સુધી દાટીને મૂકી હતી અને આથી મારે મારો આખો હાથ ત્યાં સુધી લઈ જવો પડયો. જુઓ આ રહી ચેઈન." તે (ચેઈન) "તેમણે" મને આપી અને કહ્યું, "હવે આ તમે પહેરી લો. ગળામાંથી ફરી બહાર કાઢશો નહીં. શું કૃષ્ણ ફક્ત તે મૂર્તિમાં જ છે? કે તમારામાં, એનામાં અને બધામાં જ છે. તમે કૃષ્ણ જ છો. પહેરી લો. તે માર્ગે, અમે લોલા લાકુલુ પસાર કર્યું કે "તેમણે" મને ઓમકારનું લોકેટ આપ્યું.

**<u>દૈવી સાનિધ્યનો પરમ આનંદ.</u>**

જ્યારે સ્વામી અમારા ઘરમાં હતા ત્યારે તે અમારામાંના એક જેવા જ થઈ જતા; જ્યારે કોફી પીવાનું મન થાય ત્યારે માંગી લેતા, જ્યારે ના પીવી હોય તો ના કહેતા. તેઓ કેટલો બધો પ્રેમ વરસાવતા હતા કે એને હું શબ્દોમાં નથી વર્ણવી શકતી. અમારા ઘરમાં, સ્વામી, અમારા ખુદ કરતા વધુ મુક્તતાથી /મોકળાશથી વિહરતા હતા. આવી ક્ષણો દરમ્યાન તેમનો પ્રેમ અવર્ણનીય રહેતો.

અમારે કામાવધાનીના ઘરે જવાનું હતું,-અમે જઈ રહ્યા હતા ત્યારે સ્વામી ગીતો, કવિતાઓ ગાતા રહેતા. ખરેખર તે અદભુત અને અનિર્વચનીય અનુંભવ. અમને કામાવધાનીના ઘરનો રસ્તો ખબર ન હતો. રસ્તામાં વચ્ચે મે કોઈક ને પૂછ્યું, "કામાવધાનીનું ઘર ક્યાં આવ્યું?" તરત જ સ્વામી બોલ્યા, "શાંતિ રાખો, તેમનું ઘર ક્યાં આવ્યું તે હું કહીશ, કોઈને પણ ન પૂછશો." મેં કહ્યું, "ભલે સ્વામી-નહીં પૂછું." અમે સીધા કામાવધાનીના ઘરે પહોંચ્યા, ત્યાં થોડો સમય રોકાયા અને પાછા મુખ્ય ધોરીમાર્ગ ઉપર આવી ગયા. પછી અમે ગોગીનેની વેંકટેશ્વર રાવના ઘરે રાત્રે ગયા. અમે નાનપણથી

જ તેમની દાદીને સારી રીતે જાણતા હતા. તે દાદીમાં અમને ખૂબ ચાહતા હતા. દાદીમાં, મને તો તેમની દીકરી તરીકે જ માનતા હતા. તેણીએ કહ્યું, "ચાલો તમે બંને જણા પહેલા જમી લો." આથી અમે જમ્યા. સ્વામીએ દરેકની સાથે વાતો કરી અને રાત્રે જમીને લગભગ ૧૧ કે ૧૨ વાગ્યે અમે તેમનું ઘર છોડ્યું.

વર્ષ ૧૯૬૯માં તો સ્વામી સમગ્ર જિલ્લામાં ફર્યા. તેઓ રોજ ૯ થી ૧૦ ગામડાઓની મુલાકાત લેતા. તેઓ ઘરે પાછા આવે ત્યાં સુધીમાં તો જાણે કે મેકઅપ કર્યો હોય તેમ લાલ રંગની ધૂળથી તેઓ આચ્છાદિત થઈ જતા. ૧૯૬૯માં તેઓ એક આખો દિવસ અને આખી રાત રોકાયા હતા. બીજે દિવસે સવારે, નાસ્તા પછી, તેઓએ બધા ભક્તોને વેદાંત અને તે વિશે વાતો કરી. 'તેમને' કોને ઘરે જવાનું છે તે તેઓ જાતે જ નક્કી કરતા. તે વિસ્તારમાં વિજયસાઈનું ઘર હતું. સ્વામી વહેલા આવશે-૧૯૬૫માં એવું તેઓ વિચારીને બેઠા હતા.

મારા ભાઈએ કહ્યું, "સ્વામી, તમે તેમના ઘરની મુલાકાત લો તે માટે તેઓ પોકારી પોકારીને અરજ કરી રહ્યા છે-તો મહેરબાની કરીને ચાલો ને ત્યાં" સ્વામી ૧૯૬૫માં નહોતા ગયા આથી "તેઓ" ૧૯૬૯માં તેમના ઘરે ગયા. તેમના ઘરમાં તો ખુશી ખુશી થઈ ગઈ. ચાંદીની થાળીમાં કેટલાક કપડા મૂકીને તેઓ સ્વામી માટે બહાર આવ્યા. મને ખબર ના પડી કે સ્વામીએ તે કપડાંને આશીર્વાદિત કર્યા છે કે નહીં. કારણ હું તો કારમાં જ બેઠી હતી. સ્વામીએ મને ત્યાં અંદર આવવાની ના પાડી હતી. તેઓ અંદર જઈને તરત જ પાછા ફરવાના હતા. હવે થયું એવું કે તે લોકોએ તે થાળી મને આપી. મને એવું લાગ્યું કે તે થાળી સ્વામી તરફથી આવી છે એટલે મેંતો લઈ લીધી. થોડીવાર પછી સ્વામી આવ્યા અને મને ઠપકો આપવા લાગ્યા. "શું તમે અહીં આ બધી વસ્તુઓ પડાવી લેવા આવ્યા છો? મેં તમને આ વસ્તુ લેવા માટે કહ્યું હતું? તમે તે બધી કેમ લીધી?" આ એક આકસ્મિક ઉભરો હતો. મે જવાબમાં કહ્યું કે, "મને શું ખબર સ્વામી? કારણ કે તમે એમના ઘરમાં ગયા હતા અને એ લોકો આ લઈ આવ્યા એટલે મને લાગ્યું કે તે બધું તમે જ મોકલાવ્યું છે." "શું તમે એવું વિચારો છો કે હું આવી બધી બાબતો લઉં છું? તમે એ બધી કેમ લીધી?" "તેમણે" પૂછ્યું. મેં કહ્યું "હવેથી હું ક્યારેય નહીં લઉં. મને માફ કરી દો". અને હું મોઢું બંધ કરીને ચૂપચાપ બેસી ગઈ. અમે જમીને પાછા ફર્યા. ચાર વાગે અમે શરૂ કર્યું અને અમે બંદારૂલંકા નામના મકાન આગળ આવી પહોંચ્યા.

એન. રાજુની માતાએ ત્યાં એક નાનકડો મંડપ બંધાવ્યો હતો અને એક નાનકડું સ્ટેજ બનાવ્યું હતું. સ્વામી કારમાંથી નીચે ઉતર્યા અને તેણીને મળવા ગયા. તેણી બોલ્યા, "ભગવાન-મારે ઘેર પધાર્યા છે." મંદિર પાસે એક વૃક્ષ અને એક ઓટલા જેવું પ્લેટફોર્મ હતું. સ્વામીએ ત્યાં નંદલાલાનું ભજન ગાયું અને મને પણ એ વૃક્ષ પાસે ગાવા ઊભી કરી. ત્યાર પછી સ્વામીને ગાન્નવરમ્ જવાનું હતું. ત્યાંના ભક્તો બોલ્યા, "સ્વામી, અમે તમને તકલીફ નહીં આપીએ. અમે રોડ સુધી આવવા માગીએ છીએ." આમ બધા રોડ સુધી આવ્યા. ત્યાં એક ભક્ત અને તેની પત્ની સ્વામીની નજીક આવ્યા. સ્વામી પૂછ્યું, "હાજી, બોલો, તમારે શું જોઈએ છે?" તે ભક્તે કહ્યું, "સ્વામી, મારે એક દીકરો હોય એમ ઈચ્છું છું." સ્વામીએ પૂછ્યું, "તમારે દીકરો જોઈએ છે. વારૂ, જાવ, તમને એક દીકરો થાશે." અને આમ જવાબ આપ્યો. તે પુત્ર સાઈપ્રસાદ થયો. આ રીતે સ્વામી દરેક ઠેકાણે લોકોની ઇચ્છાઓ પૂરી કરતા. અને જેવા ગાન્નવરમ્ ની નહેર પાસે પહોંચ્યા, મેં "તેમને" કહ્યું, સ્વામી, હું પાછી ફરવા માંગુ છું." સ્વામીએ હા પાડી. બાલાજીના કુટુંબે સ્વામીને આવકાર્યા અને ૧૯૬૯ માં રાઝોલ ખાતે તેમને લઈ ગયા. (આવતા અંકે ચાલુ....)

**- લેખિકા વ્યવસાયે સ્ત્રીરોગ નિષ્ણાત અને પાંચ દાયકા કરતાં વધારે સમયથી ભગવાનના ભક્ત હતા.**

# શ્રી સત્ય સાઈબાબા હંમેશા આપણી અંદર જ વસેલા છે

ડૉ. વી. બાલા મોહનદાસ

હું એવો દાવો નથી કરતો કે હું પ્રશાંતિ નિલયમનો નિયમિત મુલાકાતી છું, પરંતુ હું ભગવાન બાબા અને તેમના ઉપદેશોમાં ઉત્કટ શ્રદ્ધા ધરાવનાર છું. ભગવાને જે કાંઈ ઉપદેશો આપ્યા છે તેને હું મારા જીવનમાં અમલમાં મુકવા પ્રયત્ન કરું છું. એમના ઉપદેશાત્મક વિધાનો, કહેવતો, નાની વાર્તાઓ વગેરેનો હું મારા લેકચરોમાં અને બહારગામની મીટીંગોમાં પણ ઉલ્લેખ કરું છું. “હંમેશા મદદરૂપ થાઓ-કદી પણ કોઈને દુભાવશો નહીં ”-ને મેં મારો જીવન મંત્ર બનાવ્યો છે. અમારા ઘરમાં વૈભવી ખુરશી ઉપર બાબાનો ફોટો અમારા પૂજા મંદિરનો એક ભાગ છે. હું મારા સવારના ચાલવાના ક્રમ દરમ્યાન પ્રાર્થનાઓ કરું છું, સત્ય સાઈબાબા સહિત દરેક દેવો અને દેવીઓનું નામ સ્મરણ કરું છું. હું એવું અનુભવી રહ્યો છું કે આ લેખમાં યોગદાન આપવા બાબાના મને વિશેષાધિકૃત આશીર્વાદ મળેલ છે.

**<u>શાળામાંથી ઉઠી ગયેલું માણસ ઉપકુલપતિ બને છે.</u>**

ભગવાન બાબા સાથે સંકળાયેલા અનુભવોની યાદી હું વર્ણવું, તે પહેલાં મારે મારી જાત વિશે ટૂંકમાં ઉલ્લેખ કરવો છે. ગામડાના મધ્યમ વર્ગના કુટુંબમાં મારો જન્મ થયો હતો. આ કુટુંબ આધ્યાત્મિકતાઓમાં માનતું હતું. મારા માતા-પિતા પૈકી કોઈ એકજણ સર્વ શક્તિમાનની નિયમિત પૂજા કરતા. મારા બાળપણથી જ મારા નાનીબા અને મારા પિતાજી દ્વારા કહેવામાં આવતી રામાયણ, મહાભારત, પુરાણો અને વેદોની વાર્તાઓથી હું વાકેફ હતો. મારા પિતાજી ધંધાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય હતા. તેમને સાંસ્કૃતિક સંસ્થાઓ દ્વારા આમંત્રણ આપવામાં આવતું ત્યારે તેમને હરિકથા કહેવાનો ખાસ શોખ હતો. કેટલીકવાર હું પણ એમની સંગાથે જવાને ટેવાયેલો હતો. ત્યારે હું પણ વિવિધ આધ્યાત્મિક વાર્તાઓ સાંભળવાનો આનંદ માણતો હતો. બાળપણમાં દૂરના ગામડામાં રહેવાને કારણે મારું પાંચમા ધોરણ સુધીનું શિક્ષણ સારું નહોતું. પછી મને એક નાના શહેરની શાળામાં દાખલ કરવામાં આવ્યો. ત્યાં મિત્રોની ખરાબ સોબત મને ખરાબ ટેવો તરફ દોરી ગઈ. જેમ કે સિગારેટના ખાલી ખોખા ભેગાં કરવાં, આમલીના ઝાડ ઉપર ચઢીને રમવું, શાળાના નિયમિત વર્ગોમાંથી ગુલ્લી મારવી અમારો ક્રમ બની ગયો. અભ્યાસમાં અનિયમિતતાને કારણે શિક્ષકે મારા પિતાજીને જાણ કરતાં મને છઠ્ઠા ધોરણમાંથી ઉઠાડી લેવામાં આવ્યો. તે દિવસો દરમ્યાન એને “પ્રથમ સ્વરૂપ” કહેવામાં આવતું. ત્યાર પછી મને ઘરકામમાં મદદ કરવા ફરજ પડાઈ, ઢોરો ચારવા મોકલવામાં આવતો અને આ બધાં કામો મારે લગભગ ત્રણ વર્ષ સુધી કરવા પડયાં. પરંતુ મારા મોટાભાઈનો આભાર કે જેમણે મને આંધ્ર મેટ્રિક્યુલેશન માટે ખાસ પ્રકારની તાલીમ હેઠળ મૂક્યો. ત્યાં મને પ્રસંગોપાત વકીલાત કરતા એડવોકેટની સતત દેખરેખ અને માર્ગદર્શન હેઠળ રાખવામાં આવ્યો. તેઓએ મને ફક્ત ૧૧ માસમાં જ પરીક્ષા પાસ કરવામાં ખૂબ મદદ કરી ત્યારબાદ મેં કદી પણ પાછા ફરીને જોયું નહીં. કોલેજમાં અભ્યાસ દરમ્યાન ઉચ્ચતમ નંબર સાથે સુંદર દેખાવ કર્યો. એટલું જ નહીં પોસ્ટ ગ્રેજ્યુએશન સ્તરે રાજ્ય સરકારની મેરીટ સ્કોલરશીપ માં બીજો ક્રમ પણ મેળવ્યો. આંધ્ર યુનિવર્સિટીમાં ૧૯૬૮માં મારો પી. જી. નો અભ્યાસ પૂર્ણ થયાને તરત જ મને શૈક્ષણિક વિભાગમાં આમંત્રણ આપવામાં આવ્યું. મને મારા સદનસીબે મારા જુનીયરોના અને ગ્રેજ્યુએટ કક્ષાએ મારા સહાધ્યાયીઓના શિક્ષક બનવાનું સૌભાગ્ય સાંપડ્યું. સર્વશક્તિમાને મને પી.એચ.ડી.

કરવા આશીર્વાદ આપ્યા અને ઉચ્ચ વૈભવી સ્થાને પહોંચાડયો. જુલાઈ ૧૯૭૮માં જ્યારે હું ૩૧ વર્ષની ઉંમરે જ પ્રોફેસર તરીકે પસંદગી પામ્યો ત્યારે હું ભારતનો સૌથી યુવાન પ્રોફેસર હતો. ભગવાનની મારા માટે બીજી લક્ષ્ય સિદ્ધિ અને આશીર્વાદ એ હતા કે મને ૨૦૦૫માં નાગાર્જુન યુનિવર્સિટીમાં ત્રણ વર્ષ માટે વાઈસ ચાન્સેલર બનાવ્યો. “શાળામાંથી ઉઠાડી મુકાયેલ વિદ્યાર્થી વાઈસ ચાન્સેલર બન્યો....!” ત્યાં મેં મારાથી બનતા બધા જ ઉત્તમ પ્રયત્નો કર્યા અને ભગવાનના સતત આશીર્વાદનો આભાર માન્યો. મુદત પછી નિવૃત્ત હોવા છતાં હું થાક્યો નથી. એ.આઈ.સી.ટી.ઈ. અને યુ.જી.સી. એ મને નિવૃત્તિ બાદ પણ ચાર વર્ષના ગાળા માટે સન્માનિત પ્રોફેસર તરીકે કામ કરવાની તક આપી.

**ભગવાનના પ્રેમ અને સેવાના કાર્યો (મિશન) સાથે મારું જોડાણ.**

શ્રી સત્ય સાઈ બાબા આખી દુનિયાના કરોડો લોકોના આધ્યાત્મિક માર્ગદર્શક રહ્યા છે. રત્નાકરમ્ સત્યનારાયણ રાજુ તરીકે જન્મ લેનારા, એમણે ૧૪ વર્ષની ઉંમરે જાહેર કર્યું હતું કે તેઓ શ્રી શિરડી સાઈબાબાના પુનઃ અવતાર છે. એમણે સમાજસેવા માટે ઘર છોડયું. તેમના અનુયાયીઓ માટે આદર્શ બન્યા. દૂરનાં પુટ્ટપર્થી ગામે એમણે એક નાનકડો આશ્રમ સ્થાપ્યો. જે આજે દુનિયાભરમાં પ્રશાંતિ નિલયમ તરીકે પ્રસિદ્ધિ પામી ચૂક્યો છે. એની ત્રણ પાંખો છે. આધ્યાત્મિકતા, સેવા અને શિક્ષણ. ૧૨૬ દેશોમાં ૧૨૦૦ જેટલાં સત્ય સાઈ સેન્ટરો આવેલા છે. જો કે ભગવાન સદેહે આપણી વચ્ચે નથી, છતાં આપણાં બધા માટે તેઓ માર્ગદર્શક છે. એમના અનુયાયીઓ ૧૭૮ દેશોમાં પથરાયેલા છે. ભગવાને પોતે જ કહ્યું છે: "મારે કર્તવ્ય છે" બધી માનવજાતને પોષવું અને તેમની સંપૂર્ણ જિંદગીને આનંદથી ભરી દેવી "મારી પ્રતિજ્ઞા છે". સીધા માર્ગેથી ભટકાયેલા બધાને ભલાઈના માર્ગે ફરીથી દોરી જવા અને તેમના જીવનને બચાવવું. હું એવા કાર્ય સાથે જોડાયેલો છું કે જેને હું ચાહું છું: જે મૂલ્ય આધારિત શિક્ષણ આપે છે. હું ચાહું છું: ગરીબોની યાતનાઓને દૂર કરવી અને તેમને જે ખૂટે છે તે આપવું. મારી પાસે ગર્વ લેવાનું કારણ છે, કે જેઓ મારી પૂજા કરે છે અને અંતરથી ચાહે છે, તેમને હું બચાવું છું.” એમની વિશાળ રીતભાતમાં જે એમની દીર્ઘદ્રષ્ટિએ આકાર આપ્યો છે, તેના આપણે બધા સાક્ષી બનતા આવ્યા છીએ. દુનિયાભરમાં પ્રખ્યાત એવી સુપરસ્પેશીયાલીટી હોસ્પિટલ કે જે વિશ્વમાં ત્રિસ્તરીય કક્ષાની સારવાર મફતમાં આપે છે, એમની શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓની સંસ્થાઓ મૂલ્ય આધારિત શિક્ષણ આપે છે વિશાળ પીવાના પાણીનો પૂરવઠો પહોંચાડનારા પ્રોજેક્ટો અને અસંખ્ય સેવાકીય પ્રોજેક્ટો એમના દ્વારા અને એમના ભક્તો દ્વારા હાથ ધરાયા છે, તે આપણને એમની માનવ જાત પ્રત્યેની નિઃસ્વાર્થ પ્રેમ અને કરૂણાંના ઉદાહરણો પુરાં પાડે છે. માનવજાતના ઈતિહાસે અવતારની દિવ્યતાના સુવર્ણયુગની નોંધ લીધી છે અને એમના ભક્તોએ એમના પ્રેમ અને સેવાના મિશનને ચાલુ રાખ્યું છે. હવે હું અહીં એમના દિવ્ય પ્રેમ અને આશીર્વાદના જુદા જુદા સમયના અનુભવો રજૂ કરું છું.

બાબા વિશેનો ઉત્તમ પરિચય મને શ્રી આઈ. રંગાનાયકુલુ દ્વારા થયો હતો. જેઓ પ્રખ્યાત એસ.એસ.એન. કોલેજ, નરસારાઓપેટ ના પ્રિન્સિપાલ હતા. ત્યાં મેં મારું પી.યુ.સી. અને બી.કોમ. કર્યું હતું. હું આજે જે કાંઈ છું, હું મારા શિક્ષક અને વહીવટી કારકિર્દીમાં જે કાંઈ સારું કરી શક્યો, તેનું કારણ અભ્યાસ દરમિયાન મારા શિક્ષકો તરફથી મળેલી શિસ્તબદ્ધ સૂચનાઓ અને પ્રિન્સીપાલ શ્રી રંગાનાયકુલુની વિદ્વતા હતી. તેઓએ અમોને બાબાના પ્રેમ અને સેવાના વિચારો વિશે ઘણી બધી મીટીંગોમાં વાતો કરી હતી. બાબાના આ વિચારોને રોપવાનું કામ એમણે ફક્ત મારા મગજમાં જ નહીં, પરંતુ અસંખ્ય વિદ્યાર્થીઓ

અને શિક્ષકોમાં પણ કર્યું હતું. આંધ્ર યુનિવર્સિટીના સિન્ડીકેટ સભ્ય તરીકે તેઓ વારંવાર યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લેતા હતા. અને જ્યારે-જ્યારે તેઓ જતા ત્યારે તેઓ કદી પણ યુનિવર્સિટીમાં ભણેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની મુલાકાત લેવાનું ચુકતા નહોતા. મારા સદનસીબે, મારું પી.જી. પૂરું થયું હોવા છતાં પણ હું ફેકલ્ટી પર જ હતો. મારે ઘણાં પ્રસંગોએ એમને મળવાનું થયું હતું. દરેક મીટીંગોમાં તેઓ વિવિધ રીતે શ્રી સત્ય સાઈ બાબાનો ઉલ્લેખ કરતા હતા. શ્રી રંગાનાયકુલુ, તેમની નિવૃત્તિ બાદ એમના જીવનપર્યંત સુધી બાબાની સેવામાં રહ્યા. એટલું જ નહીં, મૃત્યુ પર્યંત બાબાની પ્રશાંતિ નિલયમની શાળાઓમાં સંવાદદાતા તરીકે અસરકારક ફરજ બજાવતા રહ્યા.

શ્રી સત્યસાઈ બાબાના પ્રથમ દર્શન મેં વ્હાઈટફિલ્ડ બેંગલુરુ ખાતે ૧૯૭૬માં કર્યા. ત્યારે મેં પી.એચ.ડી.ની મૌખિક પરીક્ષા આપી હતી. આ મૌખિક પરીક્ષાની કમિટીમાં મારા સંશોધનના માર્ગદર્શક સુપરવાઈઝર, આંધ્ર યુનિવર્સિટીના પ્રોફેસર કે.વી. સિવય્યા અને મારા શોધ-નિબંધના બહારના ભારતીય પરીક્ષક, પ્રોફેસર ઓ.આર.ક્રિષ્ના સ્વામી, કોમર્સના ડીન, બેંગ્લોર યુનિવર્સિટી હાજર હતા. પ્રોફેસર ક્રિષ્ના સ્વામી પોતે શ્રી સત્યસાઈના પરમ ભક્ત હતા. મૌખિક પરીક્ષાની પ્રશ્નોત્તરી દરમ્યાન એમણે બાબા વિશે ઉલ્લેખ કર્યો અને મને પૂછયું કે સંશોધનના અભ્યાસ સિવાય તમે બાબા વિશે કાંઈ જાણો છો ખરા? મેં શ્રી આઈ. રંગાનાયકુલુ સાથે સંકળાયેલા હોવાનો ઉલ્લેખ કર્યો. મૌખિક પરીક્ષા પૂર્ણ થયા બાદ મારા શિક્ષક, પ્રોફેસર સિવય્યા અને હું વ્હાઈટફિલ્ફ તરફ આગળ વધ્યા, એ જાણીને કે બાબા ત્યાં કેમ્પ કરી રહ્યા છે. અમે ત્યાં બાબાના દર્શન માટે અને સાંભળવા માટે ઉપસ્થિત હજારો લોકોના એક ભાગ બન્યા. તે મારો પ્રથમ પ્રસંગ હતો કે હું એમના પ્રેમ અને સેવાના સંગઠનથી અત્યંત પ્રભાવિત થયો.

આંધ્ર યુનિવર્સિટીમાં હું પ્રોફેસર બન્યા પછી ૧૯૭૮માં શ્રી કૃષ્ણાદેવરાયા યુનિવર્સિટી દ્વારા અધિકૃત મિટિંગ માટે મને આમંત્રણ મળ્યું. ત્યાં એસ.કે.યુ. ના કોમર્સ ડિપાર્ટમેન્ટના એચ.ઓ.ડી. ડૉ. ટી. સુબ્બી રેડ્ડી મળ્યા. તે મારા જુનિયર હતા. એટલું જ નહીં, એમ. કોમ. ના અંતિમ વર્ષમાં મારા વિદ્યાર્થી પણ હતા. તે ઉપરાંત અમે બંને સારા મિત્રો હતા. એમના સૂચનથી હું અને મારા પત્ની વસંથા એક શર્ત પર પુટ્ટપર્થી જવા તૈયાર થયા કે તેમણે અમને બાબાના દર્શન કરાવવા. તે સમયે મને એ વાતનું આશ્ચર્ય થયું કે તેઓ વ્યક્તિગત સત્ય સાઈ માં માનતા નહોતા. જ્યારે એમના પત્નિ અનીલા (પ્રેસિડેન્ટ નીલમ સંજીવ રેડ્ડીના ભત્રીજી) બાબાના પરમ ભક્ત હતાં. એમણે અમને વચન આપ્યું હતું એટલે અમે પુટ્ટપર્થીની મુસાફરી શરૂ કરી. અમે જ્યારે ત્રણે જણાં બાબાના પ્રવચનને સાંભળી રહ્યા હતા, ત્યારે તેઓ (સુબ્બી રેડ્ડી) તેમની કારમાં બેસી રહ્યા. મારા માટે આ બીજો પ્રસંગ હતો કે બાબાને અમે ખૂબ નજીકથી જોઈ શક્યા. એક આશ્ચર્યજનક ચઢાવ વિશે મારે ઉલ્લેખ કરવો છે તે ડૉ. સુબ્બી રેડ્ડીના જીવનમાં બન્યો. ઉપરોક્ત પ્રસંગ પછીના બે વર્ષની અંદર જ રેડ્ડી સત્ય સાઈબાબાના પ્રખર ભક્ત બની ગયા. જયારે અમે એક-બીજા જોડે ફોન પર વાત કરતા, ત્યારે તેમાં પ્રથમ ચર્ચા બાબાના સેવાકીય પ્રોજેક્ટોની જ કરતા હતા.

મારા પી.જી. ના વિદ્યાર્થીઓ-આર કુમાર ભાસ્કર અને પી. સુબ્બારાવ-શ્રી સત્ય સાઈ ઇન્સ્ટિટયૂટ ઓફ હાયર લર્નિંગ ખાતે ફેકલ્ટી તરીકે જોડાયા. સુબ્બારાવ પાછળથી એસ.કે.યુ.માં જોડાયા. જ્યારે કુમાર ભાસ્કરે એમની શૈક્ષણિક ક્ષેત્રની કારકિર્દી નિવૃત્તિ સુધી ચાલુ રાખી. મેં એસ.એસ.એસ.આઈ.એચ.એલ. તરફથી શૈક્ષણિક એસાઈન્મેન્ટો, પેપર સેટિંગ અને એમ.બી.એ.નું

મૂલ્યાંકન લગભગ ૧૫ વર્ષ સુધી કર્યું. અને તે મેં મારી નિવૃત્તિ સુધી ચાલુ રાખ્યું. પ્રોફેસર નાનજુનદૈયાહ, તે સમયના પરીક્ષા વિભાગના કંટ્રોલર હતા, તેઓ અમારી જોડે સીધા જોડાયેલા હતા. હું હંમેશાં આ એસાઈમેન્ટોને અવતાર ભગવાનના આશિર્વાદ સમાન માનતો હતો.

હું ખૂબ નાની વયે પ્રોફેસર બની ગયો હોવાથી દેશની લગભગ ૯૫ કરતાં વધુ યુનિવર્સિટીઓ સાથે શૈક્ષણિક એસાઈન્મેન્ટોની સોંપણી કરવાનો લહાવો મળ્યો હતો. આવા જ એક મદ્રાસ યુનિવર્સિટીના એસાઈન્મેન્ટ સમયે હું ડૉ. કે. હનુમન્થપ્પા, બેંગ્લોર યુનિવર્સિટીના રીડરને ૧૯૮૨માં મળ્યો. ત્યારે હું ભાગ્યે જ ૩૫ વર્ષનો હોઈશ, જ્યારે તેઓ ૫૦ વર્ષની ઉંમરના હતા. મને જાણવા મળ્યું કે તેઓ વર્ષો પહેલાંના આંધ્ર યુનિવર્સિટીના ભૂતપૂર્વ વિદ્યાર્થી હતા. પછી અમે બંને શૈક્ષણિક અને વ્યક્તિગત રીતે સારા મિત્રો બની ગયા. તેઓ સત્ય સાઈના પરમ ભક્ત હતા અને અમારો વાર્તાલાપ સામાન્ય રીતે "સાઈરામ" થી શરૂ થતો. ડૉ. હનુમન્થપ્પા બેંગ્લોર યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર બન્યા. ત્યાંનો કાર્યકાળ પૂરો થયો કે તરત જ બાબાએ તેમને એસ.એસ.એસ.આઈ.એચ.એલ. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બનવા આશીર્વાદ આપ્યા.

<u>ભગવાનના ભક્તો સાથે નિકટતા.</u>

જ્યારે અમે મારી દીકરી સંધ્યા માટે વરરાજાની શોધમાં હતા ત્યારે મારા મિત્રોમાંથી એક જણે વિજયવાડા તરફથી જોડાણ સૂચવ્યું. અમારી વિચારણાં માટે તેમણે એક છોકરાનો ફોટો મોકલ્યો. મારી છોકરી બાબાનો ફોટો એના બેડરૂમમાં રાખતી હતી. મારી છોકરીએ એવું કહેવાનું શરૂ કર્યું કે તેણીએ આ છોકરા જોડે જ લગ્ન કરવાનો નિર્ણય કર્યો છે, કારણ કે બાબા તેને આ છોકરા જોડે જ લગ્ન કરવા કહી રહ્યા છે. અમે એ કુટુંબને આમંત્રણ આપ્યું. છોકરાની માતા-શ્રીમતી કમલા કુમારી-સરકારી કોલેજ, પાલાકોલના ભૂતપૂર્વ પ્રિન્સીપાલ હતાં. તેઓ સત્ય સાઈ બાલ વિકાસ જોડે સક્રિય રીતે જોડાયેલા હતાં. તેઓ મારી ૫૦મી વર્ષગાંઠ (૧૫ ઓગસ્ટ ૧૯૯૭) ના રોજ મારી છોકરીને જોવા માટે આવ્યા. અમને તેમની નાણાંકીય સ્થિતિ વિશે જાણવામાં કોઈ રસ નહતો. કારણ કે અમને કહેવામાં આવ્યું હતું કે છોકરાએ ધોરણ-૮ થી એમ.બી.એ. સુધીનું શિક્ષણ શ્રી સત્ય સાઈ સંસ્થામાં જ લીધું હતું. ત્યારે બીજી શી ઈચ્છા રાખી શકાય ? એક વર ઘણાં વર્ષો સુધી બાબાના મૂલ્યોથી પ્રભાવિત હોય અને એમની નિમણૂંક સીટી બેંક, ચેન્નાઈમાં પણ બાબાના આશીર્વાદથી જ થઈ હતી. તેઓની પણ ફક્ત એક જ શરત હતી કે આપણે બધા પ્રશાંતિ નિલયમ જઈએ. બાબા જો કન્યાને આશીર્વાદ આપે તો અમે તેને સ્વીકારી લઈશું.

અમે સાથે જ ત્યાં પહોંચ્યા. પછી કુલવંત હોલમાં અલગ વિભાગમાં બાબાની રાહ જોતા રહ્યા. શ્રી સત્ય સાઈ એમની આગવી રીતે ભક્તોની વચ્ચે ચાલી રહ્યા હતા. તેઓ જ્યાં મારી પત્ની, છોકરાની માતા અને મારી પુત્રી બેઠા હતાં, ત્યાંથી પસાર થઈ ગયા. મારી દીકરીએ સિલ્કની સાડી પહેરી હતી અને સોનાનું મંગલસૂત્ર હાથમાં પકડ્યું હતું. તેઓને ઓળંગીને, થોડા આગળ ચાલી ગયા બાદ, અચાનક બાબા પાછા ફર્યા, તેઓએ મારી દીકરીની સાડીને અને સોનાની ચેનને સ્પર્શ કરીને આશીર્વાદ આપ્યા. લગ્ન ૨૫ ડિસેમ્બર, ૧૯૯૭ના રોજ યોજાયા. કદ્દા ભાસ્કર નામનો છોકરો ઓસ્ટ્રેલિયામાં સિનિયર કક્ષાએ બેંક એક્ઝિક્યુટિવ છે. તે અહીં આવે છે ત્યારે અચૂક પ્રશાંતિ નિલયમની મુલાકાત લે છે, અને એ એની રીતે સેવા સંગઠન સાથે પણ સંકળાયેલો છે.

આચાર્ય નાગાર્જુન યુનિવર્સિટીમાં મારા ત્રણ વર્ષના વાઈસ ચાન્સેલર તરીકેના કાર્યકાળ માટે શ્રી સત્ય સાઈબાબાના આશીર્વાદ પ્રાપ્ત થયા તે માટે

હું એમનો ખૂબ આભારી છું. આ સમયગાળા દરમ્યાન મારી નામના અને કીર્તિ ફક્ત શૈક્ષણિક ક્ષેત્રે જ નહીં પરંતુ સાથે-સાથે યુનિવર્સિટી વિસ્તારના ગુંટુર, ક્રિષ્ના અને પ્રકાશમ જિલ્લાઓના સમાજમાં પણ થઈ હતી. મને ગુંટુર ખાતે સત્ય સાઈના ભક્તોને ઘણીવાર સંબોધન કરવાનું નસીબ પ્રાપ્ત થયું હતું.

મારી મુસાફરી દરમ્યાનના એક પ્રસંગનો મારે ખાસ ઉલ્લેખ કરવો છે. મારી પત્ની જોડે હું વિશાખાપટ્ટનમથી ગુંટુર, પ્રશાંતિ એક્સપ્રેસ ટ્રેન દ્વારા, મારા વાઈસ ચાન્સેલર તરીકેની નિમણૂંક નો ચાર્જ લેવા જઈ રહ્યો હતો. મારી સામાન્ય ટેવ એ હતી કે જ્યારે હું મુસાફરી કરતો હોઉં, ત્યારે હું સ્વામીજીની વિભૂતિ લગાવતો. આ મુસાફરી દરમ્યાન અમારા ધ્યાનમાં આવ્યું કે અમે વિભૂતિ અમારા ઘરે જ ભૂલી આવ્યા હતા. અમે આ વિશે અમારી વચ્ચે જ વાતચીત કરી રહ્યા હતા. પરંતુ અમારા આશ્ચર્ય વચ્ચે અમારી જોડે મુસાફરી કરી રહેલી એક વિદેશી સ્ત્રી (જે આફ્રિકા દેશની રહેવાસી હતી) એ અમોને એવું કહીને વિભૂતિનું પેકેટ આપ્યું કે શ્રી સત્ય સાઈ બાબાએ તેમને તે વિભૂતિ અમોને આપવા માટે કહ્યું છે. અમે અનુભવ્યું કે આ તો બાબાના સીધેસીધા આશીર્વાદ હતાં.....!

**લેખક આચાર્ય નાગાર્જુન યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર છે અને આંધ્ર યુનિવર્સિટી ખાતે એ.આઈ.સી.ટી.ઈ.ના માન્યવર નિવૃત્ત અધ્યેતા છે.**

# મારા જીવનમાં સ્વામી

## વી. જાનકી રામ પાઇ

૧૯૬૭ના ડિસેમ્બરમાં માસમાં મને આપણા પ્રિય સ્વામીના દર્શન સૌપ્રથમ વખત થયા. આ સ્થળ હતું અર્નાકુલમના દરબાર હોલનું મેદાન કે જ્યાં શ્રી સત્ય સાઈબાબાની એક ઝલક જોવા માટે એક વિશાળ જન સમુદાય ભેગો થયો હતો. બે એકર જેટલા મેદાનમાં ભીડ ઉપર અંકુશ રાખવા માટે ફરતે રેલીંગ લગાડવામાં આવી હતી, જ્યાં સ્વામીને માનનારાં ભક્તો અને ન માનનારા લોકો પણ હતા. મધુર ભક્તિમય ગીતો વાગતા હતા અને ભગવાન શ્રી સત્ય સાઈબાબાને જોવા માટે લોકો આતુરતાથી રાહ જોતા હતા. અચાનક સ્વામી દેખાયા. તેઓ લોકો તરફ ચાલવા લાગ્યા. મને જે આકૃતિ દેખાય તેના પર મારી આંખોને વિશ્વાસ ના થયો. પવિત્ર મુગટની જેમ કાળા મોટા વાળ, લોકોને મોહિત કરનારો આકર્ષક સ્મિતવાળો ચહેરો. સ્વામી એકદમ જ મારી નજીક આવ્યા અને જાણે મારા ઉપર વશીકરણની અસર દેખાઈ. હું કાંઈ જ કરી શક્યો નહીં. એમનું વર્ણન કરવામાં બિલકુલ અસમર્થ હતો. એની હું કબૂલાત કરું છું. હું કાંઈ પણ કરવાનો પ્રયાસ કરીશ તો તે સંપૂર્ણ રીતે શક્ય નહીં બની શકે. હું તો ફક્ત તમારી સમક્ષ ઉભેલા સ્વામી (ભગવાન)નો મહિમા સમજવાનો એક ઉમદા પ્રયાસ જ કરતો હતો. જેમ કોઈ લોહચુંબક લોખંડની પટ્ટીઓને તેના તરફ ખેંચે છે તેમ હું પણ અન્ય ભક્તોની જેમ તેમના દર્શન, સ્પર્શન અને સંભાષણ માટે તેમના ચરણકમળ તરફ આકર્ષિત થયો.

હું ૧૯૭૧માં પહેલીવાર પ્રશાંતિ નિલયમ ગયો હતો. પછી મને ખબર પડી કે આ મારી પ્રશાંતિ નિલયમની મુલાકાત સ્વામી દ્વારા જ શક્ય બની હતી. કારણ કે મારા કુટુંબમાંથી તો કોઈ પુટ્ટપર્તિ જવા માગતા નહોતા. ભગવાનની કૃપાથી કોઈ જ અનિચ્છનીય ઘટના બની નહીં અને અમે શાંતિથી પુટ્ટપર્તિ પહોંચી ગયા. જોકે પાછળથી અમને ખબર પડી કે જે વિસ્તારમાંથી અમે લોકો પસાર થયા હતા તે વિસ્તાર તો લૂંટારાઓથી ઘેરાયેલો વિસ્તાર હતો.

તો આવા વિસ્તારમાં અમારી સલામતી, સંભાળ રાખનાર આપણા પ્રિય સ્વામી સિવાય કોણ હોઈ શકે?.

**એક આનંદદાયક ઇન્ટરવ્યૂ.**

તે દિવસોમાં આજના કરતા લોકોની ભીડ ઓછી રહેતી. અમે સવારના શાંતિમય સ્વર્ગીય આનંદ આપતા ભજન સત્રમાં ભાગ લેતા અને પછી 3:30 સુધી ઈન્ટરવ્યુ સત્રની રાહ જોતા હતાં. જ્યારે બાબા બહાર આવ્યા અને મેદાનમાં બહાર બેઠેલા લોકો તરફ ચાલ્યા. બહુ થોડા લોકોની જ ઇન્ટરવ્યૂ માટે પસંદગી કરવામાં આવતી. જ્યારે મેં ઊભા થવાનો પ્રયત્ન કર્યો તો સ્વામીએ ખભા પર ટપલી મારીને મને બેસાડી દીધો. તે વખતે મારા મનમાં શું પ્રતિક્રિયા થઈ હશે તે મને યાદ નથી. કદાચ મને એવું લાગ્યું હશે કે સ્વામીએ મારો ત્યાગ કર્યો. ઇન્ટરવ્યૂ નામંજૂર થતાં મને જે વેદના કે નિરાશા થઈ તે સ્વામીને દેખાયું. જોકે દયાળુ ભગવાન તેમના ભક્તોનો કદી ત્યાગ કરતા નથી. બીજા દિવસે જ્યારે તેમણે, ઇન્ટરવ્યૂ માટે મારી પસંદગી કરી તો મારા આનંદની કોઈ સીમા નહોતી. તેમની રૂબરૂ મુલાકાત તેમણે આપેલી કોઈ પણ સ્થૂળ ભેટની ચમકને ઝાંખી પાડી દે છે. તેમણે મને તેમની રૂબરૂ મુલાકાત આપી આશીર્વાદ આપ્યા. ઇન્ટરવ્યૂ રૂમમાં સ્વામી થોડીવાર સુધી મારા તરફ તોફાની દ્રષ્ટિથી જોઈ રહ્યા. શારીરિક રીતે ભગવાન મારી બિલકુલ નજીક હોવાથી હું ખુબ જ લાગણી સભર થઈ ગયો. આંખોમાં આંસુ આવી ગયા. શું કરવું કંઈ જ ખબર પડી નહીં. આજે પણ મારી પાસે તે લાગણીનું વર્ણન કરવા માટે કોઈ શબ્દો નથી. જ્યારે દયાળુ ભગવાને મને તેમના બાહુઓમાં લીધો અને માતૃત્વના પ્રેમથી મને દિલાસો આપ્યો. તેમણે મને હંમેશા નામસ્મરણ કરવાનો નિર્દેશ કર્યો. આ આજીવન આશીર્વાદ, એ તેમના તરફથી મને મળેલી અમૂલ્ય ભેટ હતી. આજે પણ હું લગભગ ૫૦ વર્ષ પછી તે દિવસની એ દિવ્ય ક્ષણોને યાદ કરું છું.

**તહેવારો દરમ્યાન સ્વામી ની લીલાઓ.**

અમે એક વખત ગુરૂપૂર્ણિમાના દિવસે પ્રશાંતિ નિલયમમાં હતા. તે દિવસે સ્વામી દર્શન લાઈનમાં બેઠેલા ભક્તોને એક-એક ચમચી અમૃત તેમની હથેળીમાં આપતા હતા. આશ્ચર્ય તો એ હતું કે તેમના ચાંદીની ડબ્બીમાંથી અમૃત ખૂટતું જ નહોતું.

સ્વામી તેમના ભક્તોને વ્યક્તિગત લીલા બતાવી વ્યક્તિગત અનુભવ કરાવી પ્રેરણા આપતા હતા. પરંતુ આપણે તો એના અર્થ કે અર્થઘટનની શોધમાં જ રહીએ છીએ. ક્યારેક સ્વામી આપણા જીવનનો સંપૂર્ણ કબજો લેતા હોય છે અને આપણા ભય તથા ચિંતાનો અંત લાવે છે. બાબા કહેતા, "તમે મારી વાસ્તવિકતાને આજે પણ સમજી શકતા નથી અને હજારો વર્ષની કઠોર મહેનત, તપસ્યા પછી પણ સમજી શકશો નહીં. ભલે પછી તમે સમગ્ર માનવજાત પ્રયત્નોમાં જોડાવ."

ગુરુપૂર્ણિમા પછી અમે પ્રશાંતિ નિલયમથી પરત ફર્યા પણ જરા પણ આરામ ન હતો. કારણ કે નવરાત્રી મહોત્સવમાં આપણા પ્રિય સ્વામી હાજર રહેવાના હોવાથી ખૂબ આતુરતા હતી. નવ દિવસ સુધી નવરાત્રિમાં સ્વામીની હાજરીમાં રહેવાની એક સુવર્ણ તક હતી. આત્માને પ્રસન્નતા પ્રાપ્ત થાય એવા સુંદર ભજનો શ્રી રાજા રેડ્ડી, શ્રી મોહન રાવ અને શ્રીમતી વિજયા ગવડાવી રહ્યા હતા. સ્વામીની હાજરીથી એક ઉચ્ચ આધ્યાત્મિક વાતાવરણ ઊભું થયું હતું. પુજારી દ્વારા વૈદિક સ્તોત્રોના જાપ કરવામાં આવતા હતા. સભાગૃહમાં મંચ ઉપર યજ્ઞશાળા બનાવવામાં આવી હતી. અને યજ્ઞ માટે જરૂરી અગ્નિને પરંપરાગત રીતે બે લાકડાના ટુકડાને એકબીજાની સાથે ઘસીને ઉત્પન્ન કરવામાં આવ્યો. સ્વર્ગીય આનંદમય વાતાવરણમાં અમે મગ્ન બની ગયા. અને ત્યારે અમે સ્વામીને પૂર્ણાહુતિના અગ્નિમાં કિંમતી રત્નોના પ્રવાહને અર્પિત કરતા જોયા. જેનો પ્રવાહ તેમની હથેળીમાંથી નીકળતો હતો.

બીજા વર્ષે ફરી અમે શિવરાત્રી ઉત્સવ પર પ્રશાંતિ નિલયમ હતા. તેમના આશીર્વાદ બદલ આભાર માનું છું. અમે એ ક્ષણના સાક્ષી હતા જ્યારે સ્વામી શ્રી શિરડી સાઈબાબાની ચાંદીની પ્રતિમા ઉપર વિભૂતિ અભિષેક કરતા હતા. તે દૃશ્ય જોવું એ એક અદભુત ચમત્કાર જ હતો. સ્વામીના એક ચુસ્ત ભક્ત શ્રી કસ્તુરી એક પાત્ર (ઘડા)ને ઉંધુ પકડીને ઉભા હતા અને સ્વામીએ તેમનો હાથ ઘડાની અંદર નાખીને હલાવતાની સાથે જ વિભૂતિનો અવિરત પ્રવાહ વહેવા લાગ્યો. સ્વામીએ એક હાથ કાઢી બીજો હાથ નાખીને હલાવતા ફરી વિભૂતિનો પ્રવાહ શરૂ થયો. દરેકને આશ્ચર્ય થતું કારણ કે સ્વામી જેવા તેમના હાથને બહાર કાઢતાં કે તરત જ વિભૂતિ નીકળવાની બંધ થઈ જતી. વિભૂતિ જે બહાર નીકળી હતી તે પાત્રની ક્ષમતા કરતાં ઘણી જ વધારે પ્રમાણમાં હતી. આ એક વિજ્ઞાનના ક્ષેત્ર બહારનો ચમત્કાર હતો.

સાંજે હજારો ભક્તોની હાજરીમાં શાંતિ વેદિકાની સામે આપણા પ્રિય સ્વામીએ અવાર-નવાર હેડકી ખાતા-પાણી પીતા જતા અને થોડીવારમાં જ તેમના મોઢામાંથી તેમણે એક સ્ફટિક લીંગને હાથમાં કાઢ્યું. મંદિર સામે ઉભેલા લાખો લોકોને તેમણે બે આંગળીઓ વચ્ચે પકડીને બતાવ્યું. પછી થોડીવાર ખુરશીમાં બેસી ગયા. ભજન પૂરજોશમાં ચાલતા હતા. લગભગ ૪૫ મિનિટ પછી સ્વામી સ્વસ્થ થયા, ઉભા થયા અને તેમના નિવાસસ્થાન તરફ ગયા.

સ્વામીએ વચન આપ્યું છે, "જ્યારે હું અહીં છું, તો પછી ડર શાનો?" આ કોઈ પોકળ વચન નથી. કારણ કે તેમના સંખ્યાબંધ ભક્તોના અનુભવ દ્વારા સિદ્ધ થયું છે. અમને આવો જ એક અનુભવ ૨૦૦૧ની સાલમાં થયો હતો.

અમે ત્યારે વ્યક્તિગત મુલાકાતે પોંડિચેરી (પુડુચેરી) જતા હતા. કારમાં હું અને મારી પત્ની પાછળની સીટમાં બેઠા હતા. મારો નાનો દીકરો આગળની સીટમાં અને મોટો દીકરો કાર ચલાવતો હતો. એ દિવસે સંપૂર્ણ સૂર્યપ્રકાશ હતો. અને વરસાદની કોઇ શક્યતા હતી જ નહીં. અમે ૬૦ થી ૭૦ કિલોમીટરની ઝડપથી જતા હતા. થોડીવાર પછી અચાનક જ કાળા વાદળો થવા લાગ્યા અને પછી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો. પછી મને કારના પૈડામાંથી ટાયર ફાટવાનો વિચિત્ર અવાજ સંભળાયો. જ્યારે મેં મારો મોટો પુત્ર કે જે કાર ચલાવતો હતો તેની સામે જોયું તો મને ભાન થયું કે તેણે સ્ટિયરિંગ ઉપરનો ગુમાવી દીધો હતો અને બ્રેક પણ ફેઈલ થઇ ગઈ હતી. અમારી કાર પલટી મારી ગઈ. અને અમે અંદર ઊંધા થઈ ગયા હતા. આવી ભયાનક ક્ષણમાં અમે બધાએ દયાળુ સ્વામીને મદદ માટે પોકાર કર્યો. અમારા મોટેથી રડવાના અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો મદદ માટે આવ્યા. અમને બધાને કારમાંથી બહાર કાઢ્યા. આશ્ચર્ય સાથે અમને કોઈને કોઈ જ મોટી ઇજા ના થઇ. અને અમે બધા બચી ગયા. આ સંપૂર્ણ આફતમાંથી સ્વામીના અભય હસ્તે અને તેમની દિવ્ય કૃપાએ અમને બધાને બચાવી લીધા. તેમણે કહ્યું છે કે કોઈ પણ સંજોગોમાં તેઓ તેમના ભક્તોને નિરાશ નહીં કરે.

**- લેખક કેરળના કોચી ખાતેના ભગવાનના પ્રાચીન સમયના ભક્ત છે.**

## તમે પણ ભગવાન છો એમ માનો

**કેટલાક લોકો એમ માને છે કે માત્ર રામ, કૃષ્ણ અને સાઇ બાબા જ ભગવાન છે. એમ માનવું તે નર્યું અજ્ઞાન છે. તમે પણ ભગવાન છો. તમે એમ માનો કે સર્વ પ્રાણીઓ ભગવાન છે, તમને તમારી સાહજિક દિવ્યતાનો સાક્ષાત્કાર કરાવવા માટે મેં આ રૂપ ધારણ કર્યું છે. અવતારો આ હેતુ પૂર્ણ કરવા માટે આવે છે એમ માનીને તમારે ઉત્કટતાપૂર્વક અને ઉત્સાહપૂર્વક આધ્યાત્મિક જીવન અપનાવવું જોઈએ.** (વસંત વર્ષા ૧૯૭૯)

# દિવ્ય માલિકની જોડે મંત્રમુગ્ધ કરી દેનારી ક્ષણો

રાની સુબ્રમણિયન

મારી પુત્રીએ એકવાર સ્વામીને પ્રશ્ન પૂછ્યો, "સ્વામી, અમારા કુટુંબ માટે તમે ખૂબ જ સારા છો અને અમે ઈચ્છીએ છીએ કે આ જ કૃપા હંમેશા રહે, તો તમારી કૃપા પ્રાપ્ત કરવાનું ચાલુ રહે તેવું અમે કેવી રીતે મેળવી શકીએ?" તેઓ અમને ઘણી વખત મુલાકાતો માટે બોલાવતા અને અમારા ઓરડાઓમાં આવતા અને અમારી જોડે વાતો કરતા. તે ખૂબ વિશિષ્ટ વાત હતી. સ્વામીએ પ્રત્યુત્તર આપતા કહ્યું, "પુટ્ટપર્તિ આવવાથી, તમે કૃપા પ્રાપ્ત કરી રહ્યાં છો તેવું નથી. મારા દર્શન કરવાથી કૃપા મળી રહી છે, એવું પણ નથી; પરંતુ જો તમે મારી શિક્ષા/ઉપદેશને વળગી રહેશો, તો તમને સંપૂર્ણ કૃપા મળશે. મારી શિક્ષા કે ઉપદેશને પકડો, મને નહીં. તમે જુઓ, જો આપણે ઉદાસ હોઈએ, નાખુશ કે નિરાશ હોઈએ તો સાધનામાં આપણે શ્રેષ્ઠ કર્મ, કાર્ય કે પ્રગતિ કરી શકતા નથી." તેમણે કહ્યું, "તમારે કંઈ પણ કરવું હોય તો, બધો સમય આનંદી અને સુખદ લાગણીઓ રાખવી જ પડે. અને તે કરવા માટે તમને પ્રેરણા મળશે જ. જ્યારે તમને પ્રેરણા મળે છે, ત્યારે તમને સારું લાગશે. આ હંમેશા ખૂબ જ જરૂરી છે.

**<u>અંદરના ગુરુને જાગૃત કરવા.</u>**

પ્રશાંતિ નિયલમમાં બીજી એક મુલાકાત વખતે મેં પૂછેલું, "સ્વામી, હું ચેન્નાઈમાં શ્રી સત્ય સાઈ સેવા સમિતિમાં કોઈ કાર્ય કરતી નથી. શું આ યોગ્ય છે કે અયોગ્ય? તમારા અનુયાયી તરીકે શું મારે જવું જોઈએ, અને મારી સેવા આપવી જોઈએ?" તેમણે કહ્યું, "સત્ય સાઈ ! સત્ય સાઈ ! રાનીમાં તમે મને સમજ્યા જ નથી. હું માત્ર સત્ય સાઈ જ નથી. આખુ જગત જ હું છું. જ્યારે, જ્યારે તમે સારું કાર્ય કરો છો, ત્યારે તે મને પહોંચી જાય છે. આ જ ક્ષણે તમે સમજી શકો તે ખુબ જરૂરી છે. શા માટે તમે મને માત્ર 'સત્ય સાઈ' મા જ સિમિત કરો છો? તમારે જે બનવું હોય તે બનો, પણ સારું કાર્ય જ કરો. તમે ગમે ત્યાં હો, ગમે તેના માટે સારુ કાર્ય કરતા હો, ભલે પછી તે રામ, કૃષ્ણ જે કોઈ હોય- તેનો કોઈ વાંધો નથી. તે મને જ પહોંચશે."

આમ, આ બધી ખુબ જ પ્રબળ બાબતો છે. લોકો તેમને ભૌતિક શરીરમાં મર્યાદિત કરે છે. જે હવે તે બદલી નાંખવા પ્રયત્ન કરી રહ્યાં છે. જૂઓ, તે કારણે જ આપણે નિરાશ થઈએ છીએ. આપણને લાગે છે, "અરે, સ્વામીએ મારી જોડે વાત ન કરી !" સ્વામી કહે છે, "જે સમજી ગયેલ છે કે હું અંતર્યામી છું/અંદર રહેનાર છું, તે ખરેખર શાણો (ડાહ્યો) છે." "હું સાંભળી રહ્યો છું, શું તમે તે માનતા નથી?" તેઓ પૂછે છે. જો કે, આપણે તેમનો અવાજ સાંભળતા નથી. તે બરાબર સાંભળી રહ્યાં છે. જ્યારે આપણે તેમના માટે તૈયાર હોઈએ, ત્યારે તે આપણી જોડે અંદરથી વાતો કરશે. ઘણાં બધા ભક્તજનોને તે પ્રકારનો અનુભવ થયેલ છે. તે બધું જ આપણાં પર નિર્ભર છે કે અંતરાત્માના ક્યા સ્તરે કામ કરવું. "મને બધો જ વખત ગર્ભિત રીતે અનુસરો. દરેક જગ્યાએ મારી ઉપસ્થિતિથી જાગૃત રહો, જેથી કરીને તમે કોઈને પણ દૂભાવશો નહીં. જ્યારે તમે મારી હાજરીથી સચેત રહેશો, ત્યારે હું તમારા દ્વારા કાર્ય કરવાનું શરૂ કરી દઈશ અને તમને યોગ્ય/સાચુ કાર્ય કરવા પ્રેરીશ." માની લો, મને કોઈના પ્રત્યે ઉદ્ધત બનવાની લાગણી થાય અથવા હું મનના ઉચિત માળખામાં ન હોવું, ત્યારે હકીકતમાં કોઈ પણ પ્રતિક્રિયા આપતા પહેલા મારો બીજો વિચાર હશે, "ના", તમારું જ કામ સંભાળો, કશું પણ કહો નહીં. શાંત થઈ જાવ !"

સ્વામીએ કહ્યું છે કે, "જેટલા તમે વધારે નજીક હો, તેટલો જ ભૌતિક સ્વરૂપે હું વધારે દૂર થઈ

જઈશ." આ તેમના સંકેતોમાંનો એક ઈશારો છે. બાબા કહે છે, "જ્યારે હું તમારાથી દૂર હોઈશ, કારણ કે તમે મારી સાચી પ્રકૃતિ કે સ્વભાવથી પરિચિત થઈ ગયેલા છો. તે હેતુ માટે તો હું આવેલો છું. મારું મુખ્ય જીવન-કાર્ય જ ભીતરના ગુરુને જગાડવાનું છે. તે શરૂ થાય છે બાહ્ય ગુરુથી પણ બહારના ગુરુ જ તમને આંતરિક ગુરુ તરફ દોરી જાય છે.

સ્વામીના જીવન-કાર્યનો આ જ હેતુ છે. એક ગુરુ તરીકે તેમની ફરજ, તમને તે તરફ દોરી જવાની છે. તે તમને પાર્થિક પદાર્થો આપવા માટે આવેલા નથી. તે તમને, તે વસ્તુઓ એટલા માટે આપે છે, કે હજુ તમે હકીકતમાં તે જે આપવા માંગે છે તેના માટે તૈયાર નથી. ધીમે ધીમે હતાશાઓ કે નિરાશાઓ બહાર લાવશે અને તમે તેનાથી ધરાઈ ગયા હશો ત્યારે તમને બધા પ્રકારના અનુભવો આપશે કે તમે કહેશો "અરે ! આ બધી વસ્તુઓ હું ઈચ્છતો નથી. તે બધી વસ્તુઓમાંથી મને કશું મળતું નથી." મનની તે પ્રકારની સ્થિતિનું સર્જન તે ચોક્કસ રીતે કરશે. તે, દુનિયામાં તમારા માટે આ બધી મુશ્કેલ વસ્તુઓ સર્જશે, તેથી તમને દુનિયા ગમશે નહીં. તમે વિચારશો, "આના કરતા આ સાંસારિક જીવનથી હું દૂર થઈ જઉં, તે વધારે સારું". જ્ઞાન કે શાણપણ શીખવવા માટેનો તે એક પરોક્ષ માર્ગ છે. દુનિયા આપણને કશું આપી શકતી નથી. માત્ર દુઃખો, સમસ્યાઓ અને નિરાશાઓ. હું શા માટે આ બધી વસ્તુઓ પાછળ પડેલો છું. આ વિચારો અંદરથી આવવાના. આપણે જે માંગીશું તે સ્વામી આપણને આપશે પરંતુ દુનિયા આપણને શાંતિ આપી શક્તી નથી. જો આપણે વિચારીએ કે જગત આપણને શાંતિ આપી શકે છે, તો તે અજ્ઞાન છે. દુનિયા આપણને શાંતિ આપી શક્તી નથી, તે જ્ઞાન છે / શાણપણ છે.

જો તમે તે સમજી ગયેલા હો, તો તે પૂરતું છે. તો પછી તમારે તેના પર કામ શરૂ કરવું જોઈએ. સ્વામીએ એક વખત આપણને કહેલું, "તમારે વધારે પડતું વાંચવું જોઈએ નહીં, પ્રેરણા માટે જે જે જરૂરી છે તે વાંચવું જોઈએ." તેમણે વધારે પડતા પુસ્તકો વાંચવાની આપણને મનાઈ કરેલ છે. તેના બદલે તેમણે કહેલું "જુદા જુદા લેખકો તમને વિરોધાભાસી વિચારોથી ગુંચવી દેશે. મહાન તાત્વિક અને બુદ્ધિગમ્ય ચર્ચાઓ બિન ઉપયોગી છે. જો તમારે વાંચવું જ હોય, તો સંતોના જીવન વાંચો - ખ્રિસ્તી સંતો, મુસ્લિમ સંતો કે હિંદુ સંતોના જીવન, તેઓ એક ચોક્કસ માર્ગે ગયેલા છે. તેમણે આધ્યાત્મિક સફર કરેલ છે, તેમનો માર્ગ સ્પષ્ટ છે. તેઓએ જાણી લીધું છે કે ક્યાં ખાઈઓ છે ને ક્યાં કેવા વિઘ્નો છે. તેમના જીવન તમને બધી સમસ્યાઓથી અવગત કરશે અને પોતે કેવી રીતે સારાઉદાહરણ સ્વરૂપ બન્યા તે સૂચવશે. તેથી સ્વામી જ્યારે આપણને સતત માર્ગદર્શન પૂરું પાડી રહ્યાં હોય, ત્યારે આપણાથી જેટલો થઈ શકે તેટલો મહાવરો પાડવો જોઈએ. પણ મને લાગે છે કે આ માર્ગ મુશ્કેલ છે અને આપણે એક લાંબો રસ્તો કાપવાનો છે.

**<u>પ્રશાંતિનિલયમ - શાશ્વતશાંતિનું ધામ.</u>**

એક વખત પ્રશાંતિ નિલયમમાં હું એક સ્ત્રી સાથે વાતોમાં રોકાયેલી હતી. તેણીએ પુટ્ટપર્તિ આવવા માટેનું કારણ તંદુરસ્ત બનવા માટેનું કહ્યું. આમ છતાં, તેણીએ જે કંઈ મેળવ્યું, તેનાથી તે ખુબ જ અસંતુષ્ટ હતી. મે કહ્યું, "તમે અહીં જે કંઈ પ્રાપ્ત કરી રહ્યાં છો, તેને તમે ઓળખી શક્તા નથી ! સ્વામી તમને તંદુરસ્તી આપી રહ્યાં છે-આધ્યાત્મિક સ્વાસ્થ્ય !" તેમણે શાંતિ પ્રદાન કરવાનું વચન આપેલું છે. દિવ્ય પ્રેમમાંથી ઉત્પન્ન થતી શાંતિ, બધી સમજાતી શાંતિઓ કરતા ચઢિયાતી છે. આવી શાંતિ કાયમી છે. સર્વ પરિસ્થિતિઓમાં અડગ અને અચળ છે. તે કાંઈ અસ્થાયી શાંતિ નથી, કે જ્યારે કોઈ તમારા પ્રત્યે માયાળુ બને તો તમે ખુશ થાવ અને જ્યારે તે/તેણી મદદ ન કરે ત્યારે તમે દુઃખી થાવ.

આ જ સત્ય આપણાં પ્રાચીન શાસ્ત્રોમાં નોંધાયેલું છે. ભગવદ્ ગીતામાં ભગવાને કહ્યું છે, "તે જ મારો સાચો ભક્ત છે જે વિરોધાભાસી દ્વન્દ્વોની ઉપર જાય છે-મતલબ કે સારુ અને ખરાબ, માન અને અપમાન-બન્નેથી પર રહે છે. કોઈ પણ વ્યક્તિએ આના તરફ ધ્યાન આપવું જોઈએ, કારણ કે તેઓનું અસ્તિત્વ ભ્રમ/ભ્રાંતિના રાજ્યમાં છે. સ્વામી કહે છે, "તમે બધા ઊંડી નિંદ્રામાં છો. હું તમોને જગાડવા માટે આવ્યો છું."

એક વખતે તેમણે મને કહેલું, "રાની માં, જ્યાં સુધી મને લાગે-વળગે છે, ત્યાં સુધી કોઈ સમસ્યા જ નથી. પ્રશ્ન છે ઈન્દ્રિયગ્રાહ સમજણનો. તમે કાંઈ પણ જોઈ રહ્યાં છો, તે અવાસ્તવિક છે. તમે સમસ્યાઓથી પર છો પરંતુ તમે આ તથ્યને સમજી રહ્યાં નથી. કારણ કે તમે અંતરાત્માના તે સ્તરે પહોંચ્યા નથી. તેથી તમે દિવાસ્વપ્નમાં રાચો છો, કે તમે એક શરીર છો. તમારા બધા અનુભવો માત્ર શરીર અંગેની સભાનતાનું પ્રદાન કરે છે. તમે દરેક અનુભવને શરીરના સ્તરેથી તપાસો છો." સ્વામી આપણા શરીરની સભાનતાવાળી સમસ્યાઓ માટે મદદ કરવા અવતર્યા નથી. આવતી કાલે કોઈ ચોક્કસ બિમારી અથવા દુઃખદ ઘટના તમારા પર આવી પડે તો તે તમારા શરીરની સભાનતા અંગેની હોય છે. તે એક ભ્રમણા છે, અથવા તો સંસ્કૃતમાં જેને 'મોહ' કે 'માયા' તરીકે ઓળખાવવામાં આવેલ છે.

આ ભ્રમણા અથવા આસક્તિ શું છે. જેનો, સ્વામી પોતાના પ્રવચનમાં વારંવાર ઉલ્લેખ કરે છે, તે બીજું કાંઈ નથી પરંતુ 'અજ્ઞાન' છે, જેને નિર્મળ કરવા કે ઉખેડી નાંખવા તો સ્વામી આવેલા છે. તે એક અવતારી પુરૂષ છે. (દૈવી અવતરણ છે). તે બીજા ગુરુઓ જેવા નથી. એક વખત સ્વામીએ ભક્તોના સમૂહ (જેમાં મારો પણ સમાવેશ હતો) ને કહેલું, "એવું વિચારશો નહિ કે પુટ્ટપર્તિ આવવાથી તમે સુખી બની જશો પરંતુ તમારા વિજયને અહીં સુરક્ષિત કરશો તો દુનિયાના કોઈ પણ ભાગમાં તમે જઈ શકો છો અને કોઈ પણ વસ્તુ તમને ક્યારેય હેરાન નહિ કરી શકે. ભગવાન કૃષ્ણે, ભગવદ્ ગીતાનો અમર સંદેશ રણભૂમિ પર આપેલ કારણ કે જીવન એક યુદ્ધ છે. અને જ્યારે લડાઈમાં, તમે વિજયી બનો છો ત્યારે શું મેળવો છો? "શાંતિ". એ જ રીતે તમે જ્યારે મુશ્કેલીઓ પાર કરો છો એવા જ્ઞાન સાથે કે તમે ખરેખર કોણ છો અને જગત ખરેખર શું છે, ત્યારે તમને 'પરમ શાંતિ' મળશે જે તમને 'આપવા માટે' હું આવેલ છું. તેટલા માટે જ તેમણે પ્રશાંતિનિલયમ-શાશ્વત શાંતિધામ એવું નામ આપેલ છે.

ઘણાં વર્ષો પહેલા મારી દિકરીના સાસુ પ્રશાંતિ નિલયમમાં વસવાટ કરવા ઈચ્છતા હતા. તેણી અમને મળ્યા પછી અને પાછળથી સ્વામી સાથે એક મુલાકાતમાં હાજર રહેલા, ત્યાર બાદ અનુયાયી બની ગયેલા. તે પ્રસંગે સ્વામી પાસે પ્રશાંતિ નિલયમમાં રહેવા માટેની પોતાની ઈચ્છા વ્યક્ત કરેલી. તે વખતે તેમણે પૂછ્યું, "તમે શા માટે અહીં રહેવા ઈચ્છો છો? તમારે બે પુત્રો છે તેમની જોડે રહો. અહીંયા કોણ તમારી સંભાળ રાખશે?" તેણીએ જવાબ આપ્યો , "સ્વામી, મને અહીં શાંતિ મળે છે." પરંતુ સ્વામીએ કહ્યું, "ના, ના ! અહીંયા કોઈ શાંતિ નથી. શાંતિ ક્યાં છે, તેની તમને ખબર છે? તે તમારી અંદર (ભીતર) છે. પ્રશાંતિ નિલયમ તો તમને તે શાંતિ પ્રાપ્ત કરવાના પ્રામાણિક સંઘર્ષમાં મદદ કરશે. અહીંયા પણ સંઘર્ષ તેટલો જ જરૂરી છે. એવું નથી કે એક વખત તમે પ્રશાંતિ નિલયમમાં આવો, એટલે તમારા જીવનમાં દરેક વસ્તુ આપ મેળે ઉકેલાતી જાય, તમારે તમારા જ્ઞાન વડે, તમારી જાત પર કાર્ય કરવું પડશે. સ્વામી તમને તે શાણપણ/ડહાપણ આપે છે પણ તમારે તેનો રોજીંદો મહાવરો પાડવો જોઈએ. તે કોઈ શાળા કે મહાવિદ્યાલયમાં જવા જેવું છે, જેમાં શિક્ષક તમને ભણાવે છે પણ તમારા માટે કામ કરી આપતા

નથી."

જાણી લો કે તે દિવ્ય માલિક (પ્રભુ) છે, તેમના અવતારનો હેતુ આપણને નાની-નાની ક્ષુદ્ર વસ્તુઓ આપવાનો નથી. આમ છતાંય જે કાંઈ આપણે ઈચ્છીએ, તે આપણને આપશે. એક વખત તેમણે મને કહેલું, "રાની માં, તમે જે માંગશો, તે આપીશ. પરંતુ તે તમને શાંતિ નહિ આપે જો તમારે શાંતિ જોઈતી હોય તો, શાંતિ જ માંગો, બાકી બધું મારા પર છોડી દો. કહો, 'ભગવાન, હું કાયમી શાંતિ ઈચ્છું છું, હું બીજુ કશું ઈચ્છતી નથી.' તે જ શરણાગતિ છે. આથી શરણાગતિ તે છે જેમાં શાંતિ સિવાય બીજી કોઈ પણ વસ્તુ તમે ઈચ્છતા નથી. તમે ઘણી બધી વસ્તુઓ જેમકે, પૈસા, પદ, સત્તા વગેરે પાછળ દોડો છો. કારણ તમે એવું માનો છો કે તે તો તમને શાંતિપ્રદાન કરશે. પરંતુ આમ છતાય તમે હેરાન-પરેશાન થાવ છો. આનું કારણ છે કે-(સાચા)જ્ઞાનનો અભાવ છે.

તેથી જ, સ્વામી પુટ્ટપર્તિના આશ્રમને 'પ્રશાંતિ નિલયમ' કહે છે, નહિ કે 'શ્રી સત્ય સાઈ બાબા આશ્રમ'. તમારે પ્રયત્ન કરવો જ પડે. આશ્રમમાં તે તમને સહાય કરી શકે છે અને તમને ચડતી-પડતીઓનો સામનો કરવા અસરકારક રીતે માર્ગદર્શન આપી શકે. તમારે તો તેમની પાસે માંગવું હોય તો માત્ર માર્ગદર્શન માંગો. તેમણે એક વખત મને ચેતવણી આપતા કહેલું, "આ મુશ્કેલ થશે" અને પછી ઉમેર્યું "ડરશો નહીં, તમે મને પ્રાર્થના કરો-સ્વામી મારી વધારે કઠિન પરીક્ષા ન કરો, હું કદાચ પડી જાઉં." (મારી અંતરના ઉંડાણથી ભરેલી પ્રાર્થના, તે તો કેવી રીતે જાણી જતાં હશે? હું ક્યોય શબ્દો રૂપે તેમને પ્રાર્થના કરતી નહોતી.)

"શા માટે સંઘર્ષથી તમે આટલા બધા ડરો છો? આ ખોટું છે. જ્યારે તમને હું પડકાર આપુ છું, ત્યારે તમને તેનો સામનો કરવાની શક્તિ અને ડહાપણ પણ આપુ છું. તમારે કહેવું જોઈએ સ્વામી, તમે જેટલું ઈચ્છતા હો તેટલું મને ચકાસજો પણ મને 'વિજય' આપાવજો. તમે જ્યારે લડાઈ લડતા હો, ત્યારે તમે શું માંગો છો? તમે એવું કહો છો કે મારે બંદૂક જોઈએ છે, તલવાર જોઈએ છે અને એવું ઘણું બધું ! તમે માત્ર કહો છો, હું વિજય ઈચ્છું છું, તેથી તે શાંતિ માંગો. તમે પુટ્ટપર્તિ શાંતિ શોધવા માટે આવેલા છો-તેથી શાંતિ માગો. પરંતુ ગૃહસ્થો કે સાંસારિક વ્યક્તિઓ તરીકે કાંઈક ને કાંઈક અથવા બીજી ચિંતાઓ વારંવાર આપણને થતી રહે છે, અને સ્વામી પાસે, આપણને તે મુશ્કેલીઓ, પાર કરાવવાનું માંગવા ફરજ પડે છે. કેટલીક વાર તેનું શમન કરવા સ્વામી તાત્કાલીક પ્રતિક્રિયા/જવાબ આપે છે. બીજી કેટલીક વાર કોઈ જવાબ આપતા નથી. આમ છતાં એવી વસ્તુઓ માંગો જે ધર્મ ન્યાયીપણાને દૃઢ કરે. જે વસ્તુઓ આને મજબૂત ન કરતી હોય તો તે કોઈ પણ રીતે તેમના દ્વારા મંજૂર થશે નહીં. ઈચ્છાઓની બાબતમાં જે ધર્મની મર્યાદામાં આવતી હોય તેને જ મંજૂર કરશે. જે ઈચ્છાઓ આપણને ઉપર ઉઠાવે છે કે નહીં તે જોઈને જ પસંદગી કરે છે. કારણ કે તે ગુરુ છે.

એક મુલાકાતમાં એક વખત તેમણે અમને કહેલું કે તમે જે કંઈ સારુ ઈચ્છશો તે સ્વીકારવામાં આવશે પરંતુ તે આપણી ઈચ્છાઓ માટે યોગ્ય સમય પણ નક્કી કરે છે, કારણ કે આપણામાંના દરેક માટે શું સારુ છે તે સ્વામી જાણે છે અને આપણાં ભૂતકાળ-ભવિષ્યકાળ અને વર્તમાન કાળને પણ જાણે છે. આધ્યાત્મિક માર્ગમાં 'ધૈર્ય' મુખ્ય જરૂરિયાત છે. તેથી આપણે આપણી ઈચ્છાઓ સ્વામી સ્વીકારે તેની ધીરજપૂર્વક પ્રતિક્ષા કરવી જોઈએ.

આ સંદર્ભમાં મને પ્રત્યક્ષ અનુભવ છે. મારા પતિ પુટ્ટપર્તિમાં રહેવા માટે ખૂબ નાખુશ હતા. તેમણે કહ્યું કે તે સ્થળે તેમનો સંબંધ સ્થાપિત થઈ શકતો નહોતો (મતલબ કે ફાવતું નહોતું). તેથી આશ્રમ છોડી દેવા ઈચ્છતા હતા. મેં કહ્યું, "હું પુટ્ટપર્તિ છોડીશ નહીં અને તમે જો એવું ઈચ્છતા હો

તો જાવ અને બાળકો સાથે રહો." આખી રાત મેં પ્રાર્થના ચાલુ રાખી કે પુટ્ટપર્તિમાં રહેવાનું તેમના માટે સારું બને અને તેમની ઓરા (પ્રભા) આ ગ્રહણ કરે. મેં સ્વામીને પ્રાર્થના કરી એવું કહીને કે જો તેઓ તેમને અહીં રાખવા ઈચ્છતા હોય તો તેવું કરે. મેં આ પ્રશ્ન તેમને ચરણે ધરી દીધો. બીજી જ સવારે મારા આશ્ચર્ય વચ્ચે મારા પતિએ કહ્યું કે તેમણે પુટ્ટપર્તિમા રોકાવાનું નક્કી કરેલ છે. તેઓ આશ્રમમાં તેમની છેલ્લી ક્ષણો સુધી રહ્યા હતાં.

**<u>પરિણામો 'તેમના' પર છોડો.</u>**

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે કે તમને માત્ર કાર્ય કરવાનો અધિકાર છે, પરિણામ માટેનો નહીં. પરિણામ તેમના (ઈશ્વરના) હાથમાં છે. અને આપણે પરિણામને નિયંત્રિત કરી શક્તા નથી. તેથી ખરી વસ્તુ એ છે કે પરિણામ તેમના ઉપર જ છોડી દેવું. જેથી યોગ્ય ક્ષણે આપણને કાર્યોનું ફળ આપશે.

આ સંદેશ વહન કરતા સ્વામી કહે છે, "જ્યારે તમે પુટ્ટપર્તિ આવો છો, ત્યારે ઘણા લોકોને મળો છો. કેટલાંક સારા હોય છે, કેટલાંક ખરાબ. તમને રોકાવા માટે કદાચ એક દિવસ સારી જગ્યા મળે અને બીજે દિવસે અસુવિધા/અગવડતા વાળુ સ્થળ મળે. પરંતુ આ બધી વસ્તુઓની તમારા પર અસર થવી જોઈએ નહીં. તમે આશ્રમમાં તમારી આંતિરક મુસાફરી માટે આવેલા છો. બહારની બાજુએ શાંતિ શોધો નહીં. તે તો તમારામાં છે. તેથી અંદર (ભીતર) જુઓ. જો તમે વિચારો કે પુટ્ટપર્તિમાં શાંતિ મુક્ત રીતે ઉપલબ્ધ છે તો તમે તે વિષયને બરાબર સમજ્યા નથી. આ જ્ઞાન છે જે તમારે જાણવું જોઈએ. મન કેટલીક વાર આપણી સાથે ચાલાકી કરે છે. અથવા આપણા પર યુક્તિઓ અજમાવે છે પરંતુ તે પણ શાણપણ મેળવવામાં સહાયભૂત થઈ શકે છે, તેથી આપણા મનને કેળવવું પડે, તેને તાલીમ આપવી પડે. આ એ જ છે જેનો કર્મયોગ (કાર્યમાર્ગ)માં ઉલ્લેખ થયેલો છે. મનને સંયમિત/નિયંત્રિત કર્યા પછી કોઈ પણ વ્યક્તિ જ્ઞાનયોગ તરફ આગળ વધી શકે છે, જે ડહાપણનો રસ્તો છે. અને ત્યાર બાદ ભક્તિયોગ (ભક્તિ માર્ગ) આવે છે. ત્યાં સુધી આપણી ભક્તિ પૂર્ણ થતી નથી. ભક્તિ ત્યારે જ પૂરી થાય જ્યારે આપણી પાસે ડહાપણ હોય. ભગવદ્ ગીતામાં આ સૂચન કરેલ છે. જ્ઞાનની સાથે સાથે ધ્યાન (ચિંતન) તમારે કરવું જ પડે. ધ્યાનની સાથે તમારે ફળનો ત્યાગ કરવો પડે એટલે તમારા કાર્યના પરિણામને છોડવું પડે.

**<u>આપણા અંતરાત્માને (વિવેક બુદ્ધિને) જગાડવો / જાગૃત કરવો.</u>**

એક વખત વ્હાઈટ ફિલ્ડમાં સ્વામીએ કહેલું, "રાની માં, હું અંદરના ગુરુને જાગૃત કરવા માટે આવેલો છું. બાહ્ય ગુરુ પર આધાર ન રાખો, આ રીતે પ્રાર્થના કરો, "સ્વામી કૃપા કરી મારા આંતરિક ગુરુ બનો. મને અંદરથી કહો કે મારે શું કરવું જોઈએ. અને હું તે કરીશ?" ત્યાર બાદ હું ચોક્કસપણે તમારી અંદરથી તમને માર્ગદર્શન આપીશ." ત્યાં 'મને' અને 'મારું' હોવું જોઈએ નહીં. તે પૂરેપૂરૂ સ્વામીનું હોવું જોઈએ. જેથી 'હું' અને 'મારું જ' ની ભાવનાઓ કે લાગણીઓ ઉઠશે કે તરત જ આપણે તે ક્ષણે અજ્ઞાનના રાજ્યમાં પ્રવેશી જઈશું. સ્વામી કહે છે, "ત્યાં ગમો કે અણગમો હોતો નથી. રાગ અને દ્વેષ (આસક્તિ અને ધૃણા)ના દ્વંદની ઉપર ઉઠવાનું છે. કોઈ એક વ્યક્તિ અજ્ઞાનવશ ક્રિયા/કાર્ય કરી રહ્યો છે કારણ તેના શરીરની સભાનતાને લીધે અને તેથી જ તેના પર કરુણા કરવી ! તે એવી વ્યક્તિ છે જે આત્માના સિદ્ધાંતને હજુ સુધી સમજી શકેલ નથી. આવા લોકો માટે અનુકંપા હોવી જોઈએ અને તેમના માટે પ્રાર્થના કરવી જોઈએ. આપણે સમજવું જોઈએ કે દરેક અસ્તિત્વની અંદર સ્વામીનો વાસ છે. તેથી કોઈને દુભાવવા કે કષ્ટ આપવું જોઈએ નહીં.

આપણે લોકોની તુલના (સરખામણી) કે ચકાસવાનું (કસોટી કરવાનું) બંધ કરવું જોઈએ. આવું કરવાથી આપણે દુ:ખ ખરીદી રહ્યાં છીએ. જો

આપણે તે માર્ગ પકડીશું તો સ્વામી પણ આપણને મદદ કરશે નહીં, કારણ કે આપણે ખોટો માર્ગ અપનાવીએ છીએ. એક વખત મેં જ્યારે તેમને કહ્યું, "સ્વામી, હું એક સારી ભક્ત બનવા ઈચ્છું છું." તેમણે કહ્યું, "તે તો ખૂબ સરળ છે, તમારે જે કાંઈ કરવાનું છે તે માત્ર 'મારી આજ્ઞાનું પાલન' કરવાનું છે. કોઈ પુસ્તકો કે શાસ્ત્રો મદદ કરી શકે નહીં. માત્ર ગુરુ જ તમને આધ્યાત્મના માર્ગે લઇ જઇ શકે." આધ્યાત્મના આકાંક્ષી માટે ગુરુ આજ્ઞાનું પાલન જ અગત્યનું લક્ષણ છે. આજ વસ્તુ વ્યક્તિને ઉપર લઇ જઇ શકે છે. એવું ન હોવું જોઈએ કે કેટલીક બાબતોમાં આપણે સ્વામીને અનુસરીએ અને બીજી કેટલીક બાબતોમાં આપણે આપણા પોતાના નિર્ણયો લઇએ. સ્વામીને શરણાગતિ તો પૂરેપૂરી હોવી જોઈએ. તેમણે આપણને મુક્તિનું વચન આપેલ છે. જો આપણે આ પ્રકારની શરણાગતિનો મહાવરો પાડીયે, તો મુક્તિ બીજુ કશું નથી પરંતુ આપણા શરીરની સભાનતા અને અહંકારમાંથી આઝાદી. 'હું' અને 'મારુજ' અહંકાર કે અહમને ઘડે છે, રચે છે.

**ભજન-પાઠ.**

સ્વામી પ્રશાંતિ નિલયમમાં ગયાના બે વર્ષ પછી, અમે હજુ પણ જુના મંદિરમાં હતા અને ભજન માટે પ્રશાંતિ નિલયમમાં આવતા. કોઈ એક પ્રસંગે ભજનના સમયે તેમણે અમને ગાવાનું બંધ કરવા કહ્યું. હું તેમની ખૂબ જ નજીક બેઠેલી હતી. મારી સામે જોઈને સ્વામીએ કહ્યું, "તમે ગાવ છો? મેં હકારાત્મક રીતે જવાબ આપ્યો, અને ઉમેર્યું કે હું કર્ણાટિક સંગીત (લોકોના મનોરંજન માટે શેરીઓમાં તહેવારો દરમ્યાન વાદ્યો સાથે ગવાતુ ગીત-સંગીત) જાણતી નથી. માત્ર હિંન્દુસ્તાની ગાઈ શકુ છું." મારી દૃષ્ટિમાં તેવું હતું કે સ્વામીને માત્ર ત્યાગરાજના કિર્તન જે લોકસંગીત પર આધારિત હોય છે તેવા ભજનો જ ગમે છે. પરંતુ તેમણે કહ્યું, "કોઈ વાંધો નહીં, તમે એક ભજન ગાઓ." તેથી મેં મારા મનમાં તે ક્ષણે આવ્યું તે ભજન ગાવાનું શરૂ કર્યું. બીજે દિવસે હું ગઈ ત્યારે સ્વામીએ ઈચ્છા કરી કે જે ભજન મેં ગાયેલું તે જ ફરીથી મારે ગાવુ. ત્રીજા દિવસે પણ કોઈ ફેરફાર થયો નહીં. એકના એક ભજન ગાઈ હું થોડીક હતાશ થયેલી, કારણ કે હું તેના અર્થ તરફ ધ્યાન આપતી નહોતી. તેથી સ્વામીને દરેકની સામે મેં કહ્યું કે, "સ્વામી, હું ઘણાં ભજનો જાણું છું. શું બીજુ કોઈ એક ભજન ગાવું?" તેમણે કહ્યું, "કોઈ જરૂર નથી. હું ઈચ્છુ છું કે તમે માત્ર આ જ ભજન ગાઓ." આપણે ક્યારેય આપણી રીતે તેમને સમજી નહીં શકીએ. તેઓ જો પોતે તેમની જાતને આપણી સમક્ષ પ્રગટ કરે તો જ. (કાંઈક આપણે સમજી શકીશું). તેમને સમજવા એટલે દરિયાકાંઠે રહેલા રેતીના કણોને ગણવા જેવું છે.

થોડા દિવસ પછી તેમણે અમુક સ્ત્રીઓને ઉપરના માળે પોતાનો ખંડ સાફ કરવા માટે બોલાવી. અમારામાંની આશરે પાંચેક સ્ત્રીઓ ઉપર ગઈ અને હું જ્યારે સફાઈ કાર્યમાં મગ્ન હતી ત્યારે મેં તેમને ગાતા સાંભળ્યા, "રામ નામ જપના રે.... રામ નામ જપનારે...." તે એ જ ભજન હતું, જે થોડા દિવસ પહેલા મને ગાવાનું કહેલું. મને થોડી નવાઈ લાગી અને મારી જાતને કહેવા લાગી, બહુ થયું આ એકના એક ભજનનું. શા માટે તે જ ભજનથી મને કંટાળો આપી રહ્યાં છે?' હું પાછળ ફરી અને મેં તેમના સામે જોયું. મારો ચહેરો જ એક પ્રશ્નાર્થ ચિહ્ન હતો ! તેમણે કહ્યું, "તમને નવાઈ લાગે છે ને કે હું શા માટે તે જ ભજન ગાઈ રહ્યો છું, ખરુંને? હું આ વારંવાર ગાઈ રહ્યો છું કારણ કે તેમાં જ જ્ઞાનનો સાર છે. જો તમે તે જ્ઞાન ગ્રહણ કરી શકો તો તમારે બીજુ કાંઈ વધારે કરવાની જરૂર જ નથી. તમે તમારું આધ્યાત્મિક લક્ષ્ય પ્રાપ્ત કરી લીધેલ હોય તેવું છે." તે ક્ષણ સુધી મેં ભજનના અર્થ તરફ ધ્યાન આપેલું જ નહોતું. તે વખતે પણ હું સમજી નહોતી. પણ પાછળથી તેના પર વારંવાર ચિંતન કર્યું. મને

સમજાયું કે સ્વામી ઈચ્છતા હતા કે હું તે ભજનમાં રહેલા મહાન અને પ્રબળ પાઠને શીખું. તે ભજનનો અર્થ અદ્વૈતના સિદ્ધાંત પર ભાર મુકતો હતો. તેના તરફ સ્વામી મારું ધ્યાન ખેંચવા ઈચ્છતા હતા. 'તાલ' કેટલો સારો છે તેના કરતાં 'અર્થ' ઘણો મહત્વનો છે, તે સમજાવવા તેઓ ઈચ્છતા હતા. તે કીર્તનનો અર્થ આ પ્રમાણે થાય છે, "રામ નામ હંમેશા જપો. માનવ ! જ્યાં સુધી શ્વાસ લઈ રહ્યો છે ત્યાં સુધી આ સ્થળ તારું છે (જબ લગ યહ શ્વાસ તન ભીતર, તબ લગ યહ જગ અપના રે!) જ્યાં સુધી તું શ્વાસ લઈ રહ્યો છે ત્યાં સુધી તું કહે છે "મારો પૈસો, મારું ઘર વગેરે પરંતુ એક વખત શ્વાસ બંધ થઈ જાય, પછી તારું કશું રહેતું નથી.

ત્યાર બાદ તે કહે છે મા-બાપ, બાળકો, સગા સંબંધીઓ વગેરે માત્રને માત્ર તારી પોતાની કલ્પના છે. આ સર્જન માત્ર કાલ્પનિક છે. તે તારા મનમાં સર્જાયેલ યોજના છે, જે ખરેખર અસ્તિત્વમાં જ નથી. તે ભ્રમણા છે.

બધાં જ સંબંધો/સગાઈ હૈયાતિ ધરાવે છે પરંતુ માત્ર સાપેક્ષ રીતે, સંપૂર્ણ સુત્રોમાં નહીં. તમે, માત્ર પાત્ર ભજવી રહ્યાં છો. કલ્પનાનો અર્થ તમે એક પાત્ર વિચારો છો અને તે ભજવો છો. તે સત્ય નથી. તેઓ આગળ કહે છે, 'તમારે તમારા નજીકના સગા-સ્નેહીઓને છોડી દેવા પડશે. ઝુઠી જગત, કલ્પના સારી, આખિર યહ જગ સપના રે !" (અંતે તો તે એક માત્ર સ્વપ્ન છે) અંતનો અર્થ એ નથી કે મૃત્યુ પછી કોઈને તેનો સાક્ષાત્કાર થાય. તે વસ્તુ સમજાતા મને થોડો સમય લાગ્યો. તેમણે કહ્યું, "તમે જ્યારે તમારા જીવનને એક સ્વપ્ન સમજશો ત્યારે તમે તે દિવા-સ્વપ્નમાંથી જાગૃત થશો. તમે જ્યારે જાગો છો, ત્યારે સ્વપ્ન મળતું નથી. સ્વપ્ન ત્યાં રહેતું જ નથી."

એ જ પ્રમાણે, જ્યારે આપણે આપણને સ્વયંને જાગૃત કરીયે છીએ, ત્યારે સ્વપ્ન બંધ જઈ જાય છે. સ્વામી કહે છે, "તમે તમારા સત્ય-સ્વયંને જગાડો તો, જે જગતની તમે ચિંતા કરો છો, તેનું અસ્તિત્વ જ બંધ થઈ જશે.". આ ભજનને પૂરેપૂરું સમજતા મને સારો એવો સમય લાગ્યો. જ્યાં, જ્યાં મને વાત કરવાનું કહેવામાં આવે, ત્યાં ત્યાં હું આ ભજનનું વારંવાર પુનરાવર્તન કરું છું. પુટ્ટપર્તિ આવ્યા પછી સ્વામીએ જ શીખવ્યું તેનો નીચોડ અથવા અર્ક આ છે. હું ૧૯૫૦ માં અહીં આવેલી તેથી અર્ધી સદી કરતાં પણ વધારે સમય થયો. આ ભજન મેં ૧૯૫૪ કે તેની આસપાસ ગાયેલું અને મેં અંદર ઉતરવા માટે ખૂબ સાધના કરેલી અને હવે તે પૂરેપૂરૂ વાસ્તવમાં મને સમજાય છે. (ક્રમશઃચાલુ......)

**- શ્રી સત્ય સાઈ મિડીયા સેન્ટરના સૌજન્યથી.**

**- લેખિકા આશરે સાઈઠ (૬૦) વર્ષોથી નિષ્ઠાવાન અને સમર્પિત ભક્ત રહ્યાં છે. જે ભગવાન બાબા પાસે કદાચ વહેલામાં વહેલા ૧૯૫૦ માં આવેલા. ભગવાન દ્વારા તેમને 'રાની માં' કહીને બોલાવતા. તેમનું જીવન સ્વામીની દિવ્યતા કે દેવત્વના અનુભવોથી ચમકારા મારતી ખજાનાની પેટી (મંજૂષા) જેવું હતું.**

## મહાભારતમાં જે નથી તે બીજે ક્યાંય નથી

**આપણા મહાન વૈભવ વિષે જો ભારતના સંતાન તરીકે આપણે ઉંડાણથી ન જાણીએ તો તે શરમજનક છે. જેવી રીતે હાથી પોતાના બળ વિષે અજ્ઞાન બની મહાવતના કહેવાથી બેસે છે અને ઉઠે છે તેમ આપણે બીજાઓનું અંધ અનુકરણ કરી આપણો અમૂલ્ય વારસો ફગાવી રહ્યા છીએ અને પરિણામે અશક્તિમાન બની ગયા છે. આપણી સોના જેવી મિલ્કત આપણે લોખંડના બદલામાં વેચી રહ્યા છીએ. કદિ આપણું જ્ઞાન જાણવા પ્રયત્ન કરતા નથી. મહાભારતમાં છે તે બીજા શાસ્ત્રોને ધર્મોમાં કદાચ હશે પણ જે મહાભારતમાં નહીં હોય તે બીજે ક્યાંય નહીં હોય.**

(વૃંદાવનમાં વસંત વર્ષા ૧૯૭૨)

## ભગવાનનો કૃષ્ણ જન્માષ્ટમી નો સંદેશ

# શ્રી કૃષ્ણનું જીવન અને સંદેશ

"શર્કરા મધુરમ્ દુગ્ધં મધુરમ્ , મધુમૃતં મધુરમ્
મધુરાતીત મધુરમ્ રામનામ મધુરમ્ "
ભજો રે મનવા સતતં રામનામ ભજો રે...
હરે રામ ! હરે કૃષ્ણ ! હરે કૃષ્ણ ! હરે રામ !
ભજો રે......

(તેલુગુ કાવ્ય)

**આધ્યાત્મિક એકત્વની ભાવના કેળવો.**

વ્હાલા પ્રેમસ્વરૂપો, પરમાત્માની દિવ્ય શક્તિ અને તેમની લીલાઓનું અવમૂલ્યન કરવું, તેની ટીકા કરવી એ બહુ સરળ છે. પરંતુ એ દિવ્ય પરમાત્મતત્વમાં રહેલ સત્યને સમજવું કઠિન છે. સર્વવ્યાપક દિવ્યત્વ તો સત્યમાં અને અસત્યમાં પણ હાજર છે-વ્યાપક છે. તે તો ધર્મ અને અધર્મમાં પણ રહેલ છે. તે તો સારાપણા અને બૂરાપણામાં પણ રહેલ છે. દિવ્યત્વની આ સર્વવ્યાપકતા પ્રત્યે એટલો જ આદર રાખીને સારું શું અને નરસું શું એમ શી રીતે નક્કી કરી શકાય. અતિ પુરાણા કાળથી જ લોકો દિવ્યત્વની ઓળખ વિશે કહેતા આવ્યા જ છે; તેમના સ્વાનુભવના આધારે તેઓ કહેતા આવ્યા છે કે જે દિવ્ય છે તેને આકાર છે અને અગણિત શુભ-મંગળકારી લક્ષણો ધરાવનાર તત્વ દિવ્યતત્વ.

આ સૃષ્ટિ ત્રણ પાયા પર રચાયેલી છે અને કાર્ય કરી રહી છે. સર્જન, સંવર્ધન અને સંહાર. આ સત્યનો ક્યાંય પણ, કોઈનાથી પણ અસ્વીકાર થઈ શકે નહીં, પછી વેદાંતી હોય, વૈજ્ઞાનિક હોય, કે પછી ઈજનેર હોય કે પછી દુનિયાની કોઈ પણ વ્યક્તિ હોય. લોકો આ રીતે દિવ્યત્વનેં વર્ણવી શકે છે તે રીતે તેઓ ઈશ્વરતત્વને દર્શાવી શક્યા નથી. પરંતુ ઈશ્વરતત્વ શું છે તેનો અનુભવ-તેની અનુભૂતિ કઈ રીતે કરી શકાય તે માટેનો માર્ગ ચિંધ્યો છે.

**દિવ્ય શક્તિનો અનુભવ.**

દૂર દૂર આકાશમા દ્રશ્યમાન એવા ધ્રુવના તારાને પૃથ્વી પરના વૃક્ષ જેવા પદાર્થના આધારે નિહાળી શકાય છે. તેવી જ રીતે વેદો અને શાસ્ત્રોમાં એ દિવ્ય તત્વનું દર્શન ભલે ન થતું હોય તો પણ પરમાત્મદર્શન-આત્મદર્શનનો માર્ગ તો તેઓ ચીંધે જ છે.

ગાઢ લીલાછમ અરણ્યોનું દર્શન તો આનંદમય હોય છે. ઊંચા ઊંચા પર્વતોનું દર્શન તો આશ્ચર્યકારક હોય છે. નદીના પાણીના વ્હેણ પણ એવા જ આનંદદાયક હોય છે. આ બધા પરમ દિવ્ય શક્તિની પ્રતીતિ કરાવે છે.

તારલા પ્રકાશે છે. ગ્રહો ઘૂમતાં રહે છે. સૂર્ય સદા પ્રકાશતો જ રહે છે. વાયુ વીંઝાતો જ રહે છે. આ સર્વ દિવ્ય તત્વની કાર્યશીલતા-સતત્ પ્રવૃત્તિશીલતાનો પરિચય કરાવે છે. તમે જ્યારે અગ્નિનો તણખો જુઓ છો ત્યારે તમને અગ્નિના પ્રકારનો ખ્યાલ આવે છે. પાણીના ટીપાનો જો પરિચય કરી શકો તો તમને મા ગંગાના લક્ષણનો ખ્યાલ આવી શકે. તે જ પ્રમાણે તમને અણું-પરમાણુંનું જ્ઞાન થાય તો સમગ્ર સૃષ્ટિના ગુણધર્મનો તમે ખ્યાલ કરી શકો. આ પરમ સત્યને આધારે જ ઉપનિષદો કહે છે, "એ પરમ દિવ્ય તત્વ તો અણું કરતાયે સુક્ષ્મ છે અને વિરાટ્મ કરતાંયે વિરાટ છે.

મનુષ્ય પણ ખરેખર તો અગણિત શક્તિઓ ધરાવતા દિવ્ય તત્વનું જ સ્વરૂપ છે. પ્રત્યેક જીવમાં રહેલ એ દિવ્ય તત્વ જ દિવ્યમાન બની રહે છે. પરંતુ શરીરભાવ સાથેની આસક્તિના કારણે જ માનવી આત્મા સાથે અનુબંધન કરી શકતો નથી.

સર્વ જીવોમાં દિવ્યતત્વ વ્યાપક છે એથી સમજીને સત્યની ખોજ થવી જોઈએ. સત્ય શું છે ? સત્ય ક્યાં છે ? સત્યની ખોજ શી રીતે સર્વત્ર કરવી? તે માટે વાસ્તવિક હકીકત અને દેખીતી હકીકતો વચ્ચેનો તફાવત જાણવો જોઈએ. આપણે સુરજને દરરોજ ઉગતો અને આથમતો જોઈએ છીએ. આ દેખીતી વાત છે. પરંતુ વાસ્તવિકતા અલગ જ છે; સૂર્યની આસપાસના પૃથ્વીના ભ્રમણના કારણે સૂર્યોદય અને સૂર્યાસ્ત આપણને દ્રશ્યમાન બને છે.

તે પ્રમાણે બાહ્ય અવલોકનો ના આધારે તમારી જાતને તમે જુઓ છો તે સત્ય નથી- તે સાચું દર્શન નથી. તમારામાં રહેલ દિવ્ય તત્વ એ જ તો તમારું સાચું દર્શન છે.

ધ્યાનના માધ્યમથી તમારા હૃદયનું મંથન- હૃદયનું વલોણું કરીને માખણ નીકળે એ અધ્યાત્મ સાધના છે. દયા-કરુણાનો ભાવ હૃદયમાંથી ઉદભવે છે. માનવીનું હૃદય તો ક્ષીર સાગર જેવું હોવું જોઈએ. તેના બદલે આજે તો ઠેર ઠેર તિરસ્કાર, લોભ અને નિંદાના દૂષણોને કારણે એ દૂધ નો સાગર ખારો બની ગયો છે.

**<u>શ્રી કૃષ્ણ લીલાઓ.</u>**

શ્રીકૃષ્ણના બાળપણની ઘટનાઓનું પણ વિશિષ્ટ અર્થઘટન હોય છે. ઉદાહરણ તરીકે જ્યારે માતા યશોદાએ માટી ખાવા માટે (બલરામે ફરિયાદ કરી હતી) ઠપકો આપ્યો ત્યારે શ્રીકૃષ્ણે જવાબ આપ્યો, " મૈયા, હું બાળક નથી કે નથી એવો અવિચારી મૂર્ખ બાળક કે માટી ખાઉં." આ રીતે પોતે વયમાં બાળક હોવા છતાં આડકતરી રીતે પોતાના દેવત્વનો સંકેત આપ્યો હતો. આ રીતે પરમાત્મ તત્વ માનવજાતને આડકતરી રીતે બોધપાઠ આપે છે. ભગવાનના કાર્યો-પ્રવૃત્તિઓને માત્ર બાહ્ય દ્રષ્ટિથી ન જોતાં તેના આંતરિક અર્થઘટન સમજવાની જરૂર છે-તેના ગુઢાર્થને સમજવાની આવશ્યકતા છે. આ માટે આપણી સામાન્ય જીવનશૈલીમાં પણ ફેરફાર લાવવાની આવશ્યકતા છે. 'ભજ ગોવિંદમ' ભજનમાં આદિ શંકરે સ્પષ્ટ કર્યું છે કે ભગવત્ તત્વની આંશિક અનુભૂતિ પણ વ્યક્તિના જીવનમાં કેવું પવિત્ર પરિવર્તન લાવે છે. શ્રીકૃષ્ણના શૈશવકાળમાં ગોકુળ વૃંદાવન માં ગોપ- ગોપિકાઓ સાથેના તેમના વ્યવહાર અંગે ગેરસમજ પ્રવર્તે છે. તેનું ખોટું અર્થઘટન કરવામાં આવ્યું છે. શ્રીકૃષ્ણ તો ગોકુળ વૃંદાવનના ગામમાં માત્ર પાંચ જ વર્ષ રહ્યા અને માટે પાંચ વર્ષનો એક બાળક અશિષ્ઠ વ્યવહાર આચરે એમ કહેવું તદ્દન જ વાહિયાત છે. મથુરા ગયા પછી શ્રીકૃષ્ણ વૃંદાવન ગોકુળ પાછા આવ્યા જ ન હતા.

ભગવાન શ્રીકૃષ્ણના પવિત્ર-શુદ્ધ જીવનને નિંદનીય રીતે ચિતરવું એ ફક્ત ને ફક્ત ઈશ્વરનિંદા જ છે. પરમતત્વ-દિવ્ય તત્વનેં ઊંડાણથી સમજવાની જરૂર છે. પરમ ચેતના સૃષ્ટિના સર્વ જીવોમાં વ્યાપક જ છે. ચિત્ત સર્વ પદાર્થોમાં રહેલ ચેતના તત્વને પ્રકાશિત કરે છે. જે કોઈ પણ અસ્તિત્વ ધારણ કરે છે તેને ચિત્ત પ્રકાશિત કરી તેને પ્રજ્ઞેય બનાવે છે. અસ્તિત્વ એ સત્ અને ચિત્તનો સમન્વય પરમાનંદનો અનુભવ કરાવે છે. અને એટલે જ આ પરમાનંદ સૌનો જન્મજાત સ્વભાવ છે, જે ઈશ્વરદત્ત છે. દિવ્ય તત્વ તો પ્રત્યેક પદાર્થની અંદર અને બહાર વ્યાપક છે. દિવ્યત્વનું જ્ઞાન જ પરમાનંદ બક્ષે છે. પરંતુ બહુ ઓછા માણસો આની સમજ ધરાવે છે.

**<u>આનંદની અનુભૂતિ.</u>**

માનવીની મહત્વાકાંક્ષા તો આનંદ પ્રાપ્તિની હોય જ છે. આ દિવ્ય આનંદને, વેદાંત, યોગ તરીકે ઓળખાવે છે. સામાન્ય રીતે યોગ એટલે શ્વસનક્રિયા અને એક પ્રકારનો વ્યાયામ છે એવી માન્યતા રહેલી છે. પરંતુ યોગનો સાચો અર્થ એ નથી. યોગનો સાચો અર્થ તો છે પરમ આનંદ-દિવ્ય આનંદ. તો આ દિવ્ય આનંદની પ્રાપ્તિ ક્યાંથી થાય ? જે પરમાનંદનું સ્વરૂપ છે તેની પાસેથી પરમાનંદ પ્રાપ્ત થઈ શકે. સત્તા, સંપત્તિ કે પછી પદની પ્રાપ્તિ આવો આનંદ ન આપી શકે. પરમાનંદની પ્રાપ્તિ તો ઈશ્વરતત્વમાંથી જ પ્રાપ્ત થઈ શકે, જે સ્વયં પરમાનંદનું સ્વરૂપ છે એ પ્રભુ જ પરમાનંદ આપી શકે.

આ પરમાનંદ-દિવ્ય આનંદ શી રીતે પ્રાપ્ત થાય ? તો એના માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ રાધા અને ગોપિકાઓનો એકપક્ષી પ્રેમ. આલોચકો દ્વારા ગોપીઓના પ્રેમનું વિકૃત અર્થઘટન કરવામાં આવ્યું છે. ગોપિકાઓ તો વિચારોનું પ્રતીક છે અને રાધા, મનમાં રહેલા વિચારોના સંમિશ્રણનું પ્રતિક છે. એટલે મન અને તેનામાં રહેલા સર્વ વિચારો પ્રભુને સમર્પિત થવા જોઈએ. માનવીનું મન કૃષ્ણમાં લીન થઈ જવું જોઈએ. કૃષ્ણ એ માનવજીવનમાં પ્રજ્ઞાનું પ્રતિક છે. વેદાન્તિક સૂત્ર "પ્રજ્ઞાનં બ્રહ્મ" પણ આ હકીકતનો સ્વીકાર સૂચવે છે. આ પ્રજ્ઞાન પણ

માનવ શરીરના સર્વ અંગ-ઉપાંગોમાં વ્યાપક છે- મન અને બુદ્ધિ(મગજ) આ છે સંકલિત પૂર્ણ ચેતના. આપણા વિચારો, આપણી ઈચ્છા-મહેચ્છા અને આપણી મહત્વાકાંક્ષા એ સર્વ પ્રજ્ઞામાં વિલીન થવા જોઈએ.

એવો પ્રશ્ન પણ થાય કે જ્યારે સર્વજીવોમાં પ્રજ્ઞા બ્રહ્મતત્વ રૂપે વ્યાપક હોય તો સૃષ્ટિ પર અવતારોના પ્રાગટ્યની શી જરૂર છે ? અવતારોના પ્રાગટ્યના કારણો પણ છે. બે પ્રકારની ધારણા શક્તિ હોય છે. પ્રત્યક્ષ અને પરોક્ષ. ક્ષમતાઓ પણ બે પ્રકારની હોય છે એક આંતરિક અને બીજી બાહ્ય. દાખલા તરીકે લાકડાના ટૂકડામાં અગ્નિ તો રહેલો જ છે અને જ્યારે તેની ગુપ્ત દહન શક્તિ બહાર આવે ત્યારે જ તે રાંધવાના ઉપયોગમાં આવે છે. તે પ્રમાણે પ્રત્યેક વ્યક્તિ લાકડાનો ટુકડો જ છે. દરેકની ભીતર આત્મિક શક્તિ પડેલી જ છે. તેને પ્રગટ કરવા માટે પ્રેમના કોઈ પ્રકારની જરૂર છે. જેમ અગ્નિ પ્રગટાવવા માટે દિવાસળીની જરૂર પડે છે તે પ્રમાણે જ પ્રેમમાં પ્રેમ લીન થાય તો જ દિવ્યતાની અનુભૂતિ થાય.

જો લોકોએ અધ્યાત્મ આનંદની પ્રાપ્તિ કરવી હોય તો આ ત્રણ સિદ્ધાંતોનું પાલન કરવું પડે. એક તો જે ખરેખર જાણવા જેવું હોય તે જાણવું જોઈએ અને જે જાણવા જેવું ન હોય તેને છોડવું પડે. અને ત્રીજું, જે લક્ષ્ય છે તે પામવા માટે સતત્ પ્રયત્નશીલ રહેવું પડે. આ ત્રણ વસ્તુઓ-સિદ્ધાંતોનું અનુસરણ થાય તો અવશ્ય પરમાનંદનો અનુભવ થાય જ. તો જાણવા જેવું શું જાણવું જોઈએ ? આ જગત શું છે? હું ક્યાં સુધી જીવીશ ? આપણે તો ઘણા લોકોને વિદાય થતા જોઈએ છીએ ? આગમન અને વિદાય એ તો સતત્ ચાલુ જ રહે છે. જ્યારે આ દિવ્ય-જગતમાં નાશવંતતા સમજાય... એના પ્રત્યેની આસક્તિ ન રહે ત્યારે જ શાશ્વત-પરમ આનંદની પ્રાપ્તિ થાય.

બીજું તમારે શું ત્યાગવું જોઈએ ? આપણી ભ્રમણા-ખોટી માન્યતા, જે સત્ છે-જે નિત્ય છે તેની અવહેલના અને જે અવાસ્તવિક છે તેને સાચું માનીને તે પ્રાપ્ત કરવાની ખેવના. લોકો એવું માને છે કે તેઓ માયાની જાળમાં ફસાય છે અને દુ:ખી થાય છે. પરંતુ ખરેખર તો તમને જકડી રાખવા માટે દુ:ખને હાથ જ નથી, આપણે દુ:ખને વળગી રહીએ છીએ. આ બધું આપણા અજ્ઞાનના કારણે છે. જ્યારે તમે આ અજ્ઞાનના વાતાવરણમાંથી મુક્ત થશો ત્યારે પરમાનંદની અનુભૂતિ કરી શકશો.

**<u>આપણે તો આપણા ઉગમસ્થાને જ પાછા જવાનું છે.</u>**

આપણે કયાં અંતિમ લક્ષ્યને વીંધવાનું છે. તમે જ્યાંથી આવ્યા છો તે ઉદગમસ્થાને જ પાછા જવાનું છે. આત્મા એ આપણો ઉદભવ સ્ત્રોત છે અને આત્મા તરફ જ ગતિ કરી-ફરી આત્મામાં જ ભળી જવાનું છે. આ જ વસ્તુ ઉપનિષદોમાં કહેવાઈ છે: 'અસતો મા સદગમય', અસત્ માંથી સત્ તરફ મને દોરી જાઓ. જ્યાં સત્ય છે ત્યાં અસત્ય તો પડછાયારૂપ હોય જ છે. “તમસો માં જ્યોતિર્ગમય” 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ પ્રકાશે તું લઈ જા'. તો આ અંધકાર અને પ્રકાશ શું છે? પ્રકાશનું પોતાનું અસ્તિત્વ છે જ. જ્યારે પ્રકાશનો અભાવ એટલે અંધકાર. પ્રકાશ ની શોધ એટલે અંધકારનો વિલય. “મૃત્યુર્મા અમૃતમ ગમય” મૃતત્વથી થી અમરત્વ માં દોરી જા. જન્મ અને મૃત્યુ તો શરીરને જ વરેલા છે; આત્માને નહીં. આત્મા સનાતન-શાશ્વત-અમર છે. આત્મા જ સત્ય છે- નિત્ય છે. ચિર શાંતિ ના અનુભવ માટે આ સત્ય તમારે પચાવવાનું છે. પરમાનંદ-શાશ્વત સનાતન આનંદની અનુભૂતિ માટે ઈશ્વરમાં અટલ શ્રદ્ધા કેળવવી પડે.

**<u>શ્રીકૃષ્ણ અને શ્રીરામમાં ભિન્નતા.</u>**

આજે આપણે શ્રીકૃષ્ણનો જન્મ દિન ઉજવીએ છીએ. શ્રીકૃષ્ણનો જન્મ ક્યાં થયો હતો? જેલમાં. સાથે શું લાવ્યા? કંઈ જ નહીં. જેલમાં જન્મ્યા અને પછી તેમને નંદઘેર લઈ જવાયા, અને તે પછી તે મથુરા ગયા. તેમની પાસે પોતાનું કહી શકાય એવું કશું જ ન હતું. પરંતુ વિશ્વની અતિવિશિષ્ઠ વિભૂતિ તરીકે પંકાયા. આ શું દર્શાવે છે ? દુન્યવી સંપત્તિથી મહાનતા સ્થાપિત થતી નથી. હંમેશા આનંદમાં જ રહેવું એ કૃષ્ણની મહાનતા હતી.

જો તમે રામ અને કૃષ્ણ વચ્ચેનો તફાવત સમજશો તો તમને કૃષ્ણનો સ્વભાવ વધારે ગમશે.

કૃષ્ણ પહેલાં સ્મિત વેરે પછી પોતાનું કાર્ય શરૂ કરે. જ્યારે રામ પહેલાં કાર્ય કરે પછી સ્મિત આપે. કૃષ્ણ સ્ત્રીઓને રડાવતા જ્યારે રામ સ્ત્રીઓ માટે આંસુ સારતા. ચોક્કસ કારણ હોય તો રામ યુદ્ધનો નિર્ણય કરતા. જ્યારે કૃષ્ણ પહેલાં સંઘર્ષનું વાતાવરણ ઊભું કરે અને યુદ્ધે ચઢતાં. કૃષ્ણનો આદર્શ મોજમજા, આનંદ અને મસ્તી જ્યારે રામનો આદર્શ પરોપકાર પર આધારિત હતો. રામરાજ્ય-સત્ય અને ધર્મ આધારિત શાસન એ રામાયણનું ધ્યેયલક્ષ્ય હતું. કૃષ્ણ પોતાના માટે કશું જ કરતા નહીં-અંગત સ્વાર્થ માટે કંઈ જ વિચારતા નહીં. તેઓ તો જે કંઈ કરતા તે સર્વસ્વ લોકહિત માટે જ કરતા. તેમણે મામા કંસને હણ્યો. પરંતુ રાજગાદી કંસના પિતા ઉગ્રસેનને સોંપી ( પોતે રાજગાદી સંપાદન ન કરી). તેમણે પાંડવો સાથે મૈત્રી સંબંધ બાંધ્યો-કૌરવોને પરાજિત કર્યા અને રાજ મુકુટ પહેરાવ્યો ધર્મરાજ યુધિષ્ઠિરને. તેમણે રાજપાટ ન સંભાળ્યું. તેઓ તો તાજ વગરના રાજા હતા. કૃષ્ણ રાજાઓના પણ રાજા હતા. તેમને પોતાનું રાજ્ય હતું જ નહીં. છતાં કરોડો લોકોના હૃદય પર રાજ કર્યું. આ જ છે કૃષ્ણ તત્વનું અગમ્ય સત્ય. જો તમે ઊંડાણથી વિચારશો તો તમને ખબર પડશે કે દરેક અવતાર કોઈને કોઈ વિશિષ્ઠ સંદેશ અને વિશિષ્ઠ હેતુસર જ પૃથ્વી પર પ્રગટ થાય છે.

**કૃષ્ણની દિવ્ય શક્તિ.**

ગોપિકાઓ, માં યશોદાને કૃષ્ણના તોફાન-ટીખળ માટે ફરિયાદ કરતી. પરંતુ કૃષ્ણ હળવી મશ્કરી કે ટીખળ કરતાં, તે સત્ય આધારિત જ હતું. કૃષ્ણ મશ્કરીમાં પણ ક્યારેય જૂઠું-અસત્ય ન બોલતા. પરંતુ જેઓ કૃષ્ણની વાણીનો મર્મ ન સમજી શકતા-તેનો ગુહ્યાર્થ સમજી ન શકતા તેવા લોકો શ્રીકૃષ્ણને જુઠ્ઠાબોલા કહેતા. આ પ્રકારની ગેરસમજ બધા જ યુગોનો મહારોગ હતો.

જ્યારે એક વાર ગોપીએ મા યશોદાને ફરિયાદ કરી કે કૃષ્ણ એક ગોવાળના ઘરમાં રાત્રે ગયા અને થોડી ધાંધલ ધમાલ કરી, ત્યારે માતા યશોદા સમક્ષ બચાવ કર્યો કે જ્યારે રાત્રે તે યશોદાજીની સોડમાં સૂતા હોય તો શી રીતે બહાર ગયા હોય ? સાચું એ હતું કે કૃષ્ણ પોતાની દિવ્યશક્તિ થકી બંને જગ્યાએ હતા. કૃષ્ણ તો ઘણીવાર આવી મૂંઝવણ રૂપ ચમત્કાર કરતા. (મા યશોદાને કૃષ્ણની વિરૂદ્ધમાં ફરિયાદ કરતી ગોપિકાઓ વિશે ભગવાન અનેક ભજનો ગાયા છે). દરેકે દરેક ફરિયાદ સામે કૃષ્ણ પાસે સચોટ અને સંતોષકારક બચાવ રહેતો. આડકતરી રીતે જ કૃષ્ણ પોતાની દિવ્ય શક્તિનું પ્રદર્શન કરાવતા. મા યશોદાને સમજાય એ રીતે કૃષ્ણ, દિવ્ય તત્વને જુદી જુદી રીતે સમજાવતા.

કૃષ્ણ ગોવાળો ના ઘરે જતા અને દૂધ તથા છાશ પીતા. આ રીતે સફેદ-શુધ્ધ દૂધ અને છાશ દ્વારા પોતાના કાર્યોના સત્વનું પ્રતિકાત્મક મહત્વ દર્શાવતા.

કૃષ્ણ, માં યશોદાને ઘણીવાર એ પણ સમજાવતા કે માં યશોદા જે માખણ આપતા તેના કરતાં ગોવાળોના ઘરના માખણને શા માટે પ્રાધાન્ય આપતા હતા. ગોપિકાઓના હૃદય તો કૃષ્ણ પ્રત્યેની નિસ્વાર્થ ભક્તિથી છલકાતા રહેતા. તેમની ભક્તિ તો મા યશોદાના માતૃ વાત્સલ્ય કે જેની પાછળનો તો આદર્શનો આછેરો ભાવ પણ રહેતો તેના કરતાં વધારે ચઢિયાતી હતી. કૃષ્ણ યશોદાને કહેતા, " મને તો શુદ્ધ, પવિત્ર અને નિસ્વાર્થ હૃદયના ભાવનું જ વધારે આકર્ષણ રહે છે.

**ભગવાનના પગલાઓને અનુસરો.**

તોફાન મસ્તી કર્યા પછી કૃષ્ણ ગોપીઓને ભૂલથાપ આપતા-ક્યાંક લપાઈ જતા. પરંતુ એક વાર તેમના પર દયાભાવ રાખીને પોતાની સંતાવાની જગ્યાનો સંકેત પણ આપવા માંગતા હતા કે જેથી સરળતાથી તેઓ પોતાને શોધી શકે. એકવાર તેઓ પોતાના ઘરોની આસપાસ કૃષ્ણને પકડી પાડવાના હેતુથી છુપાઈને બેઠા હતા. કૃષ્ણ ખૂબ જ છાની છૂપી રીતે ઘરમાં પ્રવેશ્યા, દૂધની હાંડી તોડી અને શાંતિથી છુપાઈ ગયા. ગોપીઓએ જોયું કે કૃષ્ણે હાંડી તોડી નાંખી હતી અને હવે તેને શોધવાનો પ્રયત્ન કરવા માંડી અને ઢોળાયેલા સફેદ દૂધમાં પડેલા પગલાંની છાપથી તેઓ તેમને શોધી શક્યા. કૃષ્ણ આ લીલા થકી એક આધ્યાત્મિક સત્ય દર્શાવવા માંગતા હતા કે જો તમે ભગવાનના

ચરણને પકડી રાખો તો તેમનાં દર્શન કરી શકો.” મારી પગલીને અનુસરો તો તમે મને પામી શકો.

ભાગવતમાંથી જે બોધ પ્રાપ્ત થાય છે તે માણસની મનોસ્થિતિ અનુસાર હોય છે. ભાગવતમાં દર્શાવ્યા અનુસારની કૃષ્ણની લીલાને સમજવી હોય તો આપણે કૃષ્ણલીલાના મર્મને સમજવો પડે. ઉદાહરણરૂપે કૃષ્ણ ભગવાન, સરિતામાં સ્નાન કરતી ગોપીઓના વસ્ત્રો ઉપાડી જાય છે. આ લીલા પાછળ ભગવાન કૃષ્ણ એક દર્શન કરાવે છે કે માનવીએ પોતાના દેહ પ્રત્યેની આસક્તિ જે અધ્યાત્મના પંથે અવરોધરૂપ આવરણ છે તેને ત્યજી દેવી જોઈએ. આ વાતને નાદાનિયત કે ભ્રષ્ટ વ્યવહારનું રૂપ ન આપવું જોઈએ.

**<u>રાધાના આનંદ ખાતર કૃષ્ણે બંસરીનો ત્યાગ કર્યો.</u>**

રાધાનો કિસ્સો તો તદ્દન અલગ છે. કૃષ્ણે રાધાના સમગ્ર હૃદયનું મંથન કરી પરમાનંદના અમૃત થકી તેને ભીંજવી દીધું હતું. રાધાને પોતાના કોઈ સગા-સંબંધી કે સ્વજન પ્રત્યે આસક્તિ ન હતી. (કૃષ્ણના વિયોગને લીધે રાધાને થયેલ દુઃખના ભાવો દર્શાવતું મધુર ભજન સ્વામીએ ગાયું). રાધાએ દેહત્યાગ કર્યો તે પહેલાં શ્રીકૃષ્ણ તેની પાસે ગયા હતા અને આશીર્વાદ આપ્યા હતા. ભગવાન તો પોતાના ભક્તને માટે પોતાની જાત પણ અર્પણ કરવા તૈયાર હોય છે. ભગવાનના ભક્ત માટેના સમર્પણની તોલે કોઈ જ આવી ન શકે. જીવનના અંત કાળે શ્રીકૃષ્ણ રાધાની છેલ્લી ઇચ્છા જાણવા પૂછે છે. રાધાએ કહ્યું, “વ્હાલા, મારી અન્ય કોઈ જ ઇચ્છા નથી એક માત્ર મૃત્યુ પહેલાં વાંસળીના સૂર સાંભળવાની ઇચ્છા છે.

“હે કાના, મારું હૈયું ભરી દે ને એકવાર
પરમાનંદનું અમૃત નીતરતા શબ્દોથી ને સૂરોથી
તારી વાંસળીના સૂરે
તારી વાંસળીમાં વેદો ના ગાન સુણાય,
તારી વાંસળી વગાડ
હે મુકુંદા-તું ગા, મારા કાજે એકવાર તો ગા.
(તેલુગુ ગીત)

શ્રીકૃષ્ણે વાંસળી લીધી, સૂર છેડ્યા અને રાધાની આંખ મીંચાઈ ગઈ. અને પછી શ્રી કૃષ્ણે વાંસળી ફેંકી દીધી. ફરી ક્યારેય પણ વાંસળીના સૂર છેડ્યા નહીં. રાધાના આનંદ ખાતર શ્રી કૃષ્ણે વાંસળીનું સમર્પણ કર્યું.

આમ શ્રીકૃષ્ણની સર્વ પ્રવૃતિઓ-લીલાઓ ભક્તોના મનને રિઝવવા માટે જ હતી. ભક્તોના રક્ષણ કાજે પોતાની સર્વ શક્તિ શ્રી કૃષ્ણ ખરચતા હતા. ભાગવત કથાઓનું તાત્પર્ય સમજાય ત્યારે જ ભગવાન કૃષ્ણની દિવ્યતાનું દર્શન થાય.

મીરાંબાઈના જીવનમાં રાણાએ વિષ મિશ્રિત દૂધનો પ્યાલો મોકલ્યો, અને મીરાંએ તો પ્રથમ ભગવાન શ્રીકૃષ્ણને ધરાવ્યો. પરિણામે ભગવાને પોતે સઘળું ઝેર આરોગ્યું અને પોતાની ભક્ત મીરાં માટે માત્ર શુદ્ધ-પવિત્ર દૂધ રહેવા દીધું. જમતાં પહેલાં સર્વ ભોજન ભગવાનને ધરાવો તો સર્વ વાનગીઓ શુદ્ધ અને પવિત્ર થઈ જાય છે. (પ્રસાદ બની જાય છે.)

ગોપિકાઓ તો સાવ અભણ અને તદ્દન જ નિર્દોષ હતી. પરંતુ શ્રીકૃષ્ણ માટેનો તેમનો પ્રેમ તો શુદ્ધ-નિર્મળ હતો. નિત્ય વ્યવહારમાં તન પ્રવૃત્ત હોય તો પણ મન તો શ્રી કૃષ્ણમાં જ ગુંથાયેલું રહેતું. અને તેથી જ તેઓ શ્રીકૃષ્ણના અતૂટ, અવર્ણનીય, અસીમ પ્રેમના અધિકારી બન્યા હતા.

ભક્તોએ પણ ન્યાત, જાત, સંપ્રદાય કે ધર્મથી પર થઈને એકતાભાવ-સમભાવ કેળવવો જોઈએ. શ્રીકૃષ્ણ લીલાઓ તો રહસ્યમયી-વર્ણનાતીત હતી. સર્વ લોકો માટે સર્વ સ્વીકૃત તત્વ શ્રી કૃષ્ણ હતા. પ્રત્યેક માનવીના હૃદયમાં વાસ કરનાર-હૃદય નિવાસી હતા. ધર્મના કોઈ ભેદભાવને અવકાશ જ ન હતો. વિદ્યાર્થીઓએ ભારતની પ્રાચીન કથા અને ભવ્યતાને પુનઃસ્થાપિત કરવાનો દ્રઢ સંકલ્પ કરવો જોઈએ. વિશ્વભરમાં એકતાનો સંદેશ ફેલાવો.

**- ભગવાન શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પ્રવચનોનો અંશ**

# અવતારવાણી – રેતી પર એક સમીસાંજ

નવ વર્ષો પૂર્વે, નવેમ્બરના એક શાંત દિવસે, રેતી ઉપર એક સાંજે પ્રથમ વખત જ રોમાંચ અનુભવવા મળ્યો હતો. તે દિવસે ત્યાં જે લોકો એકઠાં થયા હતા તે બધાં એક ફર્લાંગ (એક માઈલનો આઠમો ભાગ એટલે કે ૨૨૦ વાર) દૂર આવેલી ચિત્રાવતી નદીની રેતી તરફ, બાબાની પાછળ પાછળ ગયા હતા. બાબા તેમના રૂમમાંથી સ્મિત સાથે ચારે બાજુ આનંદ ફેલાવતા, મજાક કરતા કે કંઈક પૃચ્છા કરતાં હોય તેમ નીચે આવ્યા. નાના સમુદાયની આગળ તેઓ ચાલતા હતા. રેતીમાં બેસવાની જગ્યા શોધતા શોધતા પગપાળા ચાલતા હતા અને આખરે અમે સૌ તેમની ગોળ ફરતે, એક બાજુ પુરુષો, બીજી બાજુએ મહિલાઓ અને તે બધાંની ગોળ ફરતે રમત રમતાં બાળકો સાથે રેતીમાં બેઠાં.

ભક્તોમાં મોટી ઉંમરવાળાઓને રેતીમાં પરિશ્રમથી ચાલવું પડતું હતું તે સૌ આવી રહ્યા બાદ તેમના સહિત અમે સૌ આરામથી બેસી ગયા. બધા શાંતિથી ગોઠવાઈ જતા સુધી પ્રતિક્ષા કરવી પડતી હોઈ, બાબાએ, સામાન્ય પ્રશ્નોના પ્રત્યુત્તરમાં કર્મ, ભક્તિ વિષય ઉપર પ્રવચન શરૂ કર્યું. તે પ્રવચન રોજિંદા જીવનમાંથી વણેલાં રસસભર ઉપદેશોવાળું, સાદી સીધી મધુર તેલુગુ ભાષામાં હતું. કર્મ વિનાની ભક્તિ, તેમણે કહ્યું હતું કે, "એક દિવાલ વિનાના પાયા જેવી છે. ભક્તિ વિનાનું કર્મ પાયા વિનાની દિવાલ જેવું છે. તેમણે કહ્યું હતું, "મારી દ્રષ્ટિએ, નાસ્તિક વ્યક્તિઓ છે જ નહીં; જેઓ ભગવાન હોવાનો ઈનકાર કરે છે તેઓનો પણ ભગવાન ત્યાગ કરતા નથી." બાબાએ કહ્યું હતું, " હું સર્વે (લોકો)નો સેવક છું." અને હું ખરેખર તેમના અમાપ પ્રેમથી રોમાંચિત થઈ ગયો હતો. " તમે મને કોઈ પણ નામથી બોલાવી શકો છો, હું ગુસ્સે થયા વિના પ્રતિભાવ આપીશ કારણ કે સર્વે નામો મારા જ છે ! અથવા તો મારૂં કોઈ નામ છે જ નહીં." પુનર્જન્મ, પ્રણવ, વૈરાગ્ય વિષે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને દરેક પ્રશ્ન માટે તુરંત અને સંતોષકારક જવાબો હતા.

ત્યાર બાદ, બાબાએ ભગવાનના ગુણાનુવાદ ગાતાં ભજનો કે જે શિખાઉ માટેના આધ્યાત્મિક સલાહ સાથે સંતૃપ્ત હતા એવા ભજનો અમને શીખવાડ્યા હતા. પછી પુનઃ પ્રવચન શરૂ થયું, આ વખતે પ્રવચન શિરડી અને "મારા પૂર્વ શરીર" ની જાણકારી માટે આવેલા ભક્તોની બાબતો આસપાસનું હતું તથા શિરડી સાઈબાબાના વર્તમાનમાં મળતા ફોટાઓ બનાવટી-નકલી હોવાનું કહ્યું હતું અને આમ ઉચ્ચારણ કરતાં કરતાં તેમણે રેતીમાં આંગળીઓથી ખોદવા માંડયું અને તેમના હાથમાં એક તસવીર હતી જે અમને બધાંને 'શિરડી સાઈ બાબાની અધિકૃત છબી' હોવાની બતાવી હતી. તે સમયે વાતચીતનો દોર આગળ ચાલતો રહ્યો- બાબા દત્તાત્રેયનો અવતાર છે તે વિષે- અને તેવામાં જ, રેતીમાં થોડું ખોદીને, જુઓ તો ખરાં ! ત્રિમૂર્તિમાં એકતાનું પ્રતીક સમી દત્તાત્રેયની એક સુંદર ધાતુની મૂર્તિ બહાર કાઢી હતી ! તેમણે ઘોષણા કરી હતી કે આ મૂર્તિ પૂજા-અર્ચના માટે ભક્તને આપવામાં આવશે અને અમને બધાંને એવી લાગણી ઊભરી આવેલી કે બાબા પાસેથી આવી અલૌકિક બક્ષિસ પ્રાપ્ત કરનારો ભક્ત કેટલો કૃપાન્વિત હશે ! અત્યંત રોમાંચિત થઈ જતાં એકેએક વ્યક્તિ ભગવાનની નિકટ આવી. સ્વામીને થયું કે દરેકને કંઈકને કંઈક તેમના હસ્ત દ્વારા મળવું જ જોઈએ. તેથી, તેમણે રેતીમાંથી ખડીસાકરનો એક ચોસલો બહાર કાઢયો. વળી, તેમણે હસ્તમાં ખોબા જેટલી રેતી લઈને એક પ્લેટ હાથ ઉપર મૂકવા માંડી તો તે પવિત્ર વિભૂતિમાં પરિવર્તિત થઈ ગઈ જે બધાંને આપવા માટેની હતી. આ તમામ બાબતો નિહાળીને હું બાબાની મરજી-સંકલ્પશક્તિ-ની સર્વોપરીતા તથા તેમના સર્વગ્રાહી પ્રેમ અને જ્ઞાનથી દિગ્મૂઢ થઈ ગયો હતો. અંતમાં, જ્યારે અમે ઊભાં થયા અને મંદિર સુધી તેમની પાછળ પાછળ ગયાં ત્યારે હું એક તદ્દન પરિવર્તિત-બદલાયેલી-વ્યક્તિ બની ગયો હતો.

**'સનાતન સારથિ'ના માર્ચ ૧૯૫૮ ના અંકમાં પ્રસિદ્ધ થયેલા શ્રી. એન. કસ્તુરીના લેખમાંથી.**

To Hislop.

12.11.71.
9 A.M.



To try to meditate, to try to become quiet, to try to relax. Keep trying. Every positive effort that you make is not in vain. Every single brick added to a temple made of bricks brings that temple closer to completion. So keep trying and one day all of a sudden you will pierce the lower realms of your mind and enter into contemplation and you will be able to say: "yes, I know, I have seen, now I know fully the path that I am on". Keep trying. You have to start somewhere. The self you cannot speak of, you can only try to think about it. If you care to, in one way: feel your mind, body and emotions, and know.

With Blessings
Baba

## સ્વામીનો પત્ર

તા.૧૨/૧૧/૧૯૭૧
સવારે ૦૯.૦૦ વાગે

પ્રતિ,
હિસ્લોપ

ધ્યાન કરવાનો પ્રયત્ન કરવો, શાંત થવાનો પ્રયત્ન કરવો, વધુ સાહજિક બનવા પ્રયત્ન કરવો. શરૂ કરેલો હકારાત્મક પ્રયત્ન ક્યારેય વ્યર્થ જશે નહીં. ઈંટોથી બનાવવામાં આવતા મંદિરમાં મૂકવામાં આવતી પ્રત્યેક ઈંટ, મંદિરને પૂર્ણતાની વધુ નજીક લાવી દે છે તેથી પ્રયત્ન અવિરત ચાલુ રાખો અને એક દિવસ અચાનક તમે મનનાં નાનના ક્ષેત્રને વિંધીને પ્રશાંતિના પ્રદેશમાં પ્રવેશી જશો અને કહી શકશો કે "હા હું જાણુ છું. મેં જોયો છે. હું પૂર્ણ પણે એ માર્ગ જાણુ છું જેના પર હું ચાલી રહ્યો છું."

પ્રયત્ન ચાલુ જ રાખો. ક્યાંકથી તો તમારે શરૂઆત કરવી જ પડશે. તમારા પોતાના માટે તમે બોલી નહીં શકો પરંતુ તેને વિશે પ્રયત્ન કરવાથી જરૂર વિચારી શકશો. જો તમે થોડી વધારે કાળજી લેશો તો તમારા મન, શરીર અને લાગણીઓને ઉત્કટ રીતે અનુભવી શકશો અને પૂર્ણ પણે જાણી શકશો.

- આશીર્વાદ સહ
સાંઈબાબા

Publication Date : 20/08/2021

**સનાતન સારથિ**

Date of Posting 20th every month
Validity of Licence 31/12/2023

RNI Regd. No. : 64353 / 96
P.O. Regd. No. VDR-E/359/2021-2023

Annual Subscription Rs. 100/- PER YEAR
NUMBERING OF PAGES - 36

Place of Posting - Vadodara (H.O.)



## આધ્યાત્મિક અનુશાસનથી પરમ આનંદ મેળવો

તમારે તમારી દરેક ક્ષણને, ઉપયોગ-લાભપ્રદ એવી પ્રવૃત્તિઓમાં કેવી રીતે વાપરવી જોઈએ તે, મારા પોતાના દ્રષ્ટાંતો દ્વારા હું બતાવું છું.

તમે અંદરો-અંદર વાતો કરતા હોવ છો, "અરે, સ્વામીનો આ આરામનો સમય છે. સ્વામી સૂતા છે." પરંતુ, હું ક્યારેય એક મિનિટના આરામ માટે કે સૂવા માટે કે રાહત માટે ઝંખતો નથી. બોલો, હું તમને કહું કે મને ક્યારે આરામ મળે છે-છુટકારો મળે છે- અને સંતોષ અનુભવાય છે?

**જ્યારે મને એવી જાણ થાય છે કે તમે બધા, અનાસક્તિ દ્વારા અને આધ્યાત્મિક અનુશાસન થકી પરમ આનંદ મેળવી રહ્યા છો ત્યારે જ, ત્યાં સુધી નહીં.**

**-ભગવાન શ્રી સત્ય સાઈબાબા**

પોસ્ટ
સ્ટેમ્પ

**કાર્યાલય : સનાતન સારથિ**
સતીશ એન. બોઝીક
"સાઈ આશિષ" એ-૫, કોમ્પ્લેક્સ સોસાયટી,
સાઈ મોહલી પાસે, માંજલપુર, વડોદરા - ૩૯૦ ૦૧૧.
મો.: ૯૮૨૧૬ ૧૯૯૫૩

**મુદ્રક : શ્રેતાલ ગ્રાફિક્સ**
શાંતિ ચેમ્બર્સ, પ્રતાપનગર રોડ, વડોદરા.